શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિગ્રંથમાળા ગ્રન્થાઙ્ક. ૮૪

શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય યોગનિષ્ઠ

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ વિરચિત.

श्री आत्मशक्तिप्रकाश ग्रंथ.



માણસાનિવાસી શા વાડીલાલ ગલાલજીની દ્રવ્ય સહાયથી

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ

હા. વકીલ મોહનલાલ હીમચંદ. મુ. પાદરા



પ્રથમાવૃત્તિ　　પ્રતિ ૧૦૦૦.

ઈસ ૧૯૨૫　　વિક્રમ સં ૧૯૮૧



અમદાવાદ ધી ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું



મૂલ્ય ૦-૪-૦.

નિવેદન.

શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ દ્વારા પ્રકટ થતી શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરિ ગ્રંથમાળાના ૮૪ મા મણકા તરીકે શ્રી આત્મશક્તિપ્રકાશ ગ્રંથ પ્રકટ કરી આત્મતત્ત્વ જીજ્ઞાસુ એના કરકમળમાં આ ગ્રન્થ અર્પણ કરતાં અમને આનંદ થાય છે

પ્રાતઃસ્મરણીય સદ્ગુરૂ મહારાજ શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરિજી પોતે ઉત્તમ કોટિના જ્ઞાની આત્માર્થી પુરૂષ છે તેમની આત્મજ્ઞાન રમણતાથી રગરગથી કેળવણીથી ઓળખાયલો આત્મ જ્ઞાનની ચર્ચા કરનારો આત્મોપયોગી અનુરૂપ સૂર્ય આત્મ જ્ઞાનીઓના હૃદયરૂપી કમળોને વિકસાવનાર થયો છે એમાં ઉંડા નથી આત્માના સત્ય સ્વરૂપની, ધ્યાન સમાધિ તથા યોગની મહત્તાની તથા આત્મા પરમાત્માની એકતાની ઉત્કૃષ્ટ ચર્ચા-વાળો આ ગ્રંથ એ ગુરૂ મહારાજના હૃદયની વાનગી જ છે અને આત્માર્થીજનો તેના વાચન તથા અભ્યાસથી પોતાના આત્માને વધુ ઉજ્વળ બનાવી આત્મ કલ્યાણ સાધી શકશે અને એ મહાન્ લાભ પ્રત્યેક આત્મ હિતેચ્છુઓ પામો એ અભ્યર્થના છે

ધન્યવાદ.

આ ગ્રંથ છપાવવામાં માણસાના શેઠ વાડીલાલ ચુનીલાલજી તરફથી તેમના સુપુત્ર જીવરામભાઈની ધર્મપત્ની માણેક બ્હેનના સ્મરણાર્થે શેઠ વાડીલાલ છગનલાલે રૂ. ૨૫૧) આપ્યાં છે તે બદલ તેમનો આભાર માનવામાં આવે છે.

પાદરા. } અ૦ જ્ઞા૦ પ્ર૦ મંડળ.
વસંતપંચમી ૧૯૮૧. } વકીલ મોહનલાલ હિમચંદ.


શેઠ વાડીલાલ ગવાલજીની પુત્રની પત્ની
" શ્રાવિકાબાઈ માણેકબાઈનું જીવનચરિત. "

માણસાના પોરવા માર શે૦ શ્રાવક શા વાડીનાન ગુનાલજીના પુત્ર શે ઉવનલાનના પત્ની શ્રાવિકાબાઈ માણેકમેને માણસાના માર શ્રાવક ના અમથાનાન હીગચંદને ત્યા જન્મ લીધો હતો વિસ ૧૯૪૨ લગભગમા તેમનો શ્રાવિકા બેનકોરના પેટે જ મ થયે હતો તેમનુ પંદર વર્ષની ઉમરે લગ્ન થતુ હત વિસ ૧૯૭૪ ના માગશર વદિ તેરસે તેમણે દેહનો ત્યાગ કર્યો હતો તેઓ જૈનધર્મના પૂર્ણ શ્રદ્ધાળુ હતા જૈનધર્મી સાધુ સ ધ્વીની સેવા કરવામા તનમન ધનથી આત્મભોગ આપતા હન જૈનધર્મના પુસ્તકો છપાવવામા તેમણે પોતાના જીવનકાળમા પ] સારી મદદ કરી છે તેમના ભા૦ માવજીનાન અમથાલાન તથા તેમના ભત્રીજા પોપટનાન વગેરે સગા વ્હાલાને તે સારી રીને ચાહતા હતા અને નસીબે તેમને સારી શિખ મણો આપીને પોતાની

બેન તરીકેની ફર્જ બજાવતાં હતાં. ગુરૂ મહારાજ આચાર્ય શ્રી બુદ્ધિસાગરજીસૂરિ વગેરેની સેવા ભક્તિમાં તથા ઔષધ વગેરેથી ગુરૂભક્તિમાં ધન વ્યય કરીને પોતાના ધનની સાર્થકતા કરતા હતા. તેમણે આચાર્ય ગુરૂ મહારાજ બુદ્ધિસાગર સૂરિનાં અનેક ધર્મ વ્યાખ્યાનો સાભળ્યાં હોવાથી તેમનું મૃત્યુ સમાધિ પૂર્વક થયું હતુ, તેમણે સાધ્વીજી હરખશ્રીજી, સુમતિશ્રીજી લાભશ્રીજી, અમૃતશ્રીજી વગેરે સાધ્વીઓની સેવા ભક્તિમા અગ્રગણ્ય ભાગ લીધો હતો. પ્રતિક્રમણ, સામાયિક, વ્રત, પૂજા વગેરે ધર્મકાર્યોમા તેઓ શ્રાવિકા તરીકે ધાર્મિક જીવન ગાળતા હતાં, તેણીએ વિ સં. ૧૯૬૨ મા અષાડ સુદિ આઠમે એક જશી નામે પુત્રીનો જન્મ આપ્યો છે. તે જશીએ વ્યાવહારિક કેળવણી તથા ધાર્મિક કેળવણી લીધી છે અને તેણીનું લગ્ન વિ. ૧૯૭૯ના માગશર માસમા માણસાના શ્રાવક શેઠ વાડીલાલ છગનલાલ સાથે થયુ છે. બન્નેનુ જૈનધર્મ આરાધન કરવામાં શ્રદ્ધા-ભક્તિવાળું જીવન છે. એ પ્રમાણે તેમની પાછળ જશી

શ્રાવિકા પણ પોતાની માતાનુ ધાર્મિક જીવન અનુસરીને ભવિષ્યમા ઉત્તમ શ્રાવિકા થશે એમ ઇચ્છવામા આવે છે. શેઠ વાડીલાલ છગનલાલે તેમની પત્નીની સલાહે આ પુસ્તક છપાવવામા રૂપૈયા ૨૫૧) ની મદત કરી છે માણેકબેને સાધુ સાધ્વીઓની સેવાભક્તિમા અમુક રકમ મરતી વખતે કાઢી છે, તેમાથી સાધુ સાધ્વીઓની સેવા ભક્તિ કરવામા આવે છે પંડિતના પગાર તથા આવા પુસ્તકો છપાવવામા પણ તેમાથી મદત કરવામા આવે છે તેથી શ્રાવિકા માણેકબેને પોતાની પાછળ સાધુ સાધ્વીની સેવા ભક્તિની જેવી સારી વ્યવસ્થા કરી છે તેનુ શિક્ષણ અન્યોને પણ લેવા જેવુ છે

“ અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ. ”
વિ સં ૧૯૮૧ માઘ સુદિ ૧૨



પ્રસ્તાવના.



વિ સં. ૧૯૬૨મા ચૈત્રમાસમા અમારા ગુરૂ મહારાજ શ્રી સુખસાગરજી મહારાજ સાહેબ સાથે પેથાપુર જવાનું થયુ હતું, વિ સ ૧૯૬૧ ના વૈશાખમાસમા અમારા ઉપ દેશથી પેથાપુરમા જૈનપ્રાંતિક કોન્ફરન્સ ભરાઈ હતી અને તે વખતે શેઠ લાલભાઈ દલપતભાઈ તથા ગુલાબચંદ ઢઢ્ઢા, શે' જમનાદાસ ભગુભાઈ વગેરે આવ્યા હતા પેથાપુરમા ૧૯૬૨ મા અમો ગયા તે વખતે સાધ્વીજી રત્નશ્રીજી ઘણા માન હતા તેમણે ગુરૂ મહારાજશ્રી રવિસાગરજી મહારાજ પાસે દીક્ષા લીધી હતી રત્નશ્રીજી ત્યાગી વૈરાગી ઉત્તમ આરાધક સાધ્વી હતા. તેમણે ચૈત્રસુદિમા પેથાપુરમા દેહોત્સર્ગ કર્યો. તેમની સાથે હરખશ્રીજી સાધ્વી હતા તે પણ સાધ્વીના અનેક ગુણોએ યુક્ત ઉત્તમ સાધ્વી હતા તેમણે અમદાવાદમા વિ સ ૧૯૬૭ મા દેહોત્સર્ગ કર્યો પેથાપુરમા શ્રી નેમિસાગરજી મહારાજે સત્યસાધુધર્મનો આદર્શ જણાવ્યો અને ત્યારથી સાગર શ્રાવકસંઘની સ્થાપના થઇ અને ગુરૂ મહારાજશ્રી રવિસાગરજી મહારાજે સાગરસંઘની

ક્તિ પ્રકાશ વિગેરે ગ્રથો લખવાની સ્ફુરણા તથા પ્રવૃત્તિ ચાલુ હતી આત્મશક્તિ પ્રકાશમા જૈનશાસ્ત્રોના વિરૂદ્ધ કંઇ પણ લખાયુ હોય તો ગીતાર્થ સૂરિયો વિગેરે ભૂલચૂકની શુદ્ધિ કરે, એવી પ્રાર્થના છે, તેમજ ભૂલ માટે શ્રી સઘ પાસે મારી માગુ છુ પેથાપુરમા વિક્રમસવત્ ૧૯૬૫ તથા ૧૯૬૮ તથા ૧૯૭૦ મા શેરકાગામા જવાનુ થયુ હતુ તથા ૧૯૬૪ જવાનુ થયુ હતું તેમજ વિક્રમ સ ૧૯૭૧નુ તથા મ ૧૯૭૩ નુ તથા સ ૧૯૮૦ નું ચોમાસુ પેથાપુરમા ર્યુ વિક્રમ સ ૧૯૭૧ના ચામાસા સુધીમા સાગરગચ્છમા મે ત. પડેના રહ્યા હતા તે દૂર કર્યા અને ઉપાશ્રય સબધી એક કમીટી નીમાઇ, તેની મારફત ઉપાશ્રયનો વહીવટ શરૂ થયો શેઠ વર્ધમાનભાઈ તથા શેઠ જેઠાભાઇ તથા હકમચદ સૂરચદ તથા શેઠ ઝવેરભાઇ તથા ગોવરધન પારેખ વિગેરે શ્રી રવિસાગર મહારાજના વખતમા ઉપાશ્રયમા આગેવાન ભક્ત શ્રાવકો ગણાતા હતા હાલમા શેઠ નાનચદ ફતેચદ શા કેશવલાલ મનસુખ, વકીલ નગીનદાસ તથા શા માણેકચદ ફતેચદ, શા માણેકચદ ગોવરધન, રણછોડભાઈ કારભારી, શા ચીમનલાલ સાક ળચદ ગાધી હનસુખભાઈ ગવચદ, શા મણીલાલ હીરાચદ.

કારભારી હઠીસંગ તથા સ્વરૂપચંદ હાથી શેઠ તથા ચુનીલાલ તથા સરકાર કેશવલાલભાઇ તથા શેઠ મણિલાલ ભીખાભાઈ કોલાપુરવાળા તથા ગાંધી દલસુખભાઇ તથા શેઠ ભીખાભાઇ દોલતરામ તથા શા. મોતીલાલ પાનાચંદ, તથા રમણીકલાલ ડાહ્યાભાઇ તથા હીમતલાલ હઠીસંગ, લાલભાઇ માણેકચંદ તથા શેઠ ફકીરભાઇ છનાલાલ તથા વૈદ્ય ચંદુલાલ મગનલાલ તથા વાડીલાલ લલુભાઇ તથા પ્રભુદાસ મોતીરામ તથા શા. મોહનલાલ હાથી. સકરચંદ હકમચંદ વિગેરે સાગરગચ્છના શ્રાવકો ઉપાશ્રયમાં પધારનાર સાધુઓની તથા સાધ્વીઓની સારી સેવા ચાકરી કરે છે. વિ૦ સં. ૧૯૮૦ માં અમોએ પેથાપુરમાં ચોમાસું કર્યું ત્યારે ત્યાંના શ્રાવકોએ સાધુઓની સેવાભક્તિમાં સારો ભાગ લીધો હતો. તથા વિક્રમ સં. ૧૯૭૩ ની સાલમાં સાગરગચ્છ અને વિમળગચ્છના શ્રાવકોને પરસ્પર ઉપાશ્રય સંબંધી તકરાર ચાલતી હતી તેનો નિવેડો પણ બંને ગચ્છના શ્રાવકોએ આ સાલમાં અમારા ઉપદેશથી પરસ્પર સંપીને હાલતો કરી દીધો છે. વિમળગચ્છના શ્રાવકો પૈકી આગેવાન શેઠ શકરચંદ બલાખીદાસ, શેઠ મનસુખભાઇ રવચંદ, વકીલ ડાહ્યાભાઇ હકમચંદ તથા વકીલ જેસંગભાઇ તથા શેઠ

રવરૂપચંદ પુનમચંદ તથા શેઠ ચકાભાઈ તથા શેઠ મોહનલાલ દ
તથા પારેખ અમથાલાલ વિગેરેએ સાગરગચ્છ સંઘની સાથે
સંપ કરવામાં આગેવાની ભર્યો સારો ભાગ લીધો હતો અને
તેથી પેથાપુરના બન્ને ગચ્છમાં ચાલતી તકરારનો અંત આવ્યો
છે અને દેરાસરમાં બન્ને પક્ષના મેમ્બરો નિમાયા છે અને
બન્ને પક્ષના શ્રાવકોએ દેરાસરનું તથા પાંજરાપોળનું કામ
ચલાવવા માંડ્યું છે પેથાપુરમાં અમને ચોમાસામાં તથા શેષ-
કાળમાં ઘણી નિવૃત્તિ મળી અને તેથી આત્મશક્તિ પ્રકાશ
તથા બીજા ગ્રંથો પણ ત્યાં લખાયા છે. આત્મશક્તિ પ્ર-
કાશમાં જે કંઇ ભૂલચૂક હોય તે સંબંધી વિદ્વાનોની સૂચના
આવશે તો તેની તૃતીયા આવૃત્તિમાં સુધારો વધારો કરવામાં
આવશે. આ પુસ્તકની પ્રથમાવૃત્તિ ખલાસ થઇ જતાં તેની
ઘણી માગણી થવાથી દ્વિતીયાવૃત્તિ બહાર પાડવામાં આવી છે.

વિક્રમ સંવત્ ૧૯૮૧ પોષ સુદિ ૧૦ વાર બુધ.

લેખક. બુદ્ધિસાગર

મુ. લોદરા.

शुद्धिपत्रकम्.

અશુદ્ધિ. પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધિ.	શુદ્ધિ.
૪	૧૯	શાક્ત	શક્તિમાન્
૫	૧૮	વ્યાહારિક	વ્યાવહારિક
૩૩	૮	સ્ત્ર.	સહસ્ત્ર
૬૨	૧૯	પરથી	પદથી
૭૦	૨	શિક્ષા	શિક્ષા
૭૪	૩	ભાતૃભાવ	ભ્રાતૃભાવ
૭૪	૧૫	”	”
૭૫	૧૩	ભાતૃભાવ	ભ્રાતૃભાવ
૭૭	૧	”	”
૭૯	૧૦	”	”
૮૦	૫૮	”	”
૮૮	૬	अमिनिविष्टा	अभिनिविष्टा
૮૯	૧૯	ચેતન્ય	ચૈતન્ય
૯૧	૧૬	જીવાયોનિ	જીવયોનિ

८२	१	અનાદિમ	અનાદિ
८५	११	શ્રોતેંદ્રિય	શ્રોત્રેન્દ્રિય
९६	१	શક્તિશુ	શક્તિશુ
९९	१२	નિધાર	નિધાર
१११	४	પણુ	०
१११	१६	પોતાતુ	પોતાનું
११८	१८	ભાવધર્મ	ભાવધર્મ
१२०	१	સઘ	સઘ
१२३	८	પૂવક	પૂર્વક
१२४	५	ર્મિ	ર્મિ
१२५	१५	શ્રેષ્ટતા	શ્રેષ્ઠતા



શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ તરફથી
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીગ્રન્થમાળામાં
પ્રગટ થયેલા ગ્રન્થો.

ગ્રથાંક		પૃષ્ઠ	કિંમત.
	૧ કે. ભજન સંગ્રહ ભાગ ૧ લો.	૨૦૦	૦—૮—૦
*	૧ અધ્યાત્મ વ્યાખ્યાનમાળા.	૨૦૬	૦—૪—૦
*	૨ ભજનસંગ્રહ ભાગ ૨ જો.	૩૩૬	૦—૮—૦
*	૩ ભજનસંગ્રહ ભાગ ૩ જો.	૨૧૫	૦—૮—૦
*	૪ સમાધિશતકમ્,	૬૧૨	૦—૮—૦
	૫ અનુભવપચ્ચિશી.	૨૪૮	૦—૮—૦
	૬ આત્મપ્રદીપ.	૩૧૬	૦—૮—૦
*	૭ ભજનસંગ્રહ ભાગ ૪ થો.	૩૦૪	૦—૮—૦
	૮ પરમાત્મદર્શન,	૪૦૦	૦—૧૨—૦
*	૧૦ તત્ત્વબિંદુ.	૫૦૦	૦—૧૨—૦
*	૧૧ ગુણાનુરાગ. (આવૃત્તિ બીજી)	૨૪	૦—૧—૦
*	૧૨-૧૩. ભજનસંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદીપિકા.	૧૧૦	૦—૬—૦
*	૧૪ તીર્થયાત્રાનું વિમાન (આ. બીજી)	૬૪	૦—૨—૦
*	૧૫ અધ્યાત્મભજનસંગ્રહ	૧૯૦	૦—૬—૦
*	૧૬ ગુરુબોધ.	૧૭૪	૯—૪—૦
*	૧૭ તત્ત્વજ્ઞાનદીપિકા	૧૨૪	૦—૬—૦

૧૮ ગહૂંલીસંગ્રહ ભા ૧	૧૧૨	૦—૩—૦
* ૧૯-૨૦ શ્રાવકધર્મસ્વરૂપ ભાગ ૧-૨ (આવૃત્તિ ત્રીજી)		૪૦-૪૦—૧—૦
* ૨૧ ભજનપદસંગ્રહ ભાગ ૬ ઠો	૨૦૮	૦—૧૨—૦
૨૨ વચનામૃત	૨૩૦	૦—૧૪—૦
૩૩ યોગદીપક	૩૦૮	૦—૧૪—૦
૨૪ જૈન ઐતિહાસિક રાસમાળા	૪૦૮	૧—૦—૦
૨૫ આનન્દઘનપદ ભાવાર્થ (૧૦૮) સંગ્રહ	૮૦૮	૨—૦—૦
* ૨૬ અધ્યાત્મશાન્તિ (આ બીજી)	૧૩૨	૦—૩—૦
૨૭ કાવ્યસંગ્રહ ભાગ ૭ મો	૧૫૪	૦—૮—૦
૨૮ જૈનધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ	૯૬	૦—૨—૦
* ૨૯ કુમારપાળ (હિંદી)	૨૮૭	૦—૬—૦
૩૦ થી ૩૪ સુખસાગર ગુરુગીતા	૩૦૦	૦—૪—૦
૩૫ ષડ્દ્રવ્યવિચાર	૨૪૦	૦—૪—૦
* ૩૬ વિજાપુરવૃત્તાંત	૯૦	૦—૪—૦
૩૭ સાબરમતીકાવ્ય.	૧૫૬	૦—૬—૦
૩૮ પ્રતિજ્ઞાપાલન.	૧૧૦	૦—૫—૦

૩૯-૪૦-૪૧ જૈનગચ્છમતપ્રબંધ, સંઘપ્રગતિ, જૈનગીતા.	૩૦૪	૧—૦—૦
૪૨ જૈનધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા. ૧		૧—૦—૦
૪૩ મિત્રમૈત્રી.		૦—૮—૦
૪૪ શિષ્યોપનિષદ્.	૪૮	૦—૨—૦
૪૫ જૈનોપનિષદ્.	૪૮	૦—૨—૦
૪૬-૪૭ ધાર્મિક ગદ્યસંગ્રહ તથા સદુપદેશ ભાગ ૧ લો.	૬૭૬	૩—૦—૦
૪૮ ભજનસંગ્રહ ભા. ૮	૬૭૬	૩—૦—૦
૪૯ શ્રીમદ્ દેવચંદ્ર ભા. ૧	૧૦૨૮	૨—૦—૦
૫૦ કર્મયોગ.	૧૦૧૨	૩—૦—૦
૫૧ આત્મતત્ત્વદર્શન	૧૨૨	૦—૧૦—૦
૫૨ ભારતસહકારશિક્ષણ કાવ્ય	૧૬૮	૦—૧૦—૦
૫૩ શ્રીમદ્ દેવચંદ્ર ભા. ૨	૧૨૦૦	૩—૮—૦
૫૪ ગહુંલી સંગ્રહ ભા. ૨	૧૩૦	૦—૪—૦
૫૫ કર્મપ્રકૃતિટીકાભાષાંતર	૮૦૦	૩—૦—૦
૫૬ ગુરુગીત ગુંહલીસંગ્રહ.	૧૯૦	૦—૧૨—૦
૫૭-૫૮ આગમસાર અને અધ્યાત્મગીતા.	૪૭૦	૦—૬—૦
૫૯ દેવવંદન સ્તુતિ સ્તવન સંગ્રહ.	૧૭૫	૦—૪—૦

૬૦ પૂજાસંગ્રહ ભા ૧ લા		
૬૧ ભજનપદસંગ્રહ ભા ૯	૪૧૬	૧—૦—૦
૬૨ ભજનપદસંગ્રહ ભા ૧૦	૫૮૦	૧—૮—૦
૬૩ પત્રસદુપદેશ ભા ૨	૨૦૦	૧—૦—૦
૬૪ ધાતુપ્રતિમાલેખ સંગ્રહ ભા ૨	૫૩૫	૧—૮—૦
૬૫ જૈનદૃષ્ટિએ ઇશાવાસ્યોપનિષદ્ ભાવાર્થવિવેચન	૨૪૭	૧—૦—૦
૬૬ પૂજાસંગ્રહ દ્વિતીયાવૃત્તિ તથા અન્યપૂજાઓ સહિત ભા ૨	૩૬૦	૧—૦—૦
૬૭ સ્નાત્રપૂજા	૧૦૦	૭—૦—૦
૬૮ શ્રીમદ્ દેવચંદ્રજી અને તેમનું જીવનચરિત્ર		૦—૨—૦
	૩૨	૦—૪—૦

સંસ્કૃત ગ્રન્થો.

૬૯ શુદ્ધોપયોગ		
૭૦ દયાગ્રન્થ	૧૫૬	૦—૧૨—૦
૭૧ શ્રેણિક સુબોધ		
૭૨ કૃષ્ણગીતા		
૭૩ સંઘકર્તવ્યગ્રન્થ		
૭૪ પ્રજાસમાજકર્તવ્યગ્રન્થ	૧૬૮	૦—૧૨—૦
૭૫ શોકવિનાશક		

૭૬ ચેટકબોધગ્રન્થ		
૭૭ સુદર્શનાસુબોધ.		
૭૮ લાલાલજપતરાય અને જૈનધર્મ	૧૦૦	૦—૪—૦
૭૯ ચિન્તામણિ	૧૨૦	૦—૪—૦
૮૦-૮૧ જૈનધર્મ અને ખ્રીસ્તિધર્મનો મુકાબલો તથા જૈનખ્રીસ્તિ સંવાદ	૨૨૦	૧—૦—૦
૮૨ સત્યસ્વરૂપ	૨૦૦	૦-૧૨—૦
૮૩ ધ્યાનવિચાર	૬૬	
૮૫ આત્મશક્તિપ્રકાશ	૧૪૦	૦—૪—૦
૮૬ સાંવત્સરિક ક્ષમાપના	૮૦	૦—૩—૦
૮૭ આત્મદર્શન (મણીચંદજી કૃત સઝાયોનું વિવેચન ૨૧)	૧૫૦	૦—૪—૦
૮૮ જૈનધાર્મિક શંકાસમાધાન	૫૫	૦—૨—૦
૮૯ કન્યાવિક્રયનિષેધ તથા બાલલગ્નનિષેધ	૨૨૦	૦—૮—૦
૯૦ આત્મશિક્ષાભાવનાપ્રકાશ	૧૧૫	૦—૭—૦

થોડા માસમાં બહાર પડનાર ગ્રન્થો.

૧ આત્મપ્રકાશ.
૨ તત્ત્વવિચાર.
૩ જૈન શ્વેતાંબર ગ્રંથનામાવલિ.
૪ શ્રી દેવચંદ્રજી નિર્વાણ રાસ અને જીવનચરિત્ર.

૫ મોટું વિજાપુર વૃત્તાન્ત
ઉ૦ યશોવિજયજી નિબંધ

સંસ્કૃત ગ્રન્થો.

૭ અધ્યાત્મગીતા
૮ આત્મસમાધિ શતક
૯ આત્મસ્વરૂપ
૧૦ જીવનપ્રમોદ
૧૧ પરમાત્મ દર્શન
૧૨ ભજન સંગ્રહ ભા ૧૧ મો

આ નીશાનીવાળા ગ્રંથો છપાએ નથી

પુસ્તકો મળવાના ઠેકાણા —
૧ વકીલ મોહનલાલ હીમચંદ પાદરા. (ગુજરાત)
૨ આત્મારામ ખેમચંદ સાણંદ (ઠે૦ અમદાવાદ)
૩ ભાખરીઆ મોહનલાલ નગીનદાસ ૧૮૭-૮૪, બજારગેટ સ્ટ્રીટ—મુંબઈ.
૪ શેઠ નગીનદાસ નથુભાઈ ભાખરીઆ મહેસાણા.
૫ શેઠ ચંદુલાલ ગોકળદાસ, વિજાપુર જૈનજ્ઞાનમંદિર
૬ બુકસેલર મેઘજી હીરજી પાયધુની—મુંબઈ.
૭ શા. રતિલાલ કેશવલાલ, મુ. પ્રાંતીજ.
૮ શ્રીમદ્ બુદ્ધિસાગર મંડળ, મુ. પેથાપુર.
સાગરગચ્છ ઉપાશ્રય

श्री आत्मशक्तिप्रकाशग्रंथ

ॐ अर्हम्.

मंगलम्

नत्वा जिनाधीशं पार्श्वं, पार्श्वयक्षेण पूजितम् ॥
आत्मशक्ति प्रकाशोऽयं, ग्रन्थो वितन्यतेमया ॥

સ્વસ્વરૂપથી અભિન્ન અનન્તગુણાધીશ સદ્ગુરૂ પરમાત્માને ઉપયોગ પૂર્વક માંગલ્ય પ્રસંગમાં મહસ્મરણ યજું છું, નમું છું સ્તવું છું, સ્મરૂં છું

જગતના પ્રેમી બંધુઓ તમને એક વસ્તુ જે તમારા હૃદયમાં વિદ્યમાન છે તેની પ્રાપ્તિ થઇ નથી ત્યાં સુધી તમો સત્યશાંતિ આનંદ મેળવી શકવાના નથી

જેની વિદ્યમાનતાએ તમો હાલી ચાલી શકો છો હરો છો, ખાઓ છો, પીવો છો, તે અમૂલ્ય વસ્તુ પ્રતિ જરા પણ લક્ષ તમે દીધું છે ? અને તેના પ્રતિ જરા પણ પ્રેમ કીધો છે ?

સર્વ જગતના જીવોને તે અમૂલ્ય અચિંત્ય ચિંતિ-

શક્તિમાનની ઓળખ કરાવવા, પ્રેમ જગાવવા, આમંત્રણ કરૂં છુ તે પ્રેમ ભાવથી સ્વીકારશો

તમો ચિંતાતુર છો શા માટે વૃથા દુઃખના વિચારોમા મનને પ્રેરો છો? આ આત્મવર્ગમા જોડાઓ ખરેખર અલ્પ સમયમા વિદ્યુતના પ્રકાશની પેઠે ચિંતા નષ્ટ થશે

તમે સંસારના દુઃખથી પીડા પામો છો હાય હાય કરો છો જે કોઇ મળે છે તેની આગળ પોતાના દુઃખના રડગા રુવો છો અને ગરીબ ગાય જેવુ દીન મુખ કરી નાખો છો શા માટે એ સર્વ કરો છો? તમો આત્મધર્મમા જોડાઓ આત્માને ઓળખો તેની નજીક જાઓ ખરેખર તેનાથી તમને અપૂર્વ શાન્તિ મળશે

રાજા કે રંક રોગી કે ભોગી, બાળ કે વૃદ્ધ સ્ત્રી વા પુરૂષ શત્રુ વા મિત્ર પૂજક વા નિંદક, સ્વજાતીય વા વિજાતીય જે કોઇ હવો પોતાનુ કલ્યાણ ઇચ્છે છે તે સર્વ આત્મવર્ગમાં જોડાઓ અને આત્મ બગીચાની નજીક આવતા તમો સર્વ સમાન સુખી, સમાન ધર્મી, સમાન શક્તિમાન, અને એક બીજાના ઉપર પ્રેમ દ્રષ્ટિથી જોનાર દેખાશો નક્કી સત્ય કહું છુ

પ્રેમી બન્ધુઓ ! તમારી વૃત્તિ જે જે પદાર્થોમા લાગી છે તે સર્વથી ખેચી લેઇ જરા આત્મશક્તિ તરફ આ નદ અર્થે વૃત્તિ વાળો, નક્કી તમો જે રૂપે છો ત્યા તમો આવી જશો

દુ ખનો નાશ કરવા અર્થે તથા સુખને પ્રાપ્ત કરવા અર્થે પ્રત્યેક મનુષ્યને આત્મ શ્રદ્ધા કેળવવાની ઘણી અગ ત્ય છે રક મનુષ્યની રકતાનુ દુખ, તેને ધન અર્પીને ટાળવા તમો પ્રયત્ન કરો છો તો તે દુખ ટળે છે ખરુ પણ તે થોડા કાળ પર્યંતજ ભૂખ્યાને ભોજન આપી તમે તૃપ્ત કરો છો તો તેની ક્ષુધાનુ દુખ ટળે છે ખરુ પણ તે એક ટકનુ કે એક દિવસનુજ, આત્મ શ્રદ્ધાથી રહિત અને દુ ખથી પીડિત રહેવાનો આમ હોવાથી ધનદાન, અન્ન દાન, વિગેરે પદાર્થોનું દાન અક્ષય સુખને માટે નથી પ રતુ દરેક મનુષ્યોના નિરતરના સર્વ પ્રકારના દુખો ગાળ નારી આત્મશ્રદ્ધાને પ્રગટાવનારૂ જે કામ છે, તેનુ દાનજ સર્વોત્તમ દાન છે એવુ દાન અર્પનાર પરમગુરૂને પુન પુન નમસ્કાર થાઓ

અમુક કામ તમે નહિ કરી શકો, એવુ ટાળીયા ભાગી નાખનાર વચન કોઇની આગળ બન્ધુઓ વદશો નહીં,

આત્મ શ્રદ્ધા પ્રગટાવવી એ મોટામા મોટુ દાન છે તો આત્મજ્ઞાન શ્રદ્ધાનો નાશ કરવો એ મોટામા મોટુ પાપ છે, જ્યા જાઓ, જેની સાથે બેસો જેની સાથે વાત કરો, ત્યા આત્મશ્રદ્ધાની પ્રગટતાના વચન વદો જેની સાથે સબંધ થાય તેને આત્મશ્રદ્ધા પ્રગટે એમ વાણી વ્યાપાર ચલાવો નક્કી તમે જગતનો ઉદ્ધાર એવી રીતે કરશો

આત્મસ્વરૂપની શોધ બહાર કરવાની નથી પણ પોતાનામા કરવાની છે પણ મનુષ્યોનો મોટો ભાગ દેહમા પોતે આત્માને શોધે છે કયારે ? દિવસના ચોવીસ કલાક માથી દશ બાર કલાક તો વ્યવહારમા ગાળે છે, અને વળી કેટલાક કલાક નિદ્રામા ગાળે છે કેટલોક સમય ઈશ્વર તીર્થના ગપ્પા હાંકવામા કાઢે છે અલ્પ સમય પણ આત્મિક વિચારમા જતો હોય તો ધન ભાગ્ય ! અહો કેવી ભૂલ થઇ છે પ્રેમી બધુઓ હવે તેવી વર્તણુક ગણશો નહીં

જો તીર્થંકરોના સૂત્રો ખરાં છે તો પછી મનુષ્યોએ સુખને શોધવા આત્માને છોડીને બીજા ઠેકાણે શા માટે ફાફા મારવા જોઇએ ? મનુષ્યમા આત્મા જો ન હોય તો તે શુ સપાદન કરવા શક્તિમાન થઇ શકે ? સુખ પ્રાપ્ત

કરવા માટે આત્માની શક્તિયોને જાગ્રત કરવા શિવાય મનુષ્યનુ અન્ય શું કર્તવ્ય છે, જો સતશાસ્ત્રો અને સત્ પુરુષોપર વિશ્વાસ છે તો આત્મજ્ઞાનના ઉપાયો મેવે તો શું તે તેનુ ખરૂ કર્તવ્ય નથી ?

આમ કરૂ તો હું મહા વિદ્વાન્ થાઉં, અમુક કળા કરૂ તો અમુક લાગવગમા ફાવી જાઉં, અમુક પાસે જાઉં તો અમુક વસ્તુ લેઇ આવુ, અને ફલાણે ઠેકાણે જાઉં તો ફલાણુ કાર્ય સિદ્ધ કરી આવુ, એવી પચ્ચાશહજાર ઇચ્છાઓ તમારા અંતકરણમા ઉદય થાય છે નહિ વારૂ ? અને તમારી ઇચ્છાનુસાર ઘણે પ્રસંગે પ્રયત્ન કરી જોતા છતા પણ અનંતજ્ઞાન અનંતશક્તિના મૂળમા તમોએ પ્રવેશ કર્યો નથી, અને અતૃપ્તિ અને અશાંતિની અગ્નિની મહાજ્વાલાઓ પ્રતિક્ષણે ચિંતારૂપ વાયુથી ભભુકા મારતી તમારૂ હૃદય બાળેછે, તેનો અનુભવ તમે નથી જોયો વારૂ તેમ છતા અંતરમા સુખ છે એ ભાન ભૂલી તમો કયા દોડ્યે નથી મારતા ? આ શું જણાવે છે કે તમને આત્મશ્રદ્ધા નથી

આત્મસ્વરૂપ પ્રતિ વળવુ **આત્મજ્ઞાન** પ્રાપ્ત કરવુ, અને **આત્મસ્વરૂપમા** રમવુ, એ વિના વ્યાવહારિક ના પારમાર્થિક સુખનો ઉદય નથી

૫૯ **આત્મસ્વરૂપ** પ્રતિ વળવુ શી રીતે ? આત્મ**જ્ઞાન પ્રાપ્ત કરવુ શી રીતે ?** તેના કઇ ઉપાયો કહેશો ? **આત્મજ્ઞાન** સુખનુ નિધાન છે એવુ સાભળી સાભળીને હમારા મન બહેર મારી ગયા છે સઘળા મહાત્માઓ કહે છે કે **આત્મજ્ઞાન** પ્રાપ્ત કરો પ્રાપ્ત કરો એમ ઊંચા હાથ કરી કરીને કહે છે અનેક ગ્રન્થોમા પણ તેમ લખાયુ છે પણ આ મહાનુ જ્ઞાન અમારા જેવાએ શી રીતે લેવુ તેનો કાઇ પણ ઉપાય બતાવે છે ?

ઉપાયમા કહેવુ પડશે કે—**મનની શાત અક્રિય અવસ્થા કરવી.**

શ્લોક

चित्तमेव हि संसारो, रागादिक्लेशवासितम् ॥
तथैवतैर्विनिर्मुक्त, भवात इति कथ्यते ॥ १ ॥

અક્રિય થઓ તમો પોતેજ પરમાત્મા છો એમ સ્વાનુભવથી જાણશો

મનની અક્રિય અવસ્થા કરવા માટે સાધનમાત્રનો ઉપયોગ છે તમને મન નકારે અર્થાત શરીરથી મનથી અક્રિય શાત થતા સ્થિર થતા આવડ્યું એટલે રાજાઓના

રાજા કેમ થવું તે કળા તમે સિદ્ધ કરી એમ નક્કી જાણવું. આ કળા સિદ્ધ કરવામાં સર્વ મુશ્કેલીઓ રહેલી છે.

તમને આ કળા સિદ્ધ કરવાની સાચી આતુરતા છે ? તેનો તમારા અંતઃકરણમાં વિશ્વાસ છે ? તે સંબંધી પ્રયત્ન કરવાને તમો કટિબદ્ધ થયા છો ?

તમારા આત્મસ્વરૂપનો તમારે અનુભવ કરવો છે ? તમને નિત્ય સંતાપ આપતાં અતૃપ્તિ અને અસંતોષનો તમારે તિરસ્કાર કરવો છે ? અન્યજનોની પરતંત્રના ત્યજીને સ્વતંત્ર સ્વાત્માલંબી થવાની તમારી ઇચ્છા છે ? પ્રયત્ન માટે જે સમયનો ભોગ આપવો પડે તે આપવા ઉત્સાહ મજબુત ધરાવોછો ? અધૈર્યપણું છોડીને ફળની આશાએ ધૈર્ય ધરવાની પ્રતિજ્ઞા તમો કરો છો ? કાલથી પ્રયત્ન કરીશું એવા દરીદ્રીના વાયદા છોડી દેઇ આજથીજ પ્રયત્ન કરવાને તમે સાવધાન થયા છો ? જો હા તો લક્ષપૂર્વક શ્રવણ કરો.

પ્રાતઃકાળે નિત્ય તમે ઉઠતા હો તે કરતાં અર્ધો કલાક વા કલાક વહેલા ઉઠો. તમારી નિત્યક્રિયાઓ શાંતથી કરો. પછી આત્મસ્વરૂપનું અર્ધો કલાક વા કલાક સંશોધન કરવાના નિશ્ચયથી એકાંત સ્થાનમાં પ્રવેશો. તમારા આત્મિક

પ્રયત્નમા તમને કોઇ વિક્ષેપ પાડે નહી તેમ પ્રથમથી સગવડ કરી રાખો કોઈ ગમે તેવા અગત્યના કામ માટે મળવા આવે તો પણ તેને મળશો નહિ

જે સ્થાનમા તમો બેસો તે સ્થાન સ્વચ્છ હવાવાળુ રાખજો, અન્યજનોના શબ્દો સભળાય નહી તેવી સગવડ કરજો દશાગધૂપ વિગેરે કરજો પશ્ચાત્ બીછાનુ ગરમ વા પરજો હ યમા ઉત્સાહની જાગૃતિ કરી સદ્ગુરુનું કેટલીક વખત સુધી સ્મરણ કરી પચાગનમસ્કાર મનોદ્વારા કરજો હવે તમે તમારા આત્માપ્રતિ વૃત્તિ દોરજો, આત્મસ્વરૂપનો અનુભવ સર્વથા પ્રકારે અક્રિય થવાથી થાયછે, અને સર્વથા પ્રકારે શરીર ઇન્દ્રિયો અને મનને ક્રિયારહિત સ્થિર કરતા સ્થિર થતા મનમા વિચારો જુદા જુદા સપાસપ પ્રવેશ કરશે તેને આત્મપ્રતિ લક્ષ દેઇ વારજો જ્યારે તમે શરીરને કોઇ પણ ક્રિયા કરવા દેતા નથી પણ તેને એકજ સ્થિતિમા લાવો સમય પડી રહેવા દોછો, ત્યારે ઇદ્રિયો તથા મન આપોઆપ અર્ધ ક્રિયારહિત થઇ જાયછે એ તમે જાણતાજ હશો આથી શરીરને અક્રિય કરવા માટે **પદ્માસન વા સિદ્ધાસન** કે એવુ બીજુ કોઇ આસન યોગનુ તમને અનુકૂળ લાગે તે કરજો શરૂ.

મકુ તગ ન ગખશો પણ સિદ્ધા ટગાર બેસના જતા શરીરના સર્વ ગાત્રને શિથિલ કરજો કારણ કે શરીરની શિથિલ અવસ્થામા શરીરને વિશ્રાતિ મળે છે, આસન વાળીને પૂર્વાભિમુખ વા ઉત્તરાભિમુખ બેસજો શરીરની ક્રિયામાત્રથી રહિત થજો એક પણ અવયવને હલાવશો નહિ નેત્રની દ્રષ્ટિને બે ભ્રૂની મધ્યમા સ્થાપજો

એટલે ઉંચા નેત્ર ન જાય તો સહજ ઉચી ભ્રપતિ દૃષ્ટિ સ્થાપજો પછી આખના પલકારા મારવા છોડી દેજો શરીરને કેવલ ક્રિયા રહિત કરવાનુ છે માટે એ બાબતને પુન પુન યાદ કરાવવામા આવે છે ઉધરસ ખાવી બગા સા ખાવા, મો ઉપર માખી આવે તો તેને હાથવતે ઉડા ડવી, એ વિગેરે શરીરની ક્રિયાઓ થોડી થોડી પણ ચાલતી રહે છે ત્યા સુધી શરીર ક્રિયા વગરનુ થતુ નથી અને પરિણામે શાત અક્રિય અવસ્થા આપણે સાધવાની છે તે સધાતી નથી માટે એક નાની અગુલી પણ હલાવતા સાવધાન રહેજો થોડીવાર એક દૃષ્ટિએ ભ્રૂમધ્યમા જોઈ રહ્યા પછી નેત્રને શ્રમ જણાય એટલે ધીરેથી નેત્રને બધ કરજો અને લક્ષ ત્રિપુટીમા સ્થિર ચિત્તથી રાખો કોઇ પણ વસ્તુની યાદી આવે નહીં તેમ કરો વળી ચિત્ત વારવાર

ડગાવશો નહીં, ત્રિપુટીમા એક સંખ્યા ત્રણ કલાક સુધી દૃષ્ટિ સ્થિર થતા પ્રથમ અનેક રંગના ભૂત પ્રતિભાસશે વળી આગળ વધતા અનેક રંગના ગોળા દેખાશે પણ તેમા ચિત્ત જોવા પ્રેરશો નહીં હો ચિત્ત તો પોતાના લક્ષમા ને લક્ષમા રાખશો ત્રિપુટીના મધ્ય ભાગમા ઝમઝમ થતુ તમને દેખાશે આસપાસની નસો આકર્ષાશે પ્રાણ ઉપર ચડવા પ્રયત્ન કરશે નાસિકામાથી શ્વાસોશ્વાસ ધીરે ધીરે વહેશે પ્રાણવાયુ કેટલીક વખત તો એમ લાગશે કે જાણે બરાબર નીકળતોજ નથી જેમ જેમ ત્રિપુટીમા લક્ષ સ્થિર રહેશે તેમ તેમ સુખનો અનુભવ થશે તમે જાણે નવા સ્વરૂપમા આવ્યા છો એવુ જણાશે ઉત્સાહને વધારશો ત્રણ કલાક સુધીની લક્ષવૃત્તિ ત્રિપુટીમા રહે એ કઇ એક દિવસમા બનવાનું નથી કેરીનો ગોટલો વાવ્યો એટલે તુરત ને તુરત સાખીઆ ખાવા એવી બુદ્ધિ જો તમારી વર્તતી હોય તો આ માર્ગના તમે અધિકારી નથી પ્રતિદિન અભ્યાસ કરતા કરતા તમે મિનિટ બે મિનિટ વધવાના ટીટોડીના સાહસની પેઠે તમો સાહસ મૂકશો નહીં તમારી આગળ એ નાટકનુ માહાત્મ્ય અને તેનો અનુભવ હાથ હું જાણતા છતા પણ મૂકવાનો નથી કારણ કે મારો

અંતરાત્મા તે સ્વરૂપ લખી દેવાની ના કહે છે એ સ્વ-
રૂપની વાર્તા તો શિષ્યની યોગ્યતા પ્રમાણે કહેવાય છે અને
યોગ્યતા થઇ છે, તેને હવે દેશકાળ ભાવથી કેટલા સાધન
પ્રાપ્ત કરાવવા જોઇએ તે ગુરૂના હાથમા વાત છે ગુરૂવિના
પોતાની મેળે જે સાહસ ઉપાવે છે તે ખરૂ તત્વનુ રહસ્ય પામી
શકતા નથી અને ઉલટા ભ્રષ્ટ થાય છે, હવે આ વાત અહીંથી
રહેવા દેઇ તમને હવે તમને કરવા લાયક મનૂક્રિયા જણાવુ
છુ પૂર્વોક્તરીત્યા ભ્રૂમધ્યમા સ્થિર દ્દષ્ટિ રાખી તમો ધ્યાન
વૃદ્ધિ અર્થે પ્રયત્ન કરશો નાસિકાદ્વારા શ્વાસ લેવાની ટેવ
પાડશો નાસિકાદ્વારા શ્વાસોશ્વાસ ગ્રહનાર મૂકનાર પુરૂષ
આરોગ્ય તથા બળને પ્રાપ્ત કરે છે, અને મુખવાટે નિરંતર
શ્વાસ લેવા મૂકવાથી નિર્મલતાને શરણુ થવુ પડે છે અને
અનેક વ્યાધિયોનો ઉત્પત્તિ પ્રસંગ પામે છે

પ્રાણાયામનો અભ્યાસ કરનારાઓએ નાકવાટે શ્વા-
સની ક્રિયા કરવાની છે અને બીજાઓને નથી એમ નથી
સર્વને માટે આ નિયમ છે કોઇ પણ મનુષ્ય **પ્રાણાયામનો**
અભ્યાસ કરતો હોય અગર નહી તોપણુ ચોવીસે કલાક
નાસિકા વાટે શ્વાસ લેવાની જરૂર છે અસખ્ય મનુષ્યો કે
જ્યારે તેમને શરીરને મહેનત પહોચે છે ત્યારે મુખ પહોળુ

ફરીો બાફ્વા મ ટી જાય છે જૈસ તો શરીરનો થાક નાગના
મુખથી હાફ્વા મ ટી જાય છે અ ો તેથી નિર્મલ થતાો
તમય આવે છે નિર્મલ રોગી મનુષ્યો તો ઉરતા મેસતા
જરા ચાલતા શ્વાસ લેવા મૂકવામા નાકો બ ને મુખનોજ
ઉપયોગ કરે છે દમના વ્યાધિથી પીડાતા મનુષ્યો નાસિ
કાથી શ્વાસ લવો બીનકુન બુ ી ગયા હોય છે અ ો શ્વાસ
ચ તા મોગ અવાજ સાથે મુખથી વાયુને ગ્રહણ કરે છે
તથા મૂકે છે આ પ્રમાણે એના રોગીઓમાજ નહીં પ ણ
નીરોગી મનુષ્યોમા અવલોકવામા આવે તો નાનાં મોગ
સન નાકમાટે વાયુ ગ્રહણ કરતાો તથા મૂકતાો મ ને
મુખમાટે આ ક્રિયા કરે છે તેથી કોંઈ હાનિ થઇ છે
અને થશે તેથી તે લોકો અજાન રહે છે તેમને સમજાવ
આપવામા આવે તો વ્યાધિનો કેટલેક અ શે નાશ થાય છે
હવે સામાન્ય શ્વાસોશ્વાસની ક્રિયા આ પ્રમાણે કરવાથી
જ્યારે લાભ થાય છે ત્યારે પ્રાણાયામની ક્રિયાથી તો
અસત લાભ થાય છે તે અત્ર કથવુ પડે છે શ્રી હેમચદ્ર
આચાર્યે આપણા બ ડ લાભ અર્થે યોગશાસ્ત્ર ગ્ર થ બના
વ્યો છે તેમા યમ, નિયમ, આસન, પ્રાણાયામ,
પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ અ

ગનું સારી રીતે અનુભવથી વર્ણન કર્યું છે. **પ્રાણાયામની** ક્રિયામા તેઓ મહા સમર્થ હતા. એકવીસ પાટો મૂકાવી એકવીસમી પાટ ઉપર બેશી નીચેની સર્વ પાટો કાઢી નંખાવી, આકાશમા અધર રહી લોકોને ઉપદેશ પણ પ્રાણનો નિરોધ કરી આપતા હતા. એ શું સૂચવે છે? તેઓ **પ્રાણાયામ** અનેક પ્રકારનો જાણતા હતા, અને દરેક નાડીઓના પ્રાણને સ્તંભન કરવાની સૂક્ષ્મ કળાઓ દ્દઢ સાહસથી તેમણે પ્રાપ્ત કરી હતી. શ્રીચિદાનંદ વા કર્પૂરચંદજી મહારાજ પણ **આત્મશક્તિ** તરફ વળતા પ્રાણાયામની સારી ક્રિયા કરી શકતા હતા, અને તે યોગિરાજની પદવી પામ્યા છે. તેમણે **ચિદાનંદ સ્વરોદય** નામનો ગ્રંથ બનાવ્યો છે તેની અંદર સ્વર સંબંધી પોતાના અનુભવ પ્રમાણે સારૂ બ્યાન આપ્યું છે અને તેમાના લેખ સર્વ તે પ્રમાણે અનુભવથી ખરા પડે છે, થોડા સૈકાથી જૈનોમાથી **આધ્યાત્મિક વિદ્યા** નષ્ટ થઇ અને થતી જાય છે. જૈનોમા કોઇ તે સંબંધી કોઇ પ્રયત્ન કરે છે તો કેટલાક મૂર્ખાનંદો એમ કહે છે કે આવું તો આપણામા નહોતુ. પણ તે જાણતા નથી કે કેવલ જ્ઞાનીની દ્રષ્ટિમા કયી બાબત અજાણી છે? શું **પ્રાણાયામ** કરવાની ક્રિયા જૈનોમા નથી. એમ કોઈ કહેશે ના

શી રીતે કરી શકાય (જનેરી પુરાવા મોજુદ છે પ્રતિષ્ઠા વખતે વા મંત્રના જાપ વખતે અમુક પદ્માસન વા સિદ્ધાસન કરવું એ પણ જૈનના ગ્રંથથીજ સિદ્ધ થાય છે આત્મ જ્ઞાન મેળવવાને માટે શરીર સ્વાસ્થ્યતાની પણ જરૂર છે અને તે શરીર સ્વાસ્થ્યતા માટે પ્રાણાયામ આદિની પણ જરૂર છે એવું સમજીને શ્રી હેમચંદ્ર આચાર્યજીએ આપણા ઉપર મોટો ઉપકાર કર્યો છે માટે તેમની આજ્ઞા મસ્તકે ચડાવી હવે મૂળ પોઇન્ટ ઉપર આવી તેનું વિવેચન કરીએ

આપણે જે હવા શ્વાસમાં લેઇએ છીએ તે હવામાં રહેતા કચરાને ગાળી નાખનાર ગરણી એ રૂપ નસકોરાં છે

જ્યારે નાસિકાવતી આપણે શ્વાસ લઇએ છીએ ત્યારે હવામાં રહેતા ધુળના રજકણો કે એવો બીજો ગહજ મળ નસકોરામાં ખળી રહે છે તે અંદર જવા પામતો નથી પણ જ્યારે મુખવાટે શ્વાસ લેવામાં આવે ત્યારે હવામાં રહેલા કચરાને ફેફસામાં જતો અટકાવનાર કોઇપણ રચના મુખમાં નથી, આથી મુખવાટે શ્વાસોશ્વાસ લેવામાં રોગના ભોગ થઇ શકાય છે, વળી ઠંડીના દીવસોમાં જ્યારે નાસિકાથી શ્વાસ લેવામાં આવે છે ત્યારે હવા ગરમ થઇને ફે

ફેસામા જાય છે, પણ મુખવાટે શ્વાસ લેવામા આવે છે ત્યારે ટાઢીને ટાઢી હવા અંદર જાય છે, અને એનું પરિણામ એ આવે છે કે ઘણી ટાઢી હવાથી ફેફસા ઉપર આઇ પ્રસંગે સોજો ચડે છે રાત્રે પહોળુ મો ખુલ્લુ સુનારને સવારે જ્યારે તે જાગે છે ત્યારે કંઠમા તથા મુખમા શોષતો અનુભવ થાય છે આ સર્વ વ્યાધિના બીજકો શરીરમા રોપાવાના ચિન્હો છે

નાસિકાના બે છિદ્રોમા પુષ્કળ વાળની રચના થઇ હોય છે આ વાળ હવામા રહેના ધુળના રજકણોને, રોગજનક જંતુઓને તથા એના બીજા કચરાને ફેફસામા જતો અટકાવે છે, આ રોકાઇ રહેલો કચરો જ્યારે આપણે વાયુ બહાર કાઢીએ છીએ ત્યારે તે બહાર નીકળી જાય છે વળી ઉપરના ભાગમા નાસિકાને આર્દ્ર રાખનાર ચીકણો રસ રહે છે, તે રસ પણ ધુળ કચરાને અંદર પ્રવેશતા અટકાવે છે મુખમા આમાનુ કશુજ નથી, અને તેથી શ્વાસોશ્વાસ લેના રોગના કારણો ઝેર ફેફસામા પ્રવેશી જાય છે, કસરતની વખતે મનુષ્ય મુખથી હાંફે તો હરકત જેવુ નથી અન્યથા હાનિકર છે

હવાને શુદ્ધ થવાનું જે નાસિકાયન્ત્ર તે દ્વારા થઇને

હવા શ્વાસ નળીકામા નવેશ • ની નથી ત્યા સુધી તે ફે
ફસામા નવેશ કરતો ની મેલ થતી નથી કોઇ નનને
નાસિકાના ગ્રુમાયા વિના કનરો આમળ નથ છે ત્યારે
અતની શક્તિ ઓછી લાગી ફેફ । [નાખુ કરે છે નો
એ ધક્કો મારી નળને નદાર કાઢી નાખે છે

આપણા નિત્યના પીવાના જળમા અનેક જાતની વરાળ હોઇને તે વરાળ ગનાતો મ પ્રાણીમા ઝેરના બદ પડે છે તેના ન મે અનારી હવામા અને નાસિકાના શુદ્ધ થઇને ફેફસાની અંદર ગયેલી હવામા ઘણો મ ઝ ફેર છે બીજ અગ્યરઠ હવા । મુખથી શ્વાસ લેનાર અશુદ્ધ હવા અન્ન કરે છે અને નાસિકાથી શ્વાસ લેનાર શુદ્ધ હવા અપ્ન કરે છે કેમકે શારો નાસિકાના છિદ્રો જળ પીવે છે અભ્યાસ વધતા એ મારી જળથી ભરી તેનુ નાગનુ નામના છિદ્રમા મુખ આખી મારી સુખ પૂર્વક પી શકાય છે આથી ચક્ષુના તથા મસ્તકના વિવિધ વ્યાધિઓ નાશ પામે છ

સમજ્જે કે હવે નાસિકાદ્વારા શ્વાસોશ્વાસ લેવાનો કેટલો ઉત્તનનો સુધારો છે । ત્યારે હવે પ્રાણાયામ • વાથી આખા શરીરના આતર ભામ ફેફસામા કેટલા બધા ફેરફાર

શ્વાસ ઉચ્છવાસ કેમ પોષાય છે તે યોગીઓ સારી રીતે જાણી શકે છે

પ્રાણાયામ શી રીતે કરવા.

ઈડા એટલે ડાબી નાસિકાથી પ્રથમ વાયુ ઉદરમાં પૂરજો, અને જ્યા સુધી ગભરામણ થાય નહીં ત્યા સુધી ટેરવા દેવા પશ્ચાત્ પીંગળા એટલે જમણી નાડીથી ધીમે ધીમે વાયુ બાહિર કાઢજો પાછો પીંગળાનાડીથી વાયુપૂરી કુંભક કરજો અને રેચક કરી ઈડા નાડીથી વાયુ હળવે હળવે બહાર કાઢજો પાછો ઈડાથી વાયુ પૂરી કુંભક કરી પીંગળાથી રેચક કરી બહાર કાઢજો પાછો પીંગળાથી વાયુ ઉદરમા પૂરી કુંભક કરી ઈડાથી રેચક કરી વાયુ બહાર કાઢજો એ અનુક્રમે વીશ પ્રાણાયામ કરવાનો વા ૨૫-૩૦ પ્રાણાયામ કરવાનો મહાવરો રાખજો પૂરક કરતા પ્રત્યેક સમયે ૐ અર્હમ્નો માનસિક ઉચ્ચાર કરજો અને કુંભક વખતે પ્રત્યેક કાળે (દરેક કુંભકકાળે) હું આત્મસ્વરૂપમય છું એમ માનસિક જાપ સ્મરણ કર્યો કરજો અને રેચક એટલે વાયુ બહાર કાઢતી વખતે સર્વ અશાંતિને દૂર કરું છુ આ પ્રમાણે માનસિક જાપ પ્રત્યેક રેચકમા કરજો આસન પદ્માસન કે સિદ્ધાસને ૮૮ રા.

પછી આમ સંધ્યા સવાર મધ્યાન્હ અને રાત્રે આ અનુ ક્રમ પ્રમાણે વીશ વીશ પ્રાણાયામ કરજો બે ત્રણ મહીનાની સતત ક્રિયાથી તમારા જીવનમા ઉચ્ચ ફેરફાર માલુમ પ શે. ખાવાનો ખોરાક સ પત્તિ પ્રમાણે ઠીક રાખજો તેમા પણ દૂધ ઘીનો મહાવરો રાખજો મળસાફ ઉતરે એટલુ ધ્યાન જોવાનું છે આ પ્રમાણે ક્રમ બાર મહીના સુધી પ્રથમ મદ સ્થાનસમા હોવતો ચલાવો.

તમારી આ ક્રિયાની શરૂઆતમા સૂચના કે તમો સર્વજીવો ઉપર **પ્રેમભાવના** ગખતા શીખજો જગત્મા કોઇ હાથી હોય, કીડી હોય, મ કોડી હોય કે નાનો સરખો છોકરો હોય તો પણ તેના ઉપર નિરતર **પ્રેમભાન** રા ખવો જોઇએ શત્રુ અને **મિત્ર** સર્વનુ હિત ઇચ્છો, પરા અહિતતો કોઇનુ નજ ઇચ્છો અને સ્મરણમા રાખો કે— તમારા અ ત કરણના દોષથી તમો શત્રુનુ ભલુ ઇચ્છતા નથી શત્રુનુ ભલુ શા માટે ઇચ્છતા નથી, જો તમારૂ મન દોષીલુ રહે છે અને તે દોષીના મનથી તમો દોષ રહિત શી રીતે થઇ શકશો સર્વ દોષ મનના કાઢી નાખો જ્યા સુધી તમારૂ મન દોષી છે ત્યા સુધી તમો **પ્રેમસ્થાન** શી રીતે બની શકો, સર્વ જીવના ઉપર શુદ્ધ પ્રેમ વધાવો' ત્યારે

શુદ્ધ પ્રેમના ભોગી બનો. એ પ્રેમ દયામય છે. તેથી તે શુદ્ધ છે. આવી ભાવના આવ્યા વિના મન નિર્મલ બનવાનું નથી અને નિર્મલ મન વિના ઉચ્ચ શ્રેણિ પ્રાપ્ત થઇ શકતી નથી. સજ્જનો, આ પ્રેમ સ્વાર્થ બુદ્ધિનો નથી માટે તે અહર્નિશ સેવજો તમો પ્રભુનું ભજન કરો છો. પ્રભુની ઉપાસના કરો છો. પણ તમારૂ મનનિર્મલ થયા વિના તે પ્રભુ ભજન ઉપાસનાથી જે સુખો પ્રાપ્ત થાય છે તે મેળવી શકયા નથી. તમારૂં અંતઃકરણ જેમ જેમ ભૂત માત્ર ઉપર દયાવાળું અને પ્રેમની લાગણીવાળું થતું જશે. એટલે તમે તેમ તેમ શરીરની અંદર રહેલા **આત્મારૂપી પરમેશ્વર**-ની અધિક સમીપમાં આવતા જશો અને તેમ તેમ તમે સર્વ કાર્ય સિદ્ધ કરનારી એકાગ્રતાને સત્વર સિદ્ધકરતા જશો.

સર્વ સંકટ માત્રથી તમારૂ રક્ષણ કરનાર કોઇ અમોઘ શસ્ત્ર તમારે જોઇએ છીએ? તમારા અંતઃકરણના સર્વ મળને કાઢી નાખનાર બળવાન ક્ષારની તમારે ઇચ્છા છે? જ્યાં જાઓ ત્યાં તમને વિજય મળે એવી કોઇ દૈવી જડી બુટ્ટી તમારે જોઇએ છે? હા તો એજ છે કે ભૂતમાત્ર ઉપર અમર્યાદ પ્રેમ ચલાવો અને તમને અનુભવ થશે કે મેં અપૂર્વ વસ્તુ પ્રાપ્ત કરી છે.

અશ્રદ્ધાવાનને તે અનુભવ કર્યાવિના સમજાય તેમ નથી ઉપરનો ક્રમ ઉન્નતિ પ્રાપ્ત કરાવે છે અને મતિને વિશુદ્ધ કરી તેને આધ્યાત્મિક જ્ઞાનનો વિશેષ પ્રકાશ ગ્રહણ કરવા યોગ્ય કરે છે પદ્માસન વા સિદ્ધાસન બાંધી પૂર્વાભિમુખ બેસવું નેત્ર બંધ કરવા—પછે એમ ભાવના કરવી કે હું શરીરમાં રહ્યા છતા અનંત શક્તિમાન્ છું અનંત સુખમય છું અનંત આનંદમય છું તમને જેવી રીતે ફાવે તેવી રીતે માનસિક જાપ ઉપરના વાક્યોનો ઘણી વાર સુધી કરવો પ્રથમ અન્ય વસ્તુઓનું સ્મરણ થઇ આવે તેને તમો વારજો વા કદાપિ અલ્પ થઇ તું સ્મરણ વિશેષ જોરથી થતું હોય તો મુખેથી બોલતા બોલતા જાપ કરજો અને નીચે પ્રમાણે આત્માની સ્તુતિમાં લીન થજો

स्मरजो एकज आतमा, आनंदनो भंडार ॥
आतम ते परमातमा, देहे व्याप्यो धार ॥ १ ॥
आशा तृष्णा शुं करुं? शीदने करवो शोक ॥
भिन्न तेथी आतमा, नहि मारामां रोग ॥ २ ॥
अलख स्वरूपी हुं सदा, मारामां बहु सुख ॥
मनना धर्मे वेरझेर, होवे विविध दुःख ॥ ३ ॥
सुखमय आतम हुं सदा, जयजय आतमदेव ॥
अनंतशक्ति स्वामी तुं, तुंहि देवाधि देव ॥ ४ ॥

એમ ત્રણવાર ચારવાર કે વિશેષવાર [illegible]
કરી તેનો અર્થ ચિંતવજો તમારી દૃષ્ટિ [illegible]
અને તમો જાણો અંતરંગમાં નવીનતાનિ [illegible]
એમ દેખાશે

ઉપરના વચનના ભાવમાં જેટલો કાળ [illegible]
સ્થાન રહેવાય તેટલો કાળ રહેવું પછી દૃષ્ટિ [illegible]
પ્રાણાયામ પાંચ સાત મિનિટ કરવા તે [illegible]
વસ્થામાં યથાશક્તિ પ્રવેશ કરવો જે નિ[illegible]
પૂર્વે સિદ્ધ થતી અત્યંત લીન ભાવની [illegible]
પ્રકારે નિત્યભાવના કરતા કંઇક અ[illegible]
અનુભવ થશે

અનંત જન્મોથી પોતાને [illegible]
થયો છે એવા સાધકને માત્ર [illegible]
બહિરાત્મભાવનું વિસ્મરણ [illegible]
તત્કાળ નહે એ બનવું અશક્ય છે [illegible]
દૃઢ થઇ ગએલા બહિરાત્મભાવ[illegible]
ભાવની ભાવના કરતા [illegible]
નડે છે વ્યવહાર કાળમાં [illegible]
પડેલા વિષય-ભોગ શોખના [illegible]

પણ નિર્મૂળ થએના ન હોવાથી પુન પુન તેનો નિરોધ
કરતા પણ તે જાગ્રત થાય છે હું દુર્બળ છુ, ગરીબ છું
મારૂ શુ થશે? મારા પુત્રોનુ શુ થશે, નિભાવ શી રીતે
બની રહેશે? અમુક પ્રકારે સાવધાન નહિ રહુ તો અમુક
માઉ કાટલુ ધડી નાખશે, આવા આવા અનેક વિચારો
સયમ સાધવા પ્રવૃત્ત થએના માર્ગના અતકરણમા
વિક્ષેપ કરવાને માટે લાગ જોઈ બેઠી ગ્યા હોય છે, સાધક
પોતાના સ્વરૂપમાથી આડો જાય કે કે તુરત તેના અત-
કરણમા **સપાસપ** તે વિચારો પ્રવેશ કરી સાધને બાધક
બનાવી દે છે **શ્રી વીરપ્રભુના પુત્રસાવક** આમ બનતું
જોઈ લેશ પણ ગભરાશો નહિ આમ બનવુ એ અનાદિ
કાળથી અશુદ્ધ ભાવના જોરે થતા આવે છે તમનેજ આવો
આવો અનુભવ થાય છે એમ કઈ નથી પણ **પ્રત્યેક સયમ**
સાધનાર પુરૂષને પ્રથમ આવોજ અનુભવ થાય છે આથી
તમારે નિરાશ કે આળસુ બનવાનુ કઈ કારણ નથી તમો
વીરપ્રભુના ઉદ્યોગ ઉપર ધ્યાન આપો તેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત
કરવા સાડાબાર વર્ષ પર્યંત ધ્યાનાવસ્થા ગાળી હતી વાચકો
આમો કે તુરત કઈ ફેરી પાડની નથી નિશાળમા બેઠા
કે તુરત કઈ **એમ** એ ની પદવી મેળવાતી નથી સરો

વર પણ ટીપે ટીપે ભરાય છે, તમને પ્રથમ નિશાળમા બેસીને પેનવડે એકડો કાઢતા કેટલી મહેનત પડી હતી તેને ઠેકાણે હાલ તમે કેટલી જ્ઞાનની ઉચ્ચ સ્થિતિ મેળવી છે એ શુ ભૂલી ગયા ? માટે ધૈર્ય ધરી અભ્યાસ કરો, અભ્યાસ અને વૈરાગ્યવડેજ આ મનમા ઉઠતા વિક્ષેપોનો જય કરવા ઉપયોગી થવુ ઘટે છે અભ્યાસ અને તેની પુષ્ટિ કરનાર વૈરાગ્યવડે મનનો જય કરવો, લેશ પણ કઠીન નથી શુ તમારા હૃદયમા પાછો **બહિરાત્મભાવ (સસારભાવ)** સ્ફુર્યો છે ? વિકારોનો હૃદયમા પ્રવેશ થયેલો અનુભવાય છે ? ચિંતા અને ભયવડે પાછા તમે વ્યાકુળ થયા છો ? કઈ હરકત નથી **પુન:** સાવધાન થાઓ, નેત્ર મીચો, અને **પુન. આત્મભાવના** કરો તમે જાણોજ છો કે એમના એકજ વિચારને પુન.પુનઃસ્મરણમા મનન કર્યાથી તે વિચા રના સસ્કાર દૃઢ થતા જાય છે અને તે વિચારથી ભિન્ન પ્રકારના વિચારોના સસ્કાર દુર્બળ થતા જઇ પરિણામે નિર્મૂળ થઈ જાય છે આથી **પરમાત્મસુખની** ઇચ્છાના વિચારોને પુન પુન મનમા સ્ફુરાવ્યા કરવા અને વિરોધી વિચાર સ્ફુરે કે તેના પ્રતિ અલક્ષ કરી આપણો ઇચ્છેલો અનુકૂળ વિચાર સ્ફુરાવવો, અને તેમા વૃત્તિને જોડવી, મ-

નથી તેમા **વૃત્તિ** ન જોડાય તો આપણો **પરમાત્મ** વિચાર મોઢેથી બોલવો એકવાર, દશવાર, સોવાર, હજારવાર બોલવો **વા સોઽહ** એટલે જ્ઞાન, દર્શન અને **ચારિત્ર ગુણમય** શરીરમા રહેતો **આત્મા** તેજ હું **પરાત્મા** છુ અન્ય હુ નથી એમ **સોઽહ** પદનો ૐકાર પૂર્વક મુખથી જાપ કરવો, અને અર્થ ચિંતવતા જવું એમને ચિત્તવૃત્તિ અન્યત્ર જતી અટકશે તમારૂ મન વિચારના કુદમા મારતુ તમને લાગે તો **સોઽહ**નો મોટા સ્વરથી જાપ ચલાવવો મનકુ કદિ આમતેમ કુદે તો છો કુદે તમારે તેના સામુ ન જોતા જાપની મેનટ્રેન પુરપાટ છોડી મૂકવી **પ્રિય** બધુ ' આવો આદર થોડા માસ જારી રાખશો તો પછી ચિત્તવૃત્તિના સાથામા ગજ ધાલ્યા છે કે તે તમારે તાબે નહીં થાય"? પ્રિય ભાઇ સાધનોમા દોષ નથી પણ કહ્યા પ્રમાણે **ઉદ્યોગ** કરનામા દોષ છે **સાધનો** કે **સુગુરૂઓનો** આજે દુષ્કાળ નથી પણ ઉદ્યોગ કરનારાઓનોજ દુષ્કાળ છે કરવાનુ શુ છે તે કોને ખબર નથી સર્વે કોઈ થોડ઼ થોડ઼ સમજી શકે છે પણ બધાને સો મણ રુની તળાઇમા સુતા સુતા ચઉદરાજ લોકના અધિપતિ બનવુ છે તે શી રીતે બની શકે ? દશ કે વીશ દિવસ પ્રય ત્ન કર્યા વિઘ્નો જણાયા કે તુરત અભ્યાસ છોડી દોઠો

અને વાતો કરતા કરતા નાચવા બને તેમ ધારો છો તે રી રીતે અને? ભાઇઓ પ્રયત્ન કરો પ્રયત્ન કરો

સાવધાન થાઓ, તમારે તો **પ્રયત્નનેજ** ચિંતામણિ રત્ન જાણી નકામી વાતો તથા આળસને છોડી પ્રયત્નનેજ રાત્રીદિવસ કર્યા કરવો, જેઓ **પ્રયત્ન** કરવાના નિશ્ચયો સેવે છે અને **પ્રયત્ન** કરે છે તેમને **સાધ્યસિદ્ધિ** થાય છે પ્રિય ભાઇ! વાતના વડા થવાનાજ નથી તમારી નકામી આતાના રગબેરંગી પરપોટા દેડકીના પેટની પેઠે ફાટી ગયા વિના રહેવાના નથી, એ નિશ્ચય માનજો કરવાનુ હોય તે અમ તમા મૂકો, જે કરવાનુ હોય તે વર્તમાનકાળમાજ કરો કારણ કે વર્તમાનકાળનોજ **પ્રયત્ન** વિજયની વરમાળા ત મારા કંઠમા આરોપનાર છે

જો તમે વિધિપૂર્વક એટલે એકાગ્રચિત્તથી આ ક્રિયા કરશો તો તમારા શરીરમા અનખ્યપ્રદેશી આત્મા વ્યાપી રહેલો છે તેનો અનુભવ થશે થોડા દિવસમા અનુભવ નહિ થાય તો કેટલાક દિવસના અભ્યાસ પછી પણ અવશ્ય થશે તમને અપૂર્વ શાન્તિ તથા સુખનુ ભાન થશે, તે શાંતિ અને સુખ **આત્માનુભવીજીવોજ** પામી શકે છે

નથી તેમાં વૃત્તિ ન જોડાય તો આપણો **પરમાત્મ** વિચાર મોઢેથી બોલવો એકવાર દશવાર સોવાર, હજારવાર બોલવો વા **સોઽહં** એટલે જ્ઞાન, દર્શન અને **ચારિત્ર** ગુણમય શરીરમાં રહેલો **આત્મા** તે જ હું **પરમાત્મા** છું અન્ય હું નથી એમ **સોઽહં** પદનો ઉચ્ચાર પૂર્વક મુખથી જાપ કરવો અને અર્થ ચિંતવના જવું એટલે ચિત્તવૃત્તિ અન્યત્ર જતી અટકશે તમારૂં મન વિચારના કુદકા મારતું તમને લાગે તો **સોઽહં**નો મોટા સ્વરથી જાપ ચલાવવો. મનરૂપિ આમતેમ કુદે તો છો કુદે તમારે તેના સામું ન જોતા જાપની મેલટ્રેન પુરપાટ છોડી મૂકવી **પ્રિય** બધુ! આવો આગ્રહ થોડા માસ જારી રાખશો તો પછી ચિત્તવૃત્તિના માથામાં ગજ વાગ્યા છે કે તે તમારે તાબે નહીં થાય? પ્રિય બાહ્ય સાધનોમાં દોષ નથી પણ કહ્યા પ્રમાણે ઉદ્યોગ કરવામાં દોષ છે **સાધનો કે સુગુરૂઓનો** આજે દુષ્કાળ નથી પણ ઉદ્યોગ કરનારાઓનોજ દુષ્કાળ છે કરવાનું શું છે તે કોને ખબર નથી સર્વે કોઈ થોડા થોડું સમજી શકે છે પણ બધાને સો મણ રૂની તળાઈમાં સુતા સુતા ચઉદરાજ લોકના અધિપતિ બનવું છે તે શી રીતે બની શકે? દશ કે વીશ દિવસ **પ્રય**ત્ન કરતા વિઘ્નો જણાયા કે તુરત અભ્યાસ છોડી દીધો

પાકો કરવામા જતા સમયથી આકુળ વ્યાકુળ થતા નથી તેઓ સુદ્દઢ ચિત્તભાવને અલ્પ સમયમા જુએ છે, તેથી ધૈર્ય અને સ્થૈર્યથી સુદ્દઢ પાયો નાખજો શરીર બાહ્ય પ્રદેશમા એકાગ્રતા પૂર્વક સ્થિર થતા તેને આતર લક્ષ્યસ્થળોમા સ્થાપજો, પણ યાદ રાખજો કે બાહ્યપ્રદેશોમા ચિત્તવૃત્તિ સ્થિર બરાબર જ્યા સુધી ન થઇ હોય ત્યાસુધી તેને સ્થિર કરવા પ્રયત્ન જારી રાખજો, અને એક નાક ઉપર બરાબર બાહ્ય પ્રદેશોમા ચિત્તવૃત્તિ સ્થિર થઈ એટલે આતરત્રાટક સ્થળોમા ચિત્તવૃત્તિ સ્થાપજો અનુક્રમ યાદ રાખજો, બાહ્યસ્થળોમા કોઇ પણ પદાર્થ ઉપર ચિત્તવૃત્તિ સ્થાપવી હોય ત્યારે એ ચક્ષુને મટમાયા વિના સ્થિર આખથી જોયા કરવુ ચક્ષુમાથી જલ આવે તો તે લુછી નાખવુ, અને પાછુ જોયા કરવુ એમ ચક્ષુને તકલીફ ના પડે ત્યા સુધી જોયા કરવુ તેમ કરતા કરતા એક કલાક સ્થિર આખ રહે અને ચિત્ત પણ સ્થિર થઇ જાય ત્યાસુધી અભ્યાસ વધારવો, આવી રીતે બાહ્ય પ્રદેશોની સાથે **બાહ્યત્રાટક** જેણે સિદ્ધ કર્યો છે તો ગુરુગમ મળતા અને કેટલી ક્રિયા શિખતા **મેસ્મેરીઝમ** જલદી આવડે છે અને તે પ્રયોગમા તે ફાવી શકે છે વા તમો સવારના પહોરમા સાજરે ફરવા જાઓ ત્યારે આમાશ ત ફ

તમે આત્મ તરફ લક્ષ રાખી જનસમૂહને અધિક ન સેવજો કહ્યુ છે કે —

होवत मन तन चपलता, जनके संग निमित्त.
जन संगी होवे नहि, ताते मुनि जगमित्त ॥ १ ॥

સદ્વિવેકી વાચકો આ શિક્ષા ધ્યાનમા રાખી આત્મધ્યાનમા પરાયણ થજો તમો એકાંત જગ્યામા સ્થિર થઇ તમારા આત્મસ્વરૂપના વિચારમા તત્પર રહેજો, અને જંગલમા વા અન્ય નિર્જનપ્રદેશમા વિધિપૂર્વક બેસી દશ દિશામા ભટકતા મનને તમારા લક્ષ્યસ્થાનમાજ બદ્ધ કરજો એટલે પોતાનાથી બે હાથ છેટે કોઇ પદાર્થ મુકી વિકલ્પ સંકલ્પ વિના સ્થિર ચક્ષુથી જોઇ રહેજો અને ચિત્ત એક કલાક પર્યંત રહે ત્યાંસુધી અભ્યાસ કરજો અને જ્યારે બાહ્યપ્રદેશમા ચિત્ત એક ઠેકાણે બંધાઇ જાય છે એમ નક્કી થયુ કે પછી તમે નાભિ નાસાગ્ર કંઠનો અગ્ર ભાગ ભ્રૂમધ્ય ભાગ, ઉપર ચિત્તવૃત્તિ એકાગ્ર કરવા લક્ષ રાખજો

ઉતાવળ કરશો નહિ હળવે હળવે તમે તે કાર્યમા પ્રવર્તજો ધૈર્યથી નાભિ નાસાગ્રના ધ્યાનના પ્રત્યેક ક્રમને રૂડી રીતે સાધજો જે સાધકો પાયાને પાકો કરે છે અને તેને

પાકો કરવામાં જતા સમયથી આકુળ વ્યાકુળ થતા નથી. તેઓ સુદૃઢ ચિત્તભાવને અલ્પ સમયમાં જુએ છે, તેથી ધૈર્ય અને સ્થૈર્યથી સુદૃઢ પાયો નાખજો. શરીર બાહ્ય પ્રદેશમાં એકાગ્રતા પૂર્વક સ્થિર થતાં તેને આંતર લક્ષ્યસ્થળોમાં સ્થાપજો, પણ યાદ રાખજો કે બાહ્યપ્રદેશોમાં ચિત્તવૃત્તિ સ્થિર બરાબર જ્યાં સુધી ન થઇ હોય ત્યાંસુધી તેને સ્થિર કરવા પ્રયત્ન જારી રાખજો, અને એક કલાક ઉપર બરાબર બાહ્ય પ્રદેશોમાં ચિત્તવૃત્તિ સ્થિર થઈ એટલે આંતરત્રાટક સ્થળોમાં ચિત્તવૃત્તિ સ્થાપજો. અનુક્રમ યાદ રાખજો, બાહ્યસ્થળોમાં કોઇ પણ પદાર્થ ઉપર ચિત્તવૃત્તિ સ્થાપવી હોય ત્યારે બે ચક્ષુને મટકાયા વિના સ્થિર આંખથી જોયા કરવું. ચક્ષુમાંથી જલ આવે તો તે લુસી નાંખવું, અને પાછું જોયા કરવું એમ ચક્ષુને તકલીફ ના પડે ત્યાં સુધી જોયા કરવું, તેમ કરતાં કરતાં એક કલાક સ્થિર આંખ રહે અને ચિત્ત પણ સ્થિર થઇ જાય ત્યાંસુધી અભ્યાસ વધારવો, આવી રીતે બાહ્ય પ્રદેશોની સાથે **બાહ્યત્રાટક** જેણે સિદ્ધ કર્યો છે, તેને ગુરૂગમ મળતાં અને કેટલીક ક્રિયા શિખવતાં **મેસ્મેરીઝમ** જલદી આવડે છે અને તે પ્રયોગમાં તે ફાવી શકે છે. વા તમો સવારના પહોરમાં સાંજરે ફરવા જાઓ ત્યારે આકાશ તરફ

દષ્ટિ સ્થાપી ચિત્તવૃત્તિ સ્થિર કરવી તત્વના પરંતમા જ ધ્યાનમાં નટક કરો તો પશ્ચિમ દિશાના અંક રા તરફ દષ્ટિ સ્થિર રાખી એકાગ્રમન કરવી અને સન્મુખ પૂર્વદિશાના આકાશ તરફ દષ્ટિ નાખી નટક કરવી નટક એક કપ કમભમ થતા પીળા રંગના લસરની એક ની જોગાએ દેખાશે, પણ તેમ જોવા તરફ લક્ષ ન હોય નહિ અને આગળ ધ્યાનને ઉત્તર વધે તે સુ મન કરીશ એવી નિયમન રાખવું

ત્રાટક આકાશના કરવા ન ફાવે તો પ્રભુની મૂર્તિ સામુ એકી નજરથી દેખી સ્થિર ચિત્તવૃત્તિ રાખવી પ્રભુની એટલે તીર્થંકરની મૂર્તિના સામું જો ત્રાટક કરવાથી અનેક ગુણ ઉત્પન્ન થય છે, પણ યાદ રાખવું જ્યાં કેમ હોય નહીં ત્યા આ પ્રમાણે મૂર્તિના સામું જોઇ પ્રભુ સ્વરૂપ મૂર્તિને ખરી એકી નજરે દાખવા આપવા વિના ત્યાર રહેવું પ્રભુની એટલે તીર્થંકરની કોઇ પણ નાની ના નેની ઉપર પણ વૃત્તિ સ્થિર થતા નટક કરવો, અને પરમાત્માના ગુણોનું સ્મરણ કરવું ત્યારે શુ તમે મૂર્તિ પણ માનનારા છો ? હા અવશ્ય પરમાત્મા તીર્થંકરના સ્વરૂપનો બોધ થવા મૂર્તિપૂજા એક દ્વાર છે અને તેથી તે

હોય રૂપ નથી પણ ગુણ રૂપ છે. જેઓ મૂર્તિપૂજાનું ખંડન કરે છે તેઓ આત્મોન્નતિના શિખર ઉપર જવાનાં નીચેનાં પગથીયાંને તોડી નાંખી અલ્પ સામર્થ્યવાળાં મનુષ્યોને શિખર ઉપર આવવાના સંભવોનો નાશ કરી નાંખે છે. આશ્ચર્ય જેવું એ છે કે-મૂર્તિપૂજાનું ખંડન કરનારા પોતે જ નિરાકાર પરમાત્માનું ધ્યાન ચિંતવન કરી શકવા સમર્થ હોતા નથી; જો તેઓ પ્રમાણિકપણે પોતાનું અન્તઃકરણ તપાસી જુએ તો તેમને સ્પષ્ટ ભાન થયા વિના રહે તેમ નથી, કે તેમની વૃત્તિ ધ્યાન કાળે નિરાકાર પરમાત્માના સ્વરૂપ સાથે લગાર પણ સંબંધવાળી થયેલી હોતી નથી. તેઓ ધ્યાન કરે છે ત્યારે તેઓના અંતઃકરણમાં જે સંકલ્પ વિકલ્પનાં તોફાનો ચાલતાં હોય છે તેજ દર્શાવી આપે છે કે-ધ્યાનના ક્રમથી ધ્યાનનો ક્રમ સિદ્ધ કર્યાવિના એકદમ નિરાકારનું ધ્યાન કરવાનો કુદકો મારવાથી તેઓની તેવી દુર્દશા થાય છે તે જણાય છે. ત્રાટક વા ધ્યાનકાળે તેઓની વૃત્તિમાં જગતનાં હજારો અને લાખો ચિત્રો એક પછી એક ઉઠતાં હોય છે. માટે ક્રમના અનુસારે પ્રયત્ન કરી પ્રતિમા આદિ માનવાં, તે બહુ સારૂં ડહાપણ ભરેલું કામ છે. જેઓ બાહ્ય ત્રાટક સાધવા ખરી નિષ્ઠાથી પ્રયત્ન



રીને થાય છે તેમને સમજાયું છે કે—આરંભમા ખાસ્ત્ર ટક મા મૂર્તિનુ આલંબન લેવાથી ચિત્તવૃત્તિની સ્થિરતા સુલભ રીતે અને અલ્પ વખતમા સધાય છે તેમ અન્ય રીતે થતુ નથી

પાશ્ચાત્ય પ્રજામા પણ ચિત્ત વૃત્તિની સ્થિરતા સાથે **પ્રતિમા (મૂર્તિ)**ની અગત્યતા સમજાવા લાગી છે વોલ્ટર ડિવૉ નામનો એક અંગ્રેજ વિદ્વાન્ ઇશુના ભક્તોને બોધ દેતો કહે છે કે–ઇશુનુ **પરમ મનોહર રમ્ય ચિત્ર** વૃત્તિની એકાગ્રતા સાધવામા પ્રબળ સાહાય્યરૂપ થાય છે મૂર્તિનુ સૌન્દર્ય કલ્પના શક્તિનુ આકર્ષણ કરે છે મૂર્તિ એ એકાગ્રતાને માટે તથા પ્રભુના ગુણોના સ્મરણ માટે મહામોટુ સાધન છે શુ આ વિદ્વાનના સ્વાનુભવ ઉપરથી મૂર્તિ પૂજાની ઉપયોગિતા તમને સ્પષ્ટ નથી થતી? પૂર્વે કહ્યુ તેમ વસ્તુત નિરાકારનુ તો ધ્યાન કે ચિંતન થતુ જ નથી જ્યા ધ્યાન કે ચિંતન થાય છે ત્યા કોઇ પણ પ્રકારની કલ્પના હોય છે, અને આ કલ્પના નિરાકાર નથી પણ સૂક્ષ્મ આકારવાળી હોય છે, એટલે કે તેમા આકાર સહિત ચિંતવન ભળેલુ હોયજ છે એ અધ્યાત્મ શાસ્ત્રના અભ્યાસીઓ સારી રીતે જાણે છે પ્રિયભાઇ સમજો કે **પરમાત્મા**

તીર્થંકર પ્રભુ પ્રથમઅરિહંત તરીકે હતા ત્યારે સાકાર હતા અને પશ્ચાત્ શરીરને છોડી મુક્તિ પદ પામ્યા હવે વિચારો કે નિરાકારનું તો પ્રથમ જ્ઞાન નથી તે નિરાકાર સ્વરૂપ કેવી રીતે ચિંતવવું ? તેનું ભાન નથી અને સાકાર પ્રભુ પરમાત્મા તીર્થંકરની મૂર્તિ વા પ્રતિમાનું ધ્યાન પૂજન ન કરવું તે કદાગ્રહી નિરક્ષરનું લક્ષણ છે, માટે સત્ય યોગિયોના પથને અનુસરી ક્રમે ક્રમે પરમાત્મપદના શિખરે ચઢી શકાય છે વળી જેમને યથાર્થ યોગતત્ત્વવિત્ સદ્દગુરુ પ્રાપ્ત હોય તો તેમની છબીનું આલમ્બન ગ્રહી ધ્યાન કરવું ત્રાટક કરવો અને વૃત્તિ સ્થિર કરવી ભક્તિ અને શ્રદ્ધા સહિત તમો પ્રતિમા વા ગુરુની છબી ઉપર ત્રાટક કરશો અને સંયમ સાધશો તો અગમ્ય પરમાત્મ સ્વરૂપ બોધના પાત્ર થઇ રહેશો આ પ્રકારે બાહ્ય પ્રદેશોમાં ત્રાટક કરી તમો અન્તરમાં એટલે નાભિનાસાગ્ર ત્રિપુટી વિગેરે સ્થાનમાં ત્રાટક કરજો, તમારી વૃત્તિ તે તે અંતરના સ્થળે સ્થાપજો, અને ગમે તેવા વિક્ષેપના કારણો ઉભા થાય તો પણ વૃત્તિને શરીરની બહાર ફરવા દેતા નહિ, જેમ કૂપના દેડુરથી (દેડકાથી) કૂપની બહાર જવાતું નથી અને કુવામાંને કુવામાંજ તેને રમણ કરવું પડે છે તેમ તમારી વૃત્તિને લક્ષેલા આંતરસ્થાનમાંજ

રમણ કરાવજો એવા સર્વ પ્રકારના સમર્થ પ્રયાસથી અ ભ્યાસ પાડજો, અને આ પ્રમાણે શરીરના કોઈ પણ આતર પ્રદેશમા એકજ અગ ઉપર તમારી વૃત્તિને ત્રણ કયાક સ્થિર રહેવામાં અભ્યાસ સિદ્ધ થતા આગળ શુ કરવુ તે તમને યોગ્યતા પ્રમાણે મુખેમુખ કહેવામા આવશે કારણ કે તે ઉપરનો અભ્યાસ બીજી ભૂમિકાનો છે તેના લાયક જીવને તે ભૂમિકામા પ્રવેશ કરાવવામા આવે છે, યોગ્યતા થયા વિના દ્વિતીય ભૂમિકામા પ્રવેશ કરાવવામા આવતો નથી કારણ કે અયોગ્ય ને પરીક્ષા કર્યા વિના તત્ત્વ આપવાથી ગુરૂને મહુ જોખમ વેઠવુ પડે છે અને શિષ્યને વિદ્યા સફલ થતી નથી પુસ્તકો તો એક દિશિ દેખાડનાર છે પણ ત ત્ત્વજ્ઞાનના ખરા રહસ્યો તો ગુરુગમનાથીજ પ્રાપ્ત કરી શકાય છે

આ પ્રમાણે તત્ત્વ સાધકો ! તમો નણ કનાક આન્તર
ત્રાટક સિદ્ધ કરો ... પાદન કરી છે
એમ સમજ ... આત્મશ્રદ્ધા
રાખજો ... તો પણ
તમારૂ ...
આપ ... મૌન

સમજો કે, જ્ઞાનની સાર્થકતા આચરણમાં મૂકવાથીજ છે. કંઇ મગજમાં ભરી મૂકવાથી નથી. એમ તો પુસ્તકાલયોમાં જ્ઞાન ભરી મૂક્યું છે, ત્યાં કાગળોમાં તે ભરી મૂક્યું છે. પુસ્તક પોતાનામાં ભરેલા જ્ઞાનનો ઉપયોગ કરી પોતાનું હિત સાધી શકતું નથી, અને તમે પણ તમારા મગજમાં ભરેલા જ્ઞાનનો ઉપયોગ કરી તમારૂં હિત સાધી શકતા નથી; તેથી તમે જીવ છતાં પણ જડપુસ્તક જેવા થઇ રહ્યા છો. આત્મશ્રદ્ધા વિના તમારા દિલમાં સહસ્ત્ર સંશયો પ્રગટે છે. ભણેલું આચારમાં ઉતાર્યા વિના મહાસાગરના જળ જેવું અમર્યાદ હોય તો પણ તે નકામું છે. દાળ ભાત શાક કેમ બનાવવા તેનો વિધિપાક શાસ્ત્રમાંથી જાણીને મુખે રાખનારનું પેટ ભરાતું નથી. પરંતુ જાણેલા વિધિને આચારમાં મૂકવાથીજ પેટ ભરાય છે; તેમ આત્મશ્રદ્ધા અધિક તેમ અધિક વિજય અને અધિક અનુભવજ્ઞાન પ્રાપ્ત થતું જાય છે.

હું સર્વ કરવાને સમર્થ છું, એ પ્રકારની આત્મશ્રદ્ધાને પ્રત્યેક રૂપે જાગ્રત રાખીને તમે તમારાં કાર્યોમાં પ્રવૃત્તિ કરો. તમો તમારા આત્માની [illegible] કર્યા કરો. ઉદ્યમથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે, આપણે મનુષ્ય અવતાર પામ્યા છીએ તે પણ સુખ [illegible] પુરૂષ-

ચીએ અને દેવલોકમા જઇશુ તે પણ શુભ ઉદ્યમથીજ સમજવુ પુણ્ય અને પાપ પણ શુભ વા અશુભ ઉદ્યમનાજ ફળ છે

ઉદ્યમેન હિ સિધ્યતિ કાર્યાણિ—ઉદ્યમથીજ સર્વ કાર્યો સિદ્ધ થાય છે, તમે ઉદ્યમ સેવતા સેવતા વચ્ચમા થાકી જઇને કાર્ય પડતુ મૂકશો તો તેમાં તમારા પ્રયત્નનો જ દોષ છે માટે હુ કરીશ કરીશ ને કરીશ એ પ્રકારની **આત્મશ્રદ્ધા** મદી જાણેલુ કટિ કસીને આચારમા મૂકો તરવાનુ ન જાણનાર મનુષ્ય નદીમા કે તળાવમા પ્રવેશતા ડરે છે, ત્યારે તેના મિત્રો જેમ તેને બળાત્કારથી નદીમા ધસડી જઇ પછી અંદર છોડી દે છે અને હાથ હલાવવાની તેને ફરજ પાડી ક્રમે ક્રમે તરતા શિખવે છે તેમ **આત્મસ્વરૂપની** શક્તિ સંપાદન કરતા ડરતી તમારી વૃત્તિને બળાત્કારથી તેમાં ધસડી જાઓ અને **આત્મશ્રદ્ધા** પ્રગટાવી તેને ક્રિયા કરવાની ફરજ પાડો આ કાર્યમા જો તમને પ્રીતિ હશે પણ અશ્રદ્ધાથી એટલે તે મારાથી કેમ થાય તેમ જાણી અટક્યા હશો ? આવા ત્રણ ચાર પ્રયત્નથી તમને તમારા સામર્થ્યમાં વિશ્વાસ પ્રગટશે—અને વિશ્વાસ પ્રગટતા અધિક વેગથી ક્રિયા થતા તમે સત્વર વિજયને **પ્રાપ્ત** કરશો.

સત્ય સાધકો ! સત્ય તમારા શરીરમાં છુપાયેલું છે. તે **આત્માંજ** છે. તેની અંદર અનંત શક્તિ ભરેલી છે. તેની અવગણના કરી અન્યત્ર ક્યાં આત્માને શોધો છો કંઠમાં ચિંતામણિ રત્ન છતાં અત્યંત દૂર પ્રદેશોમાં **ચિન્તામણિ** શોધો છો. પ્રિય તત્ત્વસાધક ! તમે ઘરથી બહાર ગયા હો અને એવામાં તમને ખબર મળે કે તમારે ઘેર તમારા દેશના રાજા તમને મળવા આવ્યા છે આ વાત તમે સાંભળી કે તુરત ધસમસ્યા હાંફતા હાંફતા આવી ઘરમાં જુઓ છો; માર્ગમાં તમને કોઈ રોકે તો તેના ઉપર તમે ખીજાઈ જાઓ છો, અને ગૃહમાં પ્રવેશતાજ તમે ડહોળો મારતા આમ તેમ જુઓ છો પ્રથમ ખંડમાં ન મળતા રાજા ક્યાં છે ક્યાં છે; એમ પૂછો છો ? એવા અનેક રાજાઓ પણ જેની તુલનામાં ન આવે એવા **અસંખ્યપ્રદેશી, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંત વીર્યના** સ્વામી દેખાતા તમારા શરીરમાં બીરાજમાન છે. જેનાથી તમે જાણો છો, પ્રયત્ન કરો છો, એવો **આત્માજ** પોતે **પરમાત્મા** શરીરમાં વ્યાપી રહેલો છે. સર્વ તીર્થંકરો કહે છે કે તેના તરફ લક્ષ આપો. એમ કહે છે તોપણ તમે તે તરફ લક્ષ આપતાં નથી, અને તે વાતને **સત્ય માનતા**

નથી અને માનોછો તોપણ તે **આત્મરૂપપરમેશ્વરને** જોવા **અલ્પ** પણ પ્રયત્ન કરતા નથી અને **પ્રયત્ન** કરો છો તોપણ વચ્ચમાંથી નિરાશ થઈ મૂકી દોછો તમો તમારા શરીરમા ધ્યાનદૃષ્ટિથી જોશો તો **આપોઆપ** અનુભવજ્ઞાને **આત્મા** જણાશે. તમો પરમેશ્વર તમારી પાસે છતા તમારા હૃદયમા છતા **મનુષ્યગતિમા** જણાવવાનો નબર છતા તમને જોવાની ગરજ નથી જોવાની નવરાશ નથી તો તમારા **આત્માને** તમે દેખી શકવાના નથી અને તમે તે આત્મામા રહેલુ **અનન્ત સુખ** ભોગવી શકવાના નથી નક્કી એ ખરી વાત માનજો ગગા નદી ઉત્તરમા છ ગગા ગગા એમ કરો છો અને દક્ષિણ દિશા તરફ ધસ્યા જાઓ છો તો શી રીતે ગગા નદી દેખશો ભાઈ સમજો સમજો તમારી ભૂલ તમારી મેળે સમજી દૂર કરો અન્ય કોઈ કહેવા આવશે નહિ ખાવા પીવાની ફરવા ફરવાની મિત્રાદિને હળવા મળવાની વ્યવહારના અસખ્ય કામો કરવાની તમને નવરાશ મળે છે નાટકો ચેટકો જોવાની અને રમત ગમત કરવાની તમને નવરાશ મળે છે અને હૃદયમાં **આત્મરૂપ પરમાત્માને** શોધવાની ખેળવાની તમને નવરાશ મળતી નથી બહુ સારૂ બહાર ફર્યા કરો મોજશોખ

મારો બહાર સુખ શોધ્યા કરો **ચિન્તામણિ રત્નની** ઉપેક્ષા કર્યા કરો, અને ઘૂમાડના બાચક ભરી ભરીને બહુ માણી કરી લ્યો આખરે તમારી પેટી ખાલી ખ થશે ત્યારે અને દરિદ્રતાનુ દુખ જણાયે છતે **મન મન્દિરમા આત્માના** દર્શન કરવા પધારજો

દેહ દેવળમા **અસંખ્યપ્રદેશી દેવ** વસે છે, એવુ તમે શ્રદ્ધાપૂર્વક માનોછો તેની ખાતરી શી ? જો તમે મા ર તાજ હો ? શરીરમા **પરમાત્મા** છે તો શા તમે તેને ગોધો પણ તમે શા નથી શોધતા એ શુ દર્શાવે છે ? એ જ કે તમને શરીરમા વ્યાપી રહેલા **અસંખ્યપ્રદેશી પરમાત્મા મત્તાએ** છે તેની ખાતરી નથી, ખાતરી થઇ હોય તોપણ તમને અગત્ય જણાઈ નથી કૂવામા જળ છે એવુ જાણતા છતા તૃષાતુર મનુષ્ય કૂવામાથી જળ કાઢ વાનો પ્રયત્ન ન કરે તો શુ સમજવુ ? એજ કે તેને હજી તરસ બરાબર લાગી નથી અથવા આળસુનો એદી છે તેમ તમે પણ શરીરમા **પરમેશ્વર** છતા તેની ખાતરી કરી તમે તેનુ સ્મરણ કરતા નથી તેથી એમ સિદ્ધ થાય છે કે તમારે તેની જરૂર નથી અથવા તમે આળસુના એદી છો **આત્મા** એ શુ છે ? સર્વસુખનુ નિધાન છે, સમગ્ર

કલ્યાણનો ભંડાર છે સમગ્ર શાસ્ત્રનો મહોદધિ છે કૈવલ્ય જ્ઞાનનો નિધિ છે સુખ, ઐશ્વર્ય, કલ્યાણને તો તમો રાત્રી દિવસ ઇચ્છો છો એ પ્રાપ્ત કરવા તો તમે રાત્રી દિવસ મરી મટો છો એ પ્રાપ્ત કરવા માટે રાત્રી કે દિવસ તમે જોતા નથી તડકો કે ટાઢ, ભૂખ કે તરસ તમે જોતા નથી, અને તે સુખ કલ્યાણ મેળવવા જન્મથી તે મરણ પર્યંત અપાર પ્રયત્ન કરો છો ગમે તેવા ભયકર સ્થળમા કે દેશાતર જવુ હોય તો સુખનેમાટે તમે જાઓ છો, મરણનો ભય પણ ગણતા નથી, તેના કરતા જેમા સત્ય અનન્ત સુખ રહેલુ છે એવા **આત્મરૂપ પરમાત્માના** સામુ તો કદિ પણ જોતા નથી, તે **પરમાત્માનું** જ્ઞાન પણ સદ્‌ગુરૂ પાસેથી સાભળતા નથી અને સદ્‌ગુરૂ જો તમને તે **આત્મરૂપ પ્રભુનુ** સ્વરૂપ સમજાવે છે તોપણ તમને તે તરફ પ્રીતિ થતી નથી, આ સર્વ શ બનાવે છે ? કે તમે તે **પરમાત્માના** સુખનો અનુભવ જાણ્યો નથી. અને તે તરફ લક્ષ્ય આપ્યુ નથી

ખરેખર સુખ **અંતર**મા છે, બાહ્ય પદાર્થમા સુખ નથી, શાતિ ખરેખર **આત્મામા** જ છે, બાહ્ય નથી, સા

નવાન્ સુખને પોતાનામા શોધે છે ત્યારે અજ્ઞાની સુખને જગતના દ્રશ્ય પદાર્થોમા શોધે છે

યાદ રાખો, યાદ રાખો કે સુખ આત્મામા છે, **આત્મામાથી** જ તે સુખને પ્રાપ્ત કરવા પ્રયત્ન સેવવો એ કદી પણ નિષ્ફળ ન જાય એવો **અમોઘ ઉપાય છે.**

સુજ્ઞ સુખ સાધકો ! સમજો કે–હોજમા અથવા ટાકીમા બહારથી આણીને ભરેલુ જળ થોડા દિવસમા ખાલી થઈ જાય છે, પરતુ પાતાળ ફોડીને કુવામા કાઢેલુ પાણી સદા અખૂટ રહે છે, લાગટ તે પાણીને પાચ પાચ કોસવડે કાઢવામા આવે તોપણ તે ખૂટતુ નથી, આ શું વાત તમારા સમજવામા નથી, સમજો છો તોપણ તે પ્રમાણે વર્તાતુ નથી આ શુ ઓછી ખેદકારક વાત છે

આત્મા એ પાતાળી કુવો છે, અને તેમાથી **સુખ રૂપ** જળ પ્રાપ્ત કરવાને જેઓ અતર પ્રયત્ન સેવે છે, તેમને સુખ અનત મળે છે, **આત્માનુ** સત્ય સુખ કદાપિ નષ્ટ થવાનુ નથી

આ કથાનું તાત્પર્ય શુ છે ? એજ કે **આત્મસ્વરૂપ** પ્રતિ **અભિમુખતા** સાધવી–**આત્મસ્વરૂપમા** સલગ્ન થવુ વૃત્તિની એકાગ્રતા પૂર્વક **આત્મધ્યાન** કરવું એ સર્વ

પ્રકારના પ્રયત્નોમા શ્રેષ્ટ પ્રયત્ન છે એ સિદ્ધાન **સત્ય** ભાસતો હોય તો એ સિદ્ધાત સ્વીકારો અન્ધશ્રદ્ધાથી સ્વીગરતા નહીં પરતુ ન્યાયપુરસર વિચાર કરીને તે સિદ્ધાંત સ્વીકારો યથાર્થ સ્વીકારાની તથા યથાર્થ શ્રદ્ધાનીજ પ્રથમ આવશ્યક્તા છે તમો સકલ્પ વિકલ્પ દૂર કરો વિચર ઓછા કરો તો આ **આત્મ**પ્રતિ અભિમુખતા સાધો આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના સકલ્પ વિકલ્પથીજ અનેક પ્રકારના શરીરની રચના થાય છે **પરભાવસંકલ્પ વિકલ્પ** એજ ગતિ આગતિનો હેતુ છે કીડીયારાની પેઠે તમારા મનમા ખરાબ વિચાર ઉભરાતા હો નહિ કોઇ પણ વસ્તુ સબધી ચિન્તાના વિચારો કરો નહિ ચિતાના વિચાર એ **ઉધેહી** સમાન છે જેમ ઉધેહિ જેને વળગી તેનો નાશ કરે છે તેમ **ચિન્તાના** વિચારો જેને વળગ્યા તેનો નાશ કરે છે માટે તમે ખરાબ વિચારને મનમા રહેવાની જગા આપો નહીં જો તે મનમન્દિરમા ખરાબ વિચારોએ પ્રવેશ કર્યો તો આખા મનમન્દિરને ખરાબ કરી નાખશે, અને તેથી મનમન્દિરમા **આત્મરૂપી પરમેશ્વર** બીરાજમાન થશે નહીં એ ખરાબ વિચારોથી **મનમન્દિર** અપવિત્ર થઇ જશે નક્કી આ વાત ખરી સમજજો હો

માટે ખરાબ વિચાર આવતા તુરત તેને રોકવા, અને સારા વિચાર કરવા, અગર સારા **અધ્યાત્મપુસ્તકો** વાચવા બેસી જવુ વા ખરાબ વિચારો એક પછી એક પ્રસંગવશાત્ જોરથી મનમા પેસવા આવે અને તે તેમ કર્યા ખમે નહીં તો તમો ઉંચે સ્વરેથી સારા સારા વૈરાગ્યકારક પદો, ભજનો, સ્તવનો ગાજો અને તે સ્થાન બદલજો એટલે ખરાબ વિચારોનુ જોર ચાલશે નહીં અને પોતાની મેળે વિદાય થશે એટલે તમારૂ **મનમન્દિર** પવિત્ર રહેશે, અને **આત્માના** વિચારો કરવાથી તુરત તમને **આનન્દ શાન્તિસુખ** મળશે, અને તમારો **આત્મા** નવીન કર્મથી મલીન થશે નહીં આનુ બહુ મનન કરજો, અને પ્રત્યેક ક્ષણે આ પ્રમાણે વર્તવાની ટેવ પાડવાથી તમારો **આત્મા** સહેજે **ઉત્તમગુણવાળો** થશે, અને તમે **મોક્ષસુખ** પ્રગટાવશો એમ તમને વિશ્વાસ આવશે

તમે દુખી છો તો તેમા અન્ય કોઇનો જરા પણ દોષ નથી તમે પોતેજ તેના દુખના વિચારો સેવી તમારી મેળેજ દુઃખ પેદા કર્યુ છે, કારણ કે,–વિચાર સર્વ શક્તિ માન્ છે અનેક પ્રકારના સારા બૂરા વિચારના વિભાગને– **કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા,**

પદ્મલેશ્યા, અને **શુક્લલેશ્યા** છ લેશ્યા તરીકે શ્રી સર્વજ્ઞ તીર્થંકર ભગવાન્ કહે છે, અને તે વિચારથીજ **પુણ્ય-પાપ** બંધાય છે, અને બંધાય છે પ્રિય સાધકો, સમજો કે,—**પ્રસન્નચંદ્રરાજર્ષિ** કે જે દીક્ષા અંગીકાર કરી ની રસ્તુના સમયમા કાઉસગ્ગ ધ્યાને રહ્યા હતા પ્રસંગવશાત્ અન્યજનના શબ્દ શ્રવણથી તેમના મનમા ખરાબ વિચાર આવ્યો અને જેમ જેમ તે અન્ય પ્રાણીઓને નાશ કરવાના પાપી વિચાર કરવા માંડ્યા કે, તુરતજ તેઓ પ્રથમ નરક આદિ સાતે નરકના દળીયા ઉપાર્જન કરવા લાગ્યા આ પ્રસંગે વીરપ્રભુને શ્રેણિક રાજાએ પુછ્યુ કે—**પ્રસન્નચંદ્ર** મરે તો ક્યા જાય ? ત્યારે શ્રી વીરપ્રભુએ પહેલી નરક, બીજી નરક, યાવત્ સાતમી નરક બતાવી, પ્રસન્નચંદ્ર રાજઋષિ લડાઇના વિચારમાથી સારા વિચારોની ભાવનામા ચડ્યા એટલે તેમણે **નરકગતિ યોગ્ય** બાંધેલા કર્મના દળીયા વિખેરી નાખ્યા, અને અંતે ઉત્તમશુક્લ ધ્યાનમા ચડી ઘાતીકર્મ ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષપ પામ્યા સજ્જનો હવે વિચારો કે, વિચારમા કેટલું બળ છ ? અચિંત્ય શક્તિ વિચારમા રહી છે માટે તમે ખરાબ વિચાર કરશો નહીં આ ભવમા અ[illegible] તમે

ભોગવો છો તે પૂર્વભવમા સેવેલી નઠારી **લેશ્યાના** વિચારો છે, એમ નકી સમજો હવે એ દુર્ધ્ય તે લેશ્યાથી નિર્માણ થએના કર્મથી ઉદયમા આવ્યુ છે તે ભોગવવુ પડે છે દુનિયામા અનેક જીવો **સારાં** અગર **નઠારાં** કર્મના ફળ ભોગવતા નજરે પડે છે તે સર્વે વિચારનુ ફળ છે મનુષ્ય જેવુ ઇચ્છે છે તેવુ વિચારથી પામે છે જેવા વિચાર સેવવામા આવે છે તેવો જીવ બની જાય છે તમે ચિંતાના વિચારને સેવશો તો અલ્પ સમયમા તમને જ્યાથી ત્યાથી ચિંતાના કારણોજ ઉભા થએના ભાસશે વિચારનુ સામર્થ્ય મનુષ્યો જાણે છે તે કરતા મોટુ છે તમે રોગી છો, દરિદ્રી છો તમારી જે કઇ અપ્રિય સ્થિતિ તમને મળી હોય, તે સ્થિતિને પ્રાપ્ત કરવામા તમે પોતેજ કારણીભૂત છો તમારા પૂર્વ ભવના વિચારે જ તમે જે ભોગવો છો તે આપ્યુ છે

દીવાના ઉપર કાળી હાડી હાંકતા કાળો પ્રકાશ આવે છે તેમા શુ દીવાનો દોષ છે ? અથવા તેના ઉપર ઘડો હાંકતા બીલકુલ પ્રકાશ પડે નહીં તેમા શુ દીવાનો દોષ સમજવો ? કાળી હાંડીમા કાળો પ્રકાશ, લીલામા લીલો પ્રકાશ મળશે ઘડામા દીવો મૂકશો તો પ્રકાશ બંધ થશે

તેમ અત્ર સમજવુ કે, **પાપના** વિચારો સેવશો તો પાપી બનો તેમાં અન્યનો શો દોષ ? પુણ્યના વિચારો સેવો તો **પુણ્યશાળી** બનો નરકગતિ યોગ્ય લેશ્યાના વિચારો સેવો તો **નરકમાં** જાઓ તેમા બીજાનો શો દોષ—નભાગી નેજ પોતે વિચારો સેવ્યા છે માટે તેના અનુસારે ફળ ભોગવ વાજ પડશે તેમા શું આશ્ચર્ય ? જ્ઞાનનું આચ્છાદન કરે તેને જ્ઞાનાવરણીયકર્મ કહે છે ના । ૮ તે **દીપક** સમાન છે જ્ઞાન પંચ પ્રકારે છે **મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન** અને **કેવળજ્ઞાન,** એ ના । ૫ આચ્છાદન, જ્ઞાનીની નિંદા કરવાથી થાય છે જ્ઞાનીના ઉપર કલંક ચડાવવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે આ **આત્મજ્ઞાન** આપ્યુ હોય એવા ગુરૂ મહારાજના ઉપર દ્વેષ કરવાથી વા તેમનો અવિનય કરવાથી તેમના ઉપર ક્રોધ કરવાથી તેમની બ મોઇ વાથી જ્ઞાનાવરણીયકર્મ બંધાય છે વા તેવા **આત્મજ્ઞાની** ગુરૂ પાસેથી જ્ઞાન લેઇ બીજાની પાસે હું ભણ્યો છુ એમ કહેવાથી જ્ઞાનાવરણીયકર્મ બંધાય છે અને ભણેલું જ્ઞાન ફળીભૂત થતુ નથી, જ્ઞાનીની નિંદા કરનાર ઉત્સૂત્ર ભાષણ કરનાર જ્ઞાનીનો અવિનય કરનાર મનુષ્ય જ્ઞાનાવરણીયકર્મ સમુપાર્જન કરે છે વળી જ્ઞાનીને

એમ કહે કે એને તો એક અક્ષર પણ આવડતો નથી વા તેનામાં અમુક પ્રકારના દોષો છે, તેણે તો અમુક કામ કર્યું હતુ તેના લક્ષણ તો ખરાબ છે એમ બીજાની આગળ કહી જ્ઞાનીની તેના **નિંદા** કરે છે, તે જ્ઞાનાવરણીયકર્મ ઉપાર્જન કરી મૂઢ અજ્ઞાની બને છે **આત્મામાં** રહેલુ જ્ઞાન દીવા સમાન પ્રકાશે છે તેને માટીના ઘડા સમાન જ્ઞાનાવરણીયકર્મ લાગવાથી જ્ઞાન **આત્મામાં** ને **આત્મા સત્તાએ** રહે છે, તેનો બહાર પ્રકાશ પડતો નથી, એ જ્ઞાનાવરણીયકર્મ જેટલુ જેટલુ આત્માના પ્રદેશોથી ખસે છે, તેનો તેટલો જ્ઞાનનો પ્રકાશ પડે છે કોઇની મતિ સૂક્ષ્મને માટી હોય છે અને કોઇની મતિ સ્થૂલ હોય છે તે બાબત સમજવુ કે જ્ઞાનાવરણીયકર્મના આચ્છાદાન જેને વિશેષ દૂર થયા છે તેને જ્ઞાન વિશેષ પ્રાપ્ત થાય છે, અને જેને જ્ઞાનાવરણીયકર્મના આવરણ થોડા ખસ્યા છે, તે થોડો બુદ્ધિમાન્ હોય છે

હવે સમજો કે દીવાની ઉપર ઉંધો પાડેલો ઘડો જે છે તે ઘડાને પાંચ છ મોટા કાણા પાડીએ તો પ્રકાશ વિશેષ આવશે તેમ જ્ઞાનાવરણીયકર્મનો ક્ષય કરવા વિદ્યાભ્યાસ, સુગુરુ ઉપાસના, જ્ઞાનીનો વિનય વિગેરે કર્યો હોય

તો **મતિજ્ઞાન શ્રુતજ્ઞાન** અને **અવધિજ્ઞાનના** પ્રમારે વિશેષ પ્રકાશ પણ જ્ઞાનનો થાય બીલકુલ ધ ાનો નાશ કરવામા આવે તો સ્વચ્છ નિરાવરણ દીવાનો પ્રકાશ પડે તેમ પાચે પ્રકારના આવરણોનો બીલકુલ ક્ષય કરી નાખ્યો હોય, અથવા તેનો ક્ષય કરવા ઉદ્યમ કરીએ તો જ્ઞાનના આવરણ રહિત નિવારણ **કેવલજ્ઞાન આત્મામાં** પ્રગટ કરી શકીએ તમારે સપૂર્ણ કેવલજ્ઞાન જોઇતું હોય તો **જ્ઞાનાવરણોને** દૂર કરવા પ્રયત્ન સેવ્યા કરો તમોએ જ્યા સુધી તમારૂં કાર્ય સિદ્ધ કર્યું નથી ત્યા સુધી ગુરૂ આજ્ઞાએ આ સર્વ પ્રયત્ન સેવ્યા કરને નહી તમો નિજ યના ..કા વધારશો **સુગુરૂભગવાન્**ની આજ્ઞા પ્રમાણે અને તેમની સ્તુતિદ્વારા આ કાર્યમા પ્રવૃત્તિ કરવાથી તમા રામા ગુરૂની કૃપાથી **અપૂર્વશક્તિ** જાગશે હવે મૂળ વિષય ઉપર આપણે વિચાર સબધીની શક્તિ તપાસીએ છીએ હવે તમે સમજ્યા હશો કે તમો જ્યા થી સમ જણા થયા તે પહેલા કેવા વિચારો સેવ્યા કરતા હતા આજ સુધી તેવા ખરાબ વિચારો સેવ્યા તેનું ફળ શુ તમને નહી મળે ત્યારે હવે શુ કરવુ **પશ્ચાતાપ** કરો અરિહત સિદ્ધ ગુરૂ, આત્માની સાક્ષીએ **માફ માગો**

ક્ષમા માગો. ખરાબ વિચાર નહી કરવાની મનમાં દઢ પ્રતિજ્ઞા કરો. આજ સુધીમાં તમે કેવી ઉંધી બાજી રમી છે. ભાઇ હવે વાતો કરીને બેશી રહેવાનું નથી તમે હવે સમજો કેન્નજરમાં આવે તેવા વિચાર કરવાથી પોતાની કેટલી હાનિ થાય છે; રાગના વિચારો, દ્વેષના વિચારો, કપટના વિચારો, લોભના વિચારો, અદેખાઇના વિચારો, હિંસાના વિચારો, અસત્યના વિચારો, પરસ્ત્રી સેવ્યાના વિચારો, પારકી નિંદાના વિચારો. વિશ્વાસઘાતના વિચારો, અન્યને કલંક ચઢાવવાના વિચારો, લડાઇના વિચારો, દગા પ્રપંચ વિગેરેના વિચારો હરતાં ને ફરતાં ચાલતાં ને હાલતાં, બેસતાં ને ઉઠતાં, રાત્રી અને દિવસ; ખાતાં પીતાં, લખતાં ને વાંચતાં તમોએ વારંવાર કરી કરીને પોતે પોતાને કેટલી હાનિ કરી છે ? અને તેથી તમારા **આત્માને** કેટલો **અધમ** બનાવ્યો છે. તે શું તમો પોતે નથી જાણી શકતા ? અવશ્ય જાણો છો. કરો તો તેનો વિચાર, કેટલું ખરું તમે ખોયું છે. તમોએ તમારી જીંદગાની ધૂળધાણી કરી નાખી છે. તમોએ પોતેજ દરીયામાં તરનાર તમારા વહાણમાં હાથે કરીને કાણાં કાણાં પાડી નાંખ્યાં છે તેથી તેનાથી થતી હાનિ તમારે **અવશ્યને અવશ્ય** વેઠવી પડશે. છુટકો

થવ તો નથી હજી પણ શું તમે તેવા ખરાબ વિચારો કરતા નહીં અટકો? અથવા જાણ્યા પછી નહિ કરવામાં આવે તો **મૂર્ખતા** કહેવાય તમને દુઃખ સહન ખરાબ લાગે છે અને તે દુઃખમાંથી મુક્ત થવા વારંવાર ઇચ્છા કરો છો ભાઇ તે દુઃખમાંથી મુક્ત થવું હોય તો ઉપરના ખરાબ વિચારો દૂર કરો તેને **મનમાં** આવવા દેશો નહિ તમો દરરોજ મસાના દરદથી પીડા પામો છો અને બૂમો પાડો છો દવાને માટે વારંવાર પૂછ્યા કરો છો ત્યારે વૈદ્યે દવા આપી ખરૂં ખાટું મરચું લાગવાની મનાઇ કરી તમે દવા ખાઓ છો અને ઉપર મૂકે મૂઠ મરચાં ખાઓ છો શું તમને થએલું **મસાનું** દર્દ મટવાનું? શી રીતે મટે? ઉલટું વધવાનું અને વિશેષ દુઃખી થવાના એમ નક્કી સમજજો તેમ તમે આજ સુધી ખરાબ વિચારો સેવી દુઃખી થયા છો અને હજી ખરાબ વિચારો સેવો છો તેથી ભવિષ્યકાળમાં હજારવાર દુઃખી થશો અને ખરાબ યોનિમાં અવતાર ગ્રહણ કરવા પડશે અને ત્યાં **આત્મશક્તિ** ખીલવવાના કારણો નહીં મળે તે યાદ રાખજો મનુષ્યયોનિમાંજ **આત્મા, પરમાત્મપદ** જગાવી શકે છે અન્યગતિમાં **મોક્ષપદ** મેળવાતું નથી માટે પ્રિય ભાઈ ખરાબ વિચારોને તમે આજથી દેશવટો આપો? આપો.

હવે તમને સમજાશે કે **આત્માનુ ઐશ્વર્ય** પ્રગટ ન થવા દેવામા તમે કેના આડા પથરાઓ નાખ્યા છે ? તે હવે તમને સ્પષ્ટ થશે, કોઇ મનુષ્યે જરા અપ્રિયવચન કહ્યુ કે વાઘની પેઠે તમે તાડુકો કરો છો, અને સામા પાચ પચાસ ગાળોના ગોળા છોડો છો, તેમા કોની હાનિ થઇ, એ તમારા લક્ષમા આવે છે ? **મૈત્રના** ઉપર દ્વેષ કરવાથી તથા **મૈત્રના** ઉપર અદેખાઇના વિચારથી ખરી રીતે જોતા કોનુ બગડે છે, તે હવે તમને સ્પષ્ટ જણાય છે, પાચ દશ જણા ભેગા થઇ નકામા વાતોના તડાકા મારી આડાઅવળા મનમા આવે તેવા કુવિચારો કરો છો, તેમા કોનુ બગડે છે ? સમજો કે તેમા તમારૂ બગડે છે, માઝ વિનાના ગપાટા હાકવાથી ઢગધડ વિનાનુ અગડમગડ ભસવાથી તમારૂજ બગડે છે, અને તમેજ દુખી થાઓ છો, એમ નક્કી સમજજો, લીંબડાનુ ઝાડ વાની લીંબોળીજ પામવાના, આમાની આશા રાખશો નહીં આ કથન આરસી જેવુ તમને સ્પષ્ટ ભાસ્યા વિના રહેશે નહીં.

અને એજ ઉપરથી વિચારતા માલુમ પડશે કે **જાગ્રત** અવસ્થાના સર્વકાળમા શુદ્ધ વિચાર કરવાની કેટલી બધી આવશ્યકતા છે, **આત્મધર્મના** વિચારમા નિરન્તર નિમગ્ન



રહેવાથી કેવા લાભ થવાનો સભવ છે? સારા ગુણોને ધારણ કરવાથી સર્વમા આત્મબુદ્ધિ ધારણ કરવાથી અને કોઈ ઉનના અતકરણને નહિ દુખવવાથી, ધ્યાનનો ઉપદેશ દેવાથી અભયદાન સુપાત્રદાનનું અર્પણ કરવાથી, ક્ષમા નિર્લોભતા બ્રહ્મચર્ય વિવેક કરુણાદિને સેવી નિરતર મનની સ્વસ્થતા રાખવાથી કેવા દૈવી સુખો મળવાનો તમને સભવ છે? એ સર્વ તમને હવે સ્પષ્ટ સમજાશે અરિહત સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય અને સાધુ એ પચપરમેષ્ઠીમય નવકાર મત્ર જપવાથી અને તે પ્રત્યેકના ગુણો સભારી સભારી મનન કર્યાથી મળે તે યાદ રાખજો મનુષ્યગતિમાજ આત્મા પરમાત્મપદ પ્રગટાવી શકે છે, અન્યગતિમા મોક્ષપદ મેળવાતુ નથી, માટે પ્રિયભાઇ!! ખરાબ વિચારોને તમે આજથી દેશવટો આપો, આપોને આપો

જે જે મનુષ્યો દુખી જણાય છે તે તેમના પૂર્વ ભવ-જન્મના અશુભ વિચારોના અશુભ આચારોના પરિણામથી છે જે જે મનુષ્યો સુખી જણાય છે, અને શાતા વેદનીયના ફળ નિરોગતા ઇચ્છાનુકુળપદાર્થોની પ્રાપ્તિ, ઉત્તમ વૈભવ, સુસ્થાન, વિગેરે ભોગવે છે, તે તેમના પૂર્વ જન્મોમા કરેલા શુભ વિચારોના તથા શુભ આચારોના

પરિણામ છે. **શુભવિચાર** પુણ્યનાં દલીયાંનો આત્માની સાથે સંબંધ કરાવી તેના યોગે સર્વ શુભ પદાર્થને દ્રવ્ય જગતમાં પ્રત્યક્ષપણે આપણી સાથે સંબંધ કરાવી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ યોગે તેનાં સારાં ફળ શાતા રૂપે દેખાડે છે, અને તે આપણે અનુભવીએ છીએ. **શુભ વિચારથી** જે **પુણ્ય** બંધાય છે તે પુણ્યના બે ભેદ છે. ૧ **દ્રવ્ય પુણ્ય** બીજું **ભાવ પુણ્ય**, આત્માની સાથે પૌદ્ગલિક શુભ દળીયાં બંધાય છે તેને **દ્રવ્ય પુણ્ય** કહે છે અને તે પૌદ્ગલિક શુભ દળીયાં જે બંધાયેલાં છે તે **દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ,** યોગે ઉદયમાં આવીને શુભ ફળ દેખાડે છે. તેને **ભાવ પુણ્ય** કહે છે. **પાપ**ના પણ બે ભેદ છે. ૧. **દ્રવ્ય પાપ.** ૨. **ભાવ પાપ.** ૧. આત્માના પ્રદેશોની સહ પૌદ્ગલિક અશુભ દળીયાં, **મન વચન કાયાના** અશુભ યોગે રાગ દ્વેષે કરી બંધાય છે, **તથા સત્તામાં** રહેલાં **અશુભ કર્મદલિકને દ્રવ્ય પાપ** કહે છે, અને તે **દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ,** યોગે ઉદયમાં આવી અશાતા વેદનીય રૂપ અશુભ ફળ દેખાડે છે. તેને **ભાવપાપ** કહે છે. વળી **પુણ્ય** અને **પાપ**ની ચતુર્ભંગી ઉત્પન્ન થાય છે તે દર્શાવે

૯ ૧ પુણ્યાનુબંધી પુણ્ય ૨ પુણ્યાનુબંધી પાપ. ૩ પાપાનુબંધી પુણ્ય. ૪ પાપાનુબંધી પાપ.

૧. પુણ્યાનુબંધી પુણ્ય—જે પુણ્યના ઉદયથી ભોગવતા તે પુણ્યના યોગે શુભ મનવચન ને કાયાના યોગે કરી આત્મા પાછુ પુણ્ય ઉપાર્જન કરે છે, તેને પુણ્યાનુબંધી પુણ્ય કહે છે જેમ કુમારપાળ રાજા, ધન્ના શાલીભદ્ર ને સતી સનતિગણ, વગેરેના દૃષ્ટાંતો જાણવા તેમ હાલ પણ જે મોટા ગૃહસ્થ, ખાનદાન, નગરશેઠના ગૃહસ્થ પુત્ર વિગેરે પૂર્વજન્મ પુણ્યોને શાતા ભોગવે છે, અને જે શુદ્ધ ધર્મની શ્રદ્ધા પામી પાછા શુભ કાર્ય કરે છે, તેઓ પુણ્ય બાંધે છે માટે તે પુણ્યાનુબંધી પુણ્ય જાણવુ જેઓ દીક્ષા અંગીકાર કરે છે તેમને પણ **પુણ્યાનુબંધી પુણ્ય** શુભયોગે બંધાય છે અને શાસ્ત્રમા પણ કહ્યુ છે કે–મહા પુણ્યની સામગ્રીએ **મનુષ્ય** જન્મની પ્રાપ્તિ થાય છે તેમા પણ મહા પુણ્યવંત હોય તે **સત્યધર્મ** શ્રવણ કરી શકે છે, અને તેમા પણ મહાપુણ્ય હોય તો સત્ય ધર્મની શ્રદ્ધા થાય છે અને તેના કરતા પણ મહાપુણ્ય જો હોય તે વિરતિપણુ અંગીકાર કરે છે અને સર્વ કરતાં અનંતિ પુણ્યની રાશિ ભેગી થઇ હોય તો **ચારિત્ર** ગ્રહણ કરવુ

ઉદયમા આવે છે અને તેના ગતા પણ **અનતિ પુણ્ય રાશિની** સામગ્રી મપ્રાપ્ત થઇ હોય તો **ભાવચારિત્ર** ઉદયમા આવે છે **પુણ્યાનુબધી** પુણ્ય યોગે જીવ ઉચ્ચ દશાને અનુક્રમે પામી સમકિતરૂપીસેનાપતિની સાહાયે કર્મરૂપશત્રુ જીતી **પરમાત્મપદ સપ્રાપ્ત** કરી **પચમ** ગતિને પ્રાપ્ત કરે છે

૨.—પુણ્યાનુબધી પાપ—દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ યોગે **પાપોદય** વેદતા પણ તથાપ્રકારની સામગ્રી યોગે શુદ્ધધર્મનુ શ્રવણ કરતો તથા શ્રદ્ધા કરતો, શુભ મન, વચન, કાયાના યોગ દ્વારા શુભ રાગ દ્વેષના યોગે પુણ્યના દળીયા ગ્રહણ કરે છે તેને **પુણ્યાનુબધી પાપ** કહે છે એટલે કોઈ જીવ બાન ગરીબ નિર્ધન હોય અને નને અને દાતને વેર હોય છે, તેવો પણ કોઇ સદગુરૂને પામી મલ ધર્મનો ઉપદેશ શ્રવણ કરી કૃત્ય કૃત્ય થયો છતો એવુ ચિંતવે કે પૂર્વ ભવમા અશુભ નિયાગ રૂપ વેશ્યાના યોગે અશુભ કર્મ પાપ રૂપ ઉપાર્જ્યુ છે તે અશુભ કર્મ આ ગતિમા ઉદય આવ્યુ છે તેના વિપાક ભોગવવા પડે છે તેમા દુખ ધર નહીં ! જ્યા સુધી અશુભ કર્મના ઉદયનો કાળ પૂર્ણ થયો નથી ત્યા સુધી દુખ ભોગવવુ પડશે તેમા

છુટકો થવાનો નથી રાજા હો રંક હો ભીખારી હો ઇન્દ્ર હો, નર હો વા નારી હો પણ જેને **અશુભકર્મ** જેવા પ્રકારનું બાંધ્યુ છે તેને તેવા પ્રકારનો ઉદય હોય, હોય તેમ ભાગ ભાગ ભાગે થતા તે ભોગવવુંજ પડે છે, કોઇ જીવે એવું કર્મ ઉપાર્જન કર્યું હોય છે કે તે માતાના પેટમાંને પેટમાંજ મરી જાય છે વળી કોઇ જીવે એવું કર્મ કર્યું હોય છે કે તે માતાના પેટમાંથી બહાર નીકળતા આડો આવે છે ત્યારે માત મરી જાય એવી થાય છે અને વળી ઘણા ઉપાયો કરતા તે નહિ નીકળી શકે તો તેને કાપીને પણ બહાર કાઢવામાં આવે છે કોઇ જીવ અંધ જન્મે છે, કોઇ જીવ બહેરા જન્મે છે તે સર્વ, કર્મનો વિપાક છે, કરેલા કર્મનો ક્ષય થતો નથી અશુભ કર્મનો ઉદય થતા **રામચન્દ્રજીને** વનવાસ જવું પડ્યું અને વળી સીતાને માથે કલંકનું આળ ચડ્યું તે પણ અશુભ કર્મના ઉદયથી જાણવું મુંજરાજને અશુભ કર્મનો ઉદય થતા ઘેર ઘેર ભીક્ષા માગવી પડી વળી શુભ કર્મનો ઉદય થતા રંક તે પણ રાજા બની જાય છે, વળી શુભ કર્મનો ઉદય થતા નિર્ધન હોય છતા તેને એવી બુદ્ધિ થાય કે ચાલ ના આપણે પથ્થરની ખાણ ખોદીએ, અને તે પથ્થરની

ખાણ ખોદતાં એકદમ રત્ન હાથમાં આવી જાય અને તે વેચી કરોડાધિપતિ બને, એ સર્વ બનવું શકય છે, એમ નિર્ધન પણ ચિંતવતો **સામાયિક, પોષધ, પ્રતિક્રમણ, સદ્દગુરૂ વૈયાવૃત્ય, અભયદાન, સુપાત્રદાન** મનથી પણ શુભ વિચાર કરતો **ભાવનાભાવતો** વિચરે છે, તે પ્રમાણે વર્તે છે, તેને **પુણ્યાનુબંધી પાપ** કહેવાય છે, હાલ દુઃખ ભોગવતો હોય, ગરીબ નિર્ધન હોય પણ તે ધર્મ કરે છે, તેથી **પુણ્ય** બાંધે છે અને બીજા ભવમાં **પુણ્ય**નાં ફળ ભોગવશે, **ઇતિ દ્વિતીયભંગમ્:**

૩. પાપાનુબંધી પુણ્ય—જે જીવ હાલ પુણ્યના ઉદયે રાજ્યરૂદ્ધિ ભોગવે છે. મોટા મોટા વેપાર કરી કરોડો રૂપૈયા પેદા કરી મોટા બંગલા વાડીઓ બાંધે છે, અને ગાડીમાં બેશી ધમધમ ગાડી ચલાવે છે, અને તાનમાં માનમાં **તાડીદારૂ**ના પ્યાલા ગટગટાવે છે. હજારો જીવોને બંદૂકવતી મારી નાખે છે. વળી માછલાંને પીલાવી હજારો મણ તેલ કાઢી વેચી લક્ષાધિપતિ બની એંશ આરામ ભોગવે છે લાખો બકરાં, ગાયોનાં જાનવરોનાં ગળાં રેંશી તેનું માંસ ચામડી વેચી પૈસાદાર બની જીવન ગાળે છે, **પુણ્યપાપ** ને ગણતો નથી. જીવ હિંસાના, ચોરીના વ્યાપારથી તાલેવ

અન્ય બની સારૂ સારૂ માન છ વ્યભિચાર સેવે છે કે
કપટ કરે છ એક બીજાનો લાગે છ તે દેવ તથારમ
રેનુ **પુણ્ય ભોગવતા** હોય તો તેઓ પણા માનમ પડે છ
સારે તેઓ પાપી સુખ એમ આગમ કરમી ભોગવતા દેખી
ારે અજ્ઞાની કહે છે જુઓ ભાઈ **ધર્મીના ઘેર ધાડ,**
અને પાપીના ઘેર કુશળ મોગ મોગ સાહેબ લાગે ા
અમુક તેઓ પાપ કરે છે માટે તે સુખી થાય છે અને તેના
અવળા નાખેના પાગા પણ સવળા પ છ માટે ભાઈ
આ માગ તો **પાપ** કરવો ; જુઓને પાપી પુરો જ
સુખી દેખાય છે એમ જે કહે સમજ્યાથી બોલતો હશે
કે, હે નિયભાઈ તેઓ નગરના જીવો દાન તો પુણ્ય
ભોગવે છે પણ તે **પુણ્યથી અત્યત પાપ બધાય છે.**
અને તે પાપ પરભવમ તે જીવો ભોગવના મહા રૌરવ દુઃખ
પામશે ત્યા પાપાચારનુ રાજ્ય છે કે જેથી ગપ૭પ
ચાલુ જાય તથા નગરના તાકા મોગી પછી ભોગવના
હોય વા મહાસત્તા ધરી હોય તો પણ ધર્મસાધક નિય
સજ્જનોએ તેઓને દેખી મન ચચલ કરવુ નહી અને
અધર્મીઓને સુખ ભાગવતા દેખી ધર્મકૃત્ય મૂકી દેવા નહી,
મનમા એમ વિચારવુ કે **સારા કૃત્ય, સારા વિચાર અને**

નઠારાં કૃત્ય અને **નઠારા** વિચારનું ફળ બેઠા વિના રહેવાનું નથી. અને તે ફળ ભોગવવું પડશે. વળી વિચારવું કે કોઇ કસાઇ બકરીને સારો સારો ખોરાક ખવરાવે છે અને તેથી તે **મસ્તાન** બની ગઇ છે. પણ સમજવું કે તેનું **મસ્તાન** પણું થોડા દિવસનું છે, થોડા દિવસમાં કસાઈ, ગળું રેંશી નાંખશે. નક્કી સમજજો તેમ કોઇ અધર્મી પાપી ચોરી જારી કરતો હોય અને સુખ ભોગવતો હોય પણ સમજવું કે **પુણ્યનો** ઉદય મટતાં અને વળી મરતાં બકરીના જેવા હાલ થયા વિના રહેવાના નથી એમ નક્કી સમજજો અને સમજીને હૃદયમાં ઉતારજો. એવા પાપી જીવો સુખ ભોગવી **પાપ** કરી નરકમાં વા તિર્યંચની ગતિમાં જશે ત્યાં ભયંકર દુઃખો ભોગવવાં પડશે. શાસ્ત્રમાં આવા પ્રકારના **પુણ્યને પાપાનુબંધી પુણ્ય** કહે છે, એ **પાપાનુબંધી પુણ્યના** ભોક્તા દૂરભવી જીવો, વા અભવ્ય જીવો હોય છે. માટે તેવા જીવોનાં કૃત્યને વખાણવાં નહીં, અને તેવા જીવોના કૃત્યને વખાણવાના વિચારોથી **આત્મા** અશુભકર્મ સમુપાર્જન કરી આવતા જન્મમાં દુઃખનો ભોક્તા બને છે. માટે તેવું **આચરણ** થઇ ગયું હોય તો **પશ્ચાત્તાપ** કરવો. **સદ્ગુરુ** પાસે **આલોચના** લેવી. એ ત્રીજો ભંગ

ઉપર ઘણુ વિવેચન કરવા યોગ્ય છે પણ અત્ર પ્રસગોપાત્ત ટુકમા નિદર્શન કર્યું છે ઇતિ **તૃતીયભંગ**

૪ **પાપાનુબંધી પાપ**—જે પાપના ઉદયથી **અશાતા વેદનીય** ભોગવતા ન્હા પાછુ તેથી પાપ બાધવામા આવે તેને પાપાનુબંધી પાપ કહે છે, જેમકે ખરાબ નીચકુળ અવતાર તેમા પણ ખાવાનું પીવાનું મળે નહીં એવી સ્થિતિ પ્રાપ્ત થાય, તે વાઘરી ધીવર ચડાળ વિગેરે જાતી વા એવા પાપ ભોગવવાની અન્ય જાતિઓ અને તેમા **પાપનો** પાછો બંધ કરવામા આવે—એવા જાુગા ખેલવાના ધધા, હિંસા કરવાના જ ધધા, ચોરી કરવાના ધધા, મહા આરભ કરવાના ધધા, પ્રાણીઓને કાપી નાખવાના ધધા, બાળ હત્યા, સ્ત્રી હત્યા, સાધુ હત્યા, વિગેરે હત્યાઓ કરવી તે સર્વ **પાપાનુબંધી પાપ** જાણવુ એ **પાપાનુબંધી-પાપ** કરી જીવો, નર્ક અને **તિર્યંચ** આદિ ગતિમા અવતરે છે, અને ત્યા વિવિધ પ્રકારના દુખો ભોગવે છે, તાઢ, તડકા, ભૂખ, તૃષા વિગેરે અનેક પ્રકારના દુખ પીડાઓ ભોગવવી પડે છે

આ પ્રમાણે **પુણ્ય** અને **પાપ** પણ વિચારો રૂપ લેશ્યાનું જ ફળ છે કલ્યાણની ઇચ્છાવાળાએ શુદ્ધ વિચા-

રને હૃદયમા જાગ્રત કરવો આ ઠેકાણે સમજવુ કે, શુદ્ધ વિચાર એ **આત્માના** સ્વરૂપસબધી વિચાર જાણવો શુદ્ધ વિચાર એ **આત્મસ્વરુપ**ની પ્રાપ્તિ માટે ઉત્તમ શક્તિ છે, કર્મરૂપ બળતો અગ્નિ ઓલવવા **શુદ્ધ વિચાર** મેઘના જળની વૃષ્ટિ સમાન છે, **આત્મ**સ્વભાવ સર્વકાળ જાગ્રત રાખવો એ શુદ્ધ વિચારનો અવધિ છે, અને એજ **સર્વોત્તમભક્તિ** છે, શુદ્ધ વિચારથી **આત્મસ્વરૂપ**મા અખડ અનુસધાન કરવુ, એજ ભક્તિની **પરાકાષ્ઠા** છે, અત્યત પ્રેમે **આત્મારૂપ પરમાત્મ**સ્વરૂપને વાર વાર સ્મરવુ, **આત્મસ્વરુપના** લક્ષણોને **અંત કરણમાં** લીન પ્રેમથી સ્ફુરાવવા **આત્મધર્મ**ના વિચારથી વિજાતીય વિચારને મનમા પ્રગટવા ન દેવા, **આત્માના** શુદ્ધ ધર્મમા તન્મય થઇ જવુ, એજ ભક્તિનુ ઉચ્ચ શિખર છે, આવી માધારણ **અનન્ય ભક્તિ જ શુદ્ધ આત્મસ્વરુપ**ને પ્રગટાવે છે, અને મર્વજ્ઞ પદ આપે છે

વિદ્યા અને જ્ઞાન ક્યાથી ઉત્પન્ન થાય છે? શાસ્ત્રો સૂત્રો ગ્રથો ક્યાથી નીકળ્યા? જ્ઞાનીઓએ શાસ્ત્રો અને અનેક પ્રકારની તત્ત્વ વિદ્યાઓના વિચારો પ્રગટ ક્યા મૂળમાથી કર્યાં? તે તમે જાણો છો? હું તમને કહુંછુ કે—તે

સર્વનુ મૂળ **આત્મા આત્માને આત્માજ છે,** આત્મા વિના અન્ય કોઇ વસ્તુ નથી **આત્મામાથીજ કેવલજ્ઞાન કેવલદર્શન** અને **અનન્તવીર્ય** ઉત્પન્ન થાય છે, અઠ્ઠાવીશ લબ્ધિયો પણ **આત્મામાથીજ** પ્રગટે છે, અનેક પ્રકારના **ચમત્કાર** પણ **આત્મામાથીજ** પ્રગટે છે, મેરૂ પર્વતને કંપાવે, ધરણીને હલાવે, તારામંડળને અધઃપતન કરાવે એવા પ્રકારનુ સામર્થ્ય પણ **આત્મામાજ** છે, તમે સાંભળ્યુ વા જાણ્યુ છે કે ચોવીસમા તીર્થંકર શ્રી વીરપ્રભુને ઇ મહારાજ મેરૂ પર્વત ઉપર સ્નાત્ર મહોત્સવ કરાવવા લેઇ ગયા ત્યાં અનેક કળશો કરી પ્રભુને સ્નાન કરાવતા ઇન્દ્રના મનમા વિચાર આવ્યો કે શ્રી વીર પરમાત્મા નાના બાળક તે આટલા બધા કળશોનુ જળ શી રીતે સહન કરશે? એમ ઇન્દ્રના મનમા **સંશય** થતા તે વિચાર શ્રી વીરપ્રભુએ **અવધિજ્ઞાનથી** જાણી લીધો અને જમણા પગના અંગુઠાવડે મેરૂ પર્વતને હલાવ્યો, તેથી મેરૂ પર્વતના શિખર પાના જેવા થઈ ગયા આ ઉપાત કોણે કર્યો તે ઇન્દ્રે અવધિજ્ઞાનથી જાણી શ્રી વીરપ્રભુને ખમાવ્યા તેમની સ્તવના કરી આ દૃષ્ટાન્ત જેવા તો લાખો દૃષ્ટાંતો છે, એવી તે **અનંત શક્તિ આત્મામાજ** રહી છે તેને પ્રગટાવવા પ્રયત્ન કરવો



દરેક તીર્થંકર મહારાજા એ ત્રણજ્ઞાની છતા પંચમ **કેવળ** આદિ-પ્રગટાવના પ્રયત્ન કર્યો છે. તે શુ આપણે સાભળ્યુ નથી એક અજ્ઞ બાળક જેને એકડો પણ લખતા બરાબર આવડતો નથી અને વાંકોચુકો એકડો લખે છે તે **વિદ્યાશકિત** માટે પ્રયત્ન કરનો **એમ. એ. ની** પદવી લેછે. તેવા હજારો દાખલા શુ આપણે નજરે નથી જોતા ? **આત્મામાં અનંતશક્તિનો** ખજાનો ભરપૂર ભરેલો છે, પણ તેને ખીલવ્યા વિના પ્રગટ થતો નથી અમુક ઘરના ખૂણામા એક સોનાા મહોરનો ચરૂ દાટયો છે પણ ખોલ્યાવિના તે પ્રગટ થતો નથી તેમ **આત્મશકિત** પણ ઉપરના હેતુઓથી ખીલવ્યાવિના પ્રગટ થતી નથી **આત્મશકિતની** ઉપાસના કરો, સર્વશ શયને લજ્જો, જાગ્રત થાઓ જાગ્રત્ થાઓ'' આત્માભિમુખ થાઓ **આત્મસ્વરૂપની** ભાવના કરો'' **આત્મસ્વરૂપમય** થાઓ

પ્રિય—સાધકો ? તમો નિરંતર સ્મરણમા રાખો કે, પા અથવા અડધો કલાક **આત્મા** કે જે **પરમાત્મા** છે તેની ભાવના કરી અથવા સ્તવન કે સ્વાધ્યાય કર્યા બાદ વ્યવહારમા આખો દિવસ પોતાની નજરમા આવે તેવું આચરણ આચરતું, કામ, ક્રોધ, લોભ, મોહ, નિંદા અને દ્વેષના

વિચારોનો પુન પુન પુષ્ટ કરવા અને રીએ તેમાં **બહિરાત્મા**ના જ લક્ષો જ હ યમા સ્ફુરાવવા તથા પોષવા તેથી અસખ્યાત ઉત્સર્પિણી કે **અવસર્પિણી**ઓ વહી જાય તો પણ **શુદ્ધપરમાત્માસ્વરૂપ** જાગતુ નથી ભલે સાક્ષાત્ તીર્થંકર ભગવાન્ પોતે ગુરુ મળે તો પણ તમે પોતે શુદ્ધ ઉપદેશનો સ્વીકાર કરીને તે ઉપદેશને **આચરણ**મા ખરા પ્રેમભાવથી નહીં ઉતારો ત્યાસુધી તમારા મનમા ભલે તમે ગજી થાઓ કે અમે તત્ત્વ પામ્યા **કૃતાર્થ** થયા, પણ તમે **કૃતાર્થ** થયા નથી જરા અન્તરમા જુઓ તો ખરા તમારામા મોહના કેટલા વિકારો ભર્યા છે, અને એ તમને ગુપ્ત રીતે કેવી પીડા આપે છે તમો તે ગમ દૂર કરીને પુન પુન મેથન કરો છો તેનાથી નિવર્ત્યા વિના તમો આત્માની તરફ વળવાના નથી તમો રાગ દ્વેષતરફ દૃષ્ટિ આપ્યા વિના **આત્મભગવાન**નુ સ્મરણ કરો હું નિરાકાર અરૂપી શાશ્વત અનતજ્ઞાન દર્શનનો અધિષ્ઠાતા છુ મારૂં સ્વરૂપ અલક્ષ્ય છે નામ રૂપથી હું ન્યારો છુ એવી ભાવના ક્ષણે ક્ષણે હૃદયગીએ કરતા રહો, તમારી સુરતા **આત્મભગવાન**મા ખાતા પીતા બોલતા ચાલતા ન્હાતા ધોતા રાખ્યા કરો આત્માને વિષે કેવી રીતે સુરતા રાખવી તે નીચેના પરથી માલૂમ પડશે

पद.

पेसे जिनचरणे चित्त लाओरे मना, पेसे अरिहतके गुण गाओरे मना—पेसे०

उदर भरनके कारणेरे, गौआ वनमे जाय;
चारो चरे चिहुदिशे फिरे, वाकी सुरत वाछरू आमाहिरे. १

चार पाच साहेलीया रे, हिलमिल पाणी जाय,
ताली दीये खडखड हसे, वाकी सुरत गगरीयामायरे २

नटुवा नाचे चोकमा रे, लोक करे लख सोर;
वास ग्रही वरते चडे वाको चित्त न चले कहु ठोर. ३

जुआरी मनमें जुआरे, कामीके मन काम,
आनदघन प्रभु युं कहे, तुम लीयो प्रभुका नामरे. ४

ભાવાર્થ:—સત્તરમા સૈકામા થએના જૈન મહામુનીશ્વર મહાયોગીન્દ્ર-શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે "હે પ્રિય સાધકો" આવી રીતે પ્રભુ-જીનેશ્વરના ચરણકમળમા **ચિત્ત** સ્થાપો અર્થાત્ સુરતા સાધો-આ કેમણે **આવિર્ભાવે** એટલે પ્રગટ કરી છે આત્મિકરૂદ્ધિ તે જેને એવા તીર્થંકર ભગવાન્ તેને તે જીન કહીએ, અને વળી **તિરોભાવે** એટલે પૂર્ણપણે જ્ઞાન દર્શન ચારિત્રની પ્રગટતા થઈ નથી એવો

જે સંસાર અવસ્થામાં પોતાનો આત્મા તેને તિરોભાવે **જિન** કહેવો. એટલે આત્મા તે **જિન** છે પણ કર્મોના વડાથી આત્માની રૂદ્ધિ આચ્છાદિત થઇ છે—પણ તે આત્મા જ અરિહંત છે આત્માજ સિદ્ધ છે, આત્માજ આચાર્ય છે આત્માજ ઉપાધ્યાય છે. આત્માજ સાધુ છે, જ્ઞાન દર્શન અને ચારિત્રમય પણ આત્માજ છે તેમ **જિન** પણ આ દેહમાં રહેલો આત્માજ સત્તાએ જાણવો માટે **આત્માને પરમાત્મા પ્રભુ પરમેશ્વર** એવા નામોથી ભજવામાં આવે છે **પરતીર્થંકર** કે જે **નિર્મલ આત્મસ્વરૂપી છે,** તેવા જિન તે જેમાંથી જેને ત્યાં સુધી લાગી શકતી હોય તેનું અવલંબન કરી ઉન્નતિ ક્રમમાં જોડાવું હવે **આનંદઘનજી** મહારાજ **પ્રભુના ચરણુકમળમાં** ચિત્ત લગાડવાનું કહેતા છતા દ્રષ્ટાન્ત આપી **અંતરાત્માને** ઉમાહિત કરે છે

જેમકે—પેટને ભરવા માટે વાછરડાવાળી ગાયો વગડામાં ચરવા જાય છે અને તે ગાયો વગડામાં ચારે દિશાએ ફરતી જ્યાં ત્યાંથી ઘાસ ચરે છે, દોડે છે પણ તે ગાયોની **અન્તચિત્તવૃત્તિની** સુરતાનો ઘાસખાતા—ચાલતા પાણી પીતા પોતાના વાછરડામાંજ લાગી રહી છે મારૂં વાછરડું શું કરતું

હશે. તે મારા વિના ખુમો પાડતું હશે. તે ભૂખ્યું થયું હશે. તે મને સંભારતું હશે. એ વાછરડાને કેમ હશે એમ ચિંતવતી ગાય પોતાની સુરતા વાછરડામાં અન્ય કાર્યો કરતાં છતાં પણ રાખે છે. તેમ આનંદઘનજી મહારાજ કહે છે કે, હે ભવ્ય શ્રેયઃસાધકો—તમે પણ વ્યવહારનાં, વેપારનાં, દુકાનનાં, નોકરીનાં, રાજ્યનાં, નિશાળનાં, ખેતીનાં, મીલનાં વિગેરે હરેક કાર્યો કરતાં છતાં પણ તમારી **સુરતા તમારા શરીરમાં જિનસ્વરૂપ આત્મામાં** રાખો એટલે અનેક પ્રકારનાં વ્યવહારના કાર્યો કરતા છતા પણ **અન્તરથી તે** સર્વકાર્યથી ન્યારા રહી તમો **આત્મામાં પુનઃ પુનઃ સુરતા** સાધો તો તમારો **આત્મારૂપ પરમેશ્વર** પ્રસન્ન થાય, અને સમયે સમયે **અનંતસુખના** વિલાસી બનો. વળી આનંદઘનજી મહારાજ **આત્માની** સાથે કેવી રીતે **સુરતા** સાંધવી તેના ઉપર દૃષ્ટાંત આપી જણાવે છે કે **ચારપાંચ સાહેલીયાંરે**—ચાર પાંચ સરખે સરખી ઉમરની જુવાન સાહેલીઓ માથે ગાગરીઓ મૂકી સાથે પાણી ભરવા જાય છે, અને પાણી ભરીને હસતી હસતી પરસ્પર તાળીઓ દેતી ચાલે છે, પછી વાતો કરતી ચાલે છે, પણ તેની **સુરતા** તો વાતો કરતાં, ચાલતાં, હસતાં, તાળી દેતાં ગાગરમાંજ લાગી

રહી છે રએને **મારી ગાગર** પડી જાય એમ ખબર રાખતી રહે છે અને તેમાંજ **સુરતા** રાખે છે તેમ તમે પણ **હે ભવ્ય જીવો** ' ' **એવી રીતે આત્મસ્વરૂપમાં સુરતા** સાધો' **અન્તરમા** અનત ગુણ અનત શક્તિથી શોભાયમાન **આત્મામા** દરેક કામકાજ કરતા **સુરતા રાખો,** હાસ્ય, વિકથા નિંદા વિગેરે કુકર્મ કરનારાઓના સબધમા તમે આવો તો પણ **અતરાત્મા ભગવાનમા સુરતા** આપી કુકર્મથી અલગ રહેજો, **આત્મ ભગવાનની** ઉપાસનામાંજ અતરથી **સુરતા રાખજો** આવી સુરતા વિના **આત્મ-ભગવાન્** શી રીતે પ્રસન્ન થાય ? તમો હાથે કરીને **આત્મરૂપીસૂર્યના** જ્ઞાન પ્રકાશપર **રાગદ્વેષ રૂપવાયુ યોગે શુભાશુભ કર્મરૂપ** વાદળા લાવો છો, તેમા તમારો વાક છે, અન્યનો વાક નથી **તમારો આત્મા** તેમ ક્યાંથી પ્રકાશ ન આપે તેમા તમેજ કારણીભૂત છો, તમારી મેળેજ તમે પગઉપર કુવાડી મારી છે તમારી મેળેજ તમે હાસી હાસીને ગળા સુધી ભરી અજીર્ણ ઉત્પન્ન કર્યું છે તમારી મેળેજ બળતા અગ્નિમા કુદકો મારી પડ્યા છો તમારી મેળેજ તમે સર્પના મુખમા હાથ ઘાલી જીવવાનુ ધાર્યું છે. તમારી મેળેજ તાલપુટ વિષ ભક્ષણ કર્યું છે શુ તેનો હવે

ઉપાય નથી? શું તે મૂળ સ્વરૂપ અમારૂં પ્રાપ્ત કરી શકીશું નહિ; ઉત્તરમાં કે તમે જો આવી તમારા આત્માની સાથે સુરતા **લગાડો** તો **અલ્પસમયમાં** આત્મ **પ્રભુને** પ્રસન્ન કરશે. આત્મા નિર્મળ થયો છતો અનંત ઋદ્ધિ આપશે. એ ઋદ્ધિ સદાકાળ અખંડપણે રહેશે અને તમો તેથી **પરમ આનંદના** ભોક્તા બનશો માટે આત્મ પ્રભુની સાથે એવી **સુરતા લગાડો**. નક્કી તમો **કલ્યાણમય** બનશો, **નાણું મળશે** પણ **ટાણું** નહીં મળે. **મનુષ્યભવના આયુ-ષ્યની** એક ક્ષણ પણ **અમૂલ્ય છે** તેને નકામી ગાળશો નહીં. **પુનઃ પુનઃ** આવો **સમય** મળવાનો નથી. નહીં ચેતો તો **યાદૃશી મતિઃ તાદૃશી** ગતિઃ જેવી મતિ તેવી ગતી સમજી લેજો, કોઇ આકાશમાંથી ઉતરીને તમને કોઇ કહેવા આવવાનું નથી, ખરા બપોરે શું દેખી શકાય તેમ નથી; છતાં ઘૂક બાલ દેખે નહીં તેમાં **સૂર્યનો** શો દોષ ? કંઇ નહિ. સમુદ્ર પામવા છતાં કાણો ઘડો ભરાય નહિ, તેમાં સમુદ્રનો શો દોષ; કંઈ નહિ. ઘડાનો જ દોષ ગણાય. વળી કહ્યું છે કેઃ—

गाहा.

पत्ते वसंतमासे, पत्ताइ पावंति सयलवणराइं ॥
जं न करीरे पत्तं, ता किं दोसो वसंतस्स ॥

રહી છે રખો **મારી ગાગર** પડી જાય એમ ખબર રાખતી રહે છે અને તેમાજ **સુરતા** રાખે છે તેમ તમે પણ હે **ભવ્ય જીવો** '' એવી રીતે **આત્મસ્વરૂપમાં સુરતા** સાધો **અન્તરમા** અનંત ગુણ અનંત શક્તિથી શોભાયમાન આત્મામા હરેક સમયે કરતા **સુરતા રાખો,** હાસ્ય, વિકથા નિંદા વિગેરે કુકર્મ કરનારાઓના સબંધમા તમે આવો તો પણ **અંતરામા ભગવાનમા સુરતા** સાધી કુસંગથી અસંગ રહેજો, **આત્મ ભગવાનની** ઉપાસનામાજ અંતરથી **સુરતા રાખજો** આવી સુરતા વિના **આત્મ-ભગવાન** શી રીતે પ્રસન્ન થાય ? તમો હાથે કરી **આત્મરૂપીસૂર્ય**ના જ્ઞાન પ્રકાશપર રાગદ્વેષ રૂપ વાયુ યોગે **શુભાશુભ કર્મરૂપ** વાદળા લાવો છો, તેમા તમારો વાંક છે, અન્યનો વાંક નથી **તમારો આત્મા** તેમ ત્યાથી પ્રકાશ ન આપે તેમા તમેજ કારણીભૂત છો, તમારી મેળેજ તમે પગઉપર કુવાડી મારી છે તમારી મેળેજ તમે હાંસી હાંસીને ગળા સુધી ભરી અજીર્ણ ઉત્પન્ન કર્યું છે તમારી મેળેજ બળતા અગ્નિમા કુદકો મારી પડયા છો તમારી મેળેજ તમે સર્પના મુખમા હાથ ધારી ઉગરવાનુ ધાર્યું છે તમારી મેળેજ તાલપુટ વિષ ભક્ષણ કર્યું છે શું તેનો હવે

ઉપાય નથી? શું તે મૂળ સ્વરૂપ અમારે પ્રાપ્ત કરી શકીશું નહિ; ઉત્તરમાં કે તમે જો આવી તમારા આત્માની સાથે સુરતા **લગાડો** તો **અલ્પસમયમાં** આત્મ **પ્રભુને** પ્રસન્ન કરશો. આત્મા નિર્મળ થયો છતો અનંત ઋદ્ધિ આપશે. એ ઋદ્ધિ સદાકાળ અખંડપણે રહેશે અને તમો તેથી **પરમ આનંદના** ભોક્તા બનશો માટે આત્મ પ્રભુની સાથે એવી **સુરતા** લગાડો. નક્કી તમો **કલ્યાણમય** બનશો, **નાણું મળશે** પણ **ટાણું** નહીં મળે. **મનુષ્યભવના આયુ-ષ્યની** એક ક્ષણ પણ **અમૂલ્ય** છે તેને નકામી ગાળશો નહીં. **પુનઃ પુનઃ** આવો **સમય** મળવાનો નથી. નહીં ચેતો તો **યાદ્દશી મતિઃ તાદ્દશી** ગતિઃ જેવી મતિ તેવી ગતી સમજી લેજો, કોઇ આકાશમાંથી ઉતરીને તમને કોઇ કહેવા આવવાનું નથી, ખરા બપોરે શું દેખી શકાય તેમ નથી; છતાં ઘૂડ બાલ દેખે નહીં તેમાં **સૂર્યનો** શો દોષ ? કંઇ નહિ. સમુદ્ર પામવા છતાં કાણો ઘડો ભરાય નહિ, તેમાં સમુદ્રનો શો દોષ; કંઈ નહિ. ઘડાનો જ દોષ ગણાય. વળી કહ્યું છે કેઃ—

गाहा.

पत्ते वसंतमासे, पत्ताइ पावंति सयलवणराइं ॥
जं न कर[illegible], ता किं दोसो वसंतस्स ॥

વસત ઋતુ પ્રાપ્ત થયે છતે સકલ વનરાજી પાંદડા પામે છે અને કેરડા ઉપર પાંદડું નહિ. તેમા વસત ઋતુનો શો દોષ, કંઇ નહીં તેમ અત્ર પણ આ પ્રમાણે આત્માનું સ્વરૂપ સાભળી મોક્ષનું સ્વરૂપ સાભળી આપણે સર્વ સુખના નિધાન એવા આત્મામા ક્ષણે ક્ષણે સુરતા ન રાખીએ અને આત્મ સ્વરૂપને ભૂલી જઇએ તેમા આપણોજ દોષ છે. માટે તે દોષને દૂર કરવા આત્મસ્વરૂપને પામવાની ઉત્કટ ઇચ્છાવાળા બનો, **અને સારમાં સાર, ધનમાં ધન, મિત્રમાં મિત્ર, સ્વામીમાં સ્વામી, સત્યમાં સત્ય, આધારમાં આધાર, શરણમાં શરણ આત્માને** ગણી તેમા તમારા પ્રેમ ભાવથી સુરતા લગાડો નહીં તમારા જન્મની સાર્થકતા થશે કીડીનો કુંજર થવા માટે આ અમૂલ્ય સમય છે વળી આનંદઘનજી મહારાજ સુરતાના ઉપર દૃષ્ટાંત આપે છે જેમ જે નટવો ચોકમા નાચે છે, દોર ઉપર ચઢ્યો છે હેઠળ હજારો લોકો શોર બકોર કરી રહ્યા છે તો પણ વાંસના ઉપર દોર ઉપર ચાલતા પોતાની સુરતા ત્યાંને ત્યાં લગાવે છે તેનું ચિત્ત જરા માત્ર અન્યત્ર જતું નથી અને પોતાનુ કાર્ય બજાવે છે તેમ જે પુરૂષ આત્મજ્ઞાનના ધ્યાનમા અંતરૂથી સુરતા

સાથે છે વ્યવહાર કાયના અનેક પ્રસગને પામીને પણ **અતરથી આત્માની સાથે સુરતા** એકધાનાએ ચલાવે છે, તે ભવ્ય, મર્મ મર્મનો નાશ કરી અત્ર વિજય વનમાળા પ્રાપ્ત કરે છે વળી જેમ જુગારીના મનમા જુગારની ધુન લાગી રહેલી હોય છે જુગારી જ્યા જાય ત્યા જુગાર રમવાનો દાવ ગોઠવ્યા કરે છે, જુગાર રમતા ખાવાની પણ સગન ભુલી જાય છે, જુગાર વિના તેને ચેન પડે નહીં જુગાર રમવનું મળ્યુ કે જાણે મોટુ રાજ મળ્યુ એવી વૃત્તિઓ હોય છે તેની સુરતા જુગારની સાથે અતરથી બધાયેલી હોય છે તેમ જે પુરૂષની **સુરતા આત્મારૂપ પરમાત્માની** સાથે લાગી રહેલી છે, અને જ્યા જાય ત્યા **આત્માના** સ્વરૂપની ધુન અતરથી લાગી રહેલી હોય છે **પરભાવ**ની રમણના વિચારો જાગ્રતી વખતે બીલકુલ નીરસ લાગે અને **આત્માના** સ્વરૂપના ધ્યાનમા ખાવાનું પણ જેને નીરસ લાગે, અસાતા ક્ષુધા વેદનીયના ઉદયે ખાય તેમ પીવે પણ અતરથી તેની **સુરતા** આત્માની સાથે જ લાગી રહેલી હોય આત્માનુ મનન રમણ તેની ભક્તિ તેમા તન્મયતા કરે, તેના વિના અન્ય ચેન પડે નહીં એરી રીતે **આત્માની** સાથે **નટવત્ સુરતા** સાધી **આત્મશક્તિ** પ્રકાશો, અને **નિરજન નિરાકાર**

અખંડાનંદના ભોક્તા બનો. એમ **શ્રી આનંદઘનજીની** હિત **શિક્ષા છે.** વળી તેઓશ્રી જણાવે છે કે.–

જેમ કામી પુરૂષ, જુવાન સ્ત્રીને દેખી કામી બને છે. તેને વારવાર યાદ કરે છે. વારંવાર કામના અર્થે તેને મળવા ઇચ્છે છે. તેના વિના તે સર્વત્ર શૂન્ય દેખે છે. તેના મનમા ધારેલી સ્ત્રીનાજ વિચારો રમ્યા કરે છે. સારમા સાર તે સ્ત્રીને ગણે છે તેના માટે તનમનધન કુરબાન કરે છે ગમે તે ઠેકાણે હોય, ખાતો પીતો હોય, વાતો કરતો હોય, કોઇ પણ કામકાજ કરતો હોય તો પણ તે પુરૂષની **સુરતા** કામના વિષયમા કામીનીના ઉપર જ લાગી રહી હોય છે. તેમ તમે પણ **સારમા સાર આત્માને** ગણી, પ્રાપ્યમા પ્રાપ્ય ગણી, **આદેયમા આદેય** ગણી તે **આત્મામા સુરતા** લગાડો વળી વારંવાર **આત્મધર્મને રમયો** કરો, વળી **આત્માર્થી** પુરૂષોને **હિત શિક્ષા** કે આ જગતમા સર્વ પ્રકારની પૌદ્ગલિક વસ્તુઓને **ક્ષણિક અસત્ય ગણી** સત્ય પણ **આત્મામા** ધારણ કરો તન ધન મનને પણ **આત્મધર્મની** પ્રાપ્તિ અર્થે કુરબાન કરો વારવાર **આત્મધર્મના** ધ્યાનમા પ્રવર્ત્યા કરો જેમ તે કામી પુરૂષની સુરતા કામીની ઉપર **અહરથી** લાગી રહેલી હોય છે તેમ તમે પણ **આત્મ**

સ્વરૂપ ઉપર ફરતાં ફરતાં **સુરતા** રાખ્યા કરો, કામી પુરૂષની સ્ત્રીના ઉપર જે **સુરતા** છે તે **સુરતા**થી તેને વાસ્તવિક **સુખ લાભ** મળતો નથી, અને સાત ધાતુથી ભરપૂર વિકાની કોથળી એવી અપવિત્ર સ્ત્રીના ઉપર **રાગ** કરવો તેથી **કર્મ બંધન** થાય છે અને તે કર્મ બંધનથી **જન્મ જરા મરણનાં** દુઃખો પ્રાપ્ત થાય છે. **આત્માના** ઉપર **સુરતા** લગાડવાથી કર્મનો **નાશ** થાય છે. **સંતોષની** પ્રાપ્તિ થાય છે. અને **જન્મજરામરણ**નાં દુઃખ ટળે છે, અને **શાશ્વત સત્ય** આનંદ મળે છે. માટે **સર્વોત્તમ** વાત આત્માની સાથે **સુરતા** સાંધવી તે છે. **શ્રી આનંદઘન પ્રભુ** એમ કહે છે કે તમે તેવી રીતે **આત્મપ્રભુ** વા **તીર્થંકરપ્રભુ**ની સાથે **સુરતા અવિચ્છિન્ન ધારણા**થી લગાડી **પ્રભુ**નું નામ લ્યો. એટલે પ્રભુનું સ્મરણ કરો. ચોથા ગુણ ઠાણાથી આવા પ્રકારની **સુરતા** ભેદજ્ઞાન, પ્રાપ્ત થતાં થાય છે. **પુદ્ગલનો ધર્મ** અને **આત્મધર્મનું** જ્ઞાન જ્યારે થાય છે, અને હંસ જેમ દુધ અને પાણીને ચંચુથી જુદાં કરી નાંખે છે તેમ જે જીવ, ભેદજ્ઞાન યોગે **આત્મા** અને પુદ્ગલની ભિન્નતા વિવેકદૃષ્ટિથી કરે છે, તે **ભવ્યજીવ**, પૂર્વોક્ત પ્રકારની **સુરતા**નો અધિકારી થાય છે. એવી **સુરતા**

શુ તમે પ્રાપ્ત કરી શકવાના નથી કેમ નથી કરવાના? પ્રયત્નથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે પ્રયત્ન કરો" પ્રયત્ન કરો ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થશે સતત ઉત્સાહ રાખો, **ટીપે ટીપે સરોવર** ભરાય, અને **કાંકરે કાંકરે પાળ બંધાય.** તમે પણ તેવા પ્રકારની **સુરતા** આત્માની સાથે સાધી શકશો આજથી વા આવતી કાલથી તમે ખંતપૂર્વક મહાવરો પાડો, અને દરરોજ **સુરતાનો** અભ્યાસ વધારતા રહેજો તેને માટે **અમુકકાળનો નિયમ** કરજો પ્રથમ તો કંટાળો આવશે વાત ચિત્તમા ગભરામણ થશે પણ તમે ઉત્સાહ અને ખંતથી **સતત પ્રયત્ન** કરજો, અને **વિશ્વાસથી સુરતાના** અભ્યાસમા જોડાજો નહી તમો **અમુક** માસમા રજની સ્થિતિરાગી અને **પવિત્ર સ્થિતિ** તમારા આત્માની જોશો આવી રીતે **સુરતા** સાધ્યા વિના કલ્યાણ થવાનુ નથી **શુક્લધ્યાનના પાયામાં સુરતાનો** અન્તર્ભાવ થાય છે **ધર્મધ્યાનમાં** પણ **સુરતાનો અન્તર્ભાવ** થાય છે **સાધ્યની** સિદ્ધિ પ્રાપ્ત કરતા **સુરતાના**, ગુણસ્થાનની અપેક્ષાએ અનેક ભેદ આશ્રયી **અસંખ્યાત** ભેદ પડે છે મરણમા **આત્મસ્વરૂપની સુરતા સુખનો અવધિ છે. આત્મસ્વરૂપમા સુરતા** સાધવાને એક દ્રષ્ટાન્ત

કહે છે જેમ એક સોની દુકાનમા બેઠો બેઠો ઝીણી સોનાની વસ્તુઓમા કોરણી કરતો હતો તેની **સુરતા** એવી તો ત્યા **પરોવાઈ** કે ત્યાથી રાજાનુ **સૈન્ય ગયુ** તો પણ તેણે જાણ્યુ નહિ શુ ત્યારે અમે ગૃહસ્થાવાસમા આવ **ચિત્ત** રાખીએ તો સસારના કાર્યો શી રીતે થાય ? તેના ઉત્તરમા તમને જણાવુ છુ કે સસારના કાર્યો કરતા પણ **તમારી સુરતા આત્મામા** સાધ્યા કરો ટેવ પાડશો કે તમને આ કાર્ય સહેલુ લાગશે તેમ વળી સાજ સવાર રાત્રીમા આ મહા કાર્ય માટે કેટલોક વખત **નિયમિત** કરો, અને તમારૂ કાર્ય સિદ્ધ થાય તેના ઉપાયો પ્રતિદિન **આચારમાં** મૂકતા રહો।" એટલે તમે આ ધર્મધુરાને સુખેથી વહન કરી શકશો **પ્રયત્નમા** ખગ પ્રેમથી જોડાઓ **પ્રયત્નને** સેવ્યા વિના **જીવન્મુક્તિ** વા સિદ્ધપાગ મળતુ હોય તો સર્વજીવો મુક્ત થાત શ્રી સદ્ગુરુનુ સાહાય્ય સાનિધ્ય અથવા કૃપા પણ **સાધકને** ફળની પ્રાપ્તિ કરાવવામા તેના પોતાના પ્રયત્નની અપેક્ષા રાખે છે ઉપદેશનુ **દાન** પુન પુન વિવિધ નય નોથી **શિષ્યમા** ઉત્સાહ ભાર ત્વરાત્ કરવો **પ્રયત્નની** અતિ વિકટતાથી હારી જતા હૃદયને **ધૈર્ય** તથા **શૌર્યનુ** અર્પણ કરવુ વિગેરે **કાર્ય** કરના એજ **સદ્ગુરુની કૃપા** છે, અને

આપના ઉપદેશાનુસાર વર્તન કરવું એજ શિષ્યનું કાર્ય
છે સર્વ ઉપર પ્રેમભાવ દર્શાવતા રહો કે જેથી તે ઈશ્વ
ર્યન સર્વ ઉપર પ્રેમ ભ્રાતૃભાવ ગણો, તમે જ્યાં સુધી
બીજા પ્રાણીઓમાં રહેલી આત્મશક્તિની અવગણના કરી
તેના ઉપર દ્વેષ કરો છો, તથા તેમના ઉપર ક્રોધ તથા તેમનું
ભૂંડું ઇચ્છો છો અને તથા કરો છો, ત્યાં સુધી તમારો
તમારા શરીરમાં રહેલા આત્મપ્રભુ ઉપર પ્રેમ થયો નથી
જો પોતાના આત્મપ્રભુ ઉપર પ્રેમ થયો હોય તો બીજાના
શરીરમાં રહેલા આત્માઓ પણ પોતાના આત્મા સમાન છે તો
તેનું ભૂંડું કેમ ઇચ્છાય?? કેમ કરાય હજી તમારા આત્મપ્રભુ
ઉપર તમારી ખરી ભક્તિ પ્રકટી નથી ઉપરઉપરથી સ્નાન
કરી એ ટપકાં ટપકું કપાળમાં કર્યું વા છાપ લગાડી વા ગળામાં
કંઠી ઘાલી વા પ્રભુના ભક્તો ગણાવવા અનેક જાતના બાના
ધારણ કર્યાં પરંતુ જ્યાંસુધી આત્મપ્રભુ સમાન બીજા પ્રાણી
ઓના આત્મા ગણી તેમના ઉપર પ્રેમ **ભ્રાતૃભાવ** દયા
રાખી નથી, ત્યાં સુધી ઉપરના સાધનોથી તમારા શરીરમાં
રહેલા આત્માને પરમાત્મારૂપ બનાવી શકવાના નથી માટે
સાધકો સર્વ જીવો ઉપર પ્રેમ ધરો પ્રેમધરો" સર્વજીવોના
કલ્યાણમાં રાજી થાઓ તમારામાં રહેલી આત્મસત્તા કોઈનું

અકલ્યાણ ઇચ્છતી નથી. તેમ તમે જ્યારે કોઇનું પણ અહિત ઇચ્છતા નથી, ત્યારે આત્મસામર્થ્ય અનુભવવાને યોગ્ય અધિકારી થાઓ છો. પ્રત્યેકપ્રાણીનું ખરા અંતઃકરણથી નિરંતર હિતઇચ્છવું એજ આત્મધર્મની યથાર્થભક્તિને સૂચવનાર લક્ષણ છે. જે પ્રાણી અપકાર કરે છે તેનાપ્રતિ પણ જેઓ **પરમ** પ્રેમ દર્શાવતા નથી, પરંતુ તેનું ખરાબ કરવા તત્પર થાય છે તેઓ, આત્મધર્મના અદ્‌ભૂત સામર્થ્યને કદી પણ પ્રાપ્ત કરતા નથી.

પ્રિય સાધકો ! ચરમજીનેશ્વર શ્રી **વીરપ્રભુએ** ચંડકોશીયો નાગ જે પોતાને કરડયો તેના ઉપર કેવી **કરૂણા** દર્શાવી હતી?? **સંગમદેવતા** ઉપરપણ તેમણે **કેવી** કરૂણા દર્શાવી હતી. તેમનું **અંશમાત્ર** પણ અહિત મનથકી ચિંતવ્યું નહોતું.અહો તેમની કેવી **કૃપા! કેવો ભાતૃભાવ!** એવી દશાથી તેઓશ્રીએ **કેવલ્યજ્ઞાન** પ્રાપ્ત કર્યું એવી **કેવલ્યજ્ઞાનશક્તિ** પ્રાપ્ત કરવાને આપણે પણ તેમના પગલે ચાલવું જોઇએ. **વીરપ્રભુનાં પ્રત્યેક આચરણ** જે **સમજાય** તો તે આપણી **આત્મોન્નતિ**માં હેતુભૂત છે. તથા ત્રેવીસમા તીર્થંકર **શ્રીપાર્શ્વનાથ પ્રભુ** કે જેઓ કમઠજોગી પાસે ગયા, ત્યાં, **સમભાવ** રાખી **સર્પ** બળતો હતો, તેને **મહામંત્ર** નવ-

કાર, સ્વમેવક પાસે મ ભળાવ્યો—અને **ધરણેંદ્ર** બનાવ્યો વળી તેઓ શ્રી જ્યારે દીક્ષા અંગીકાર કરી વગડામા વડ હેઠળ કાઉસગ્ગધ્યાને રહ્યા હતા તે સમયમા **કમઠયોગીનો** જીવ મરીને **મેઘમાલીદેવતા** તરીકે થયો હતો તેણે **અવધિજ્ઞાનથી પાર્શ્વપ્રભુને** કાઉસગ્ગધ્યાને જાણી **વૈરભાવથી** ઉપદ્રવ કરવા લાગ્યો પ્રભુની નાસિકા સુધી જળ આવ્યુ, તેટલુ મેઘનુ જળ વર્ષાવ્યુ તો પણ **પાર્શ્વપ્રભુ. સમભાવે** રહ્યા જરા માત્ર મનથકી પણ મેઘમાલીનું **અહિત** ઈચ્છયુ નહીં, તેઓ ધારે તો **મેઘમાળી દેવતાને** શિક્ષા આપવા સમર્થ હતા **પરંતુ** જાણો છો કે મોટા મહાત્માઓની **દયા કરુણા પ્રેમ પણ** 'મોટા હોય છે તેથી તેઓશ્રી ધ્યાનમાજ આરુઢ થઇ **આત્મસ્વરૂપમા** તલ્લીન થયા તે વખતે નવ કાર સંભળાવેના **નાગના જીવ ધરણેન્દ્રે** આ ઉત્પાત જાણ્યો, અને તે ત્યા આવ્યો અને મેઘમાલીને **સમજાવ્યો** ને કહ્યુ કે **શ્રીપાર્શ્વપ્રભુ દયા કરૂણાની** મૂર્તિ છે તેમના પ્રતિ આવુ આચરણ આચરવાથી આપણો **આત્મા ઉચ્ચ સ્થિતિને** પામે નહીં એમ સમજણ પડવાથી **મેઘમાલી દેવતાએ** પણ **પાર્શ્વપ્રભુને** ખમાવ્યા, અને કરેલા અપકૃતનો ખરા અંતઃકરણથી **પશ્ચાત્તાપ** કર્યો અહો **શ્રી-**

પાર્શ્વપ્રભુની કેવી રુણા કેવો **ભ્રાતૃભાવ,** આપણે પણ તેમના પગલે ચાલી તેવા થવા પ્રયત્ન રીએ તો **અવશ્ય** તેવા **પરમાત્મદશાવાળા** થઇ શકીએ તેમા કશો **સંશય** નથી પવિત્ર સજ્જનો તમે પણ **આત્મોન્નતિના** માર્ગમા જોડાતા પ્રથમ અ ય ા અ ચાણુ ઇચ્છુ એવો મનમા પણ કદી **સ કલ્પ** ક વા ઇચ્છો નહીં ુ ધાર છુ કે **આ કથન** પ્રમાણે વર્તન ધારતા તમે ખચમાશો પણ તમો ગમે તેના દુઃખ પડે પણ ુ તે પ્રમાણે વર્તાશ એના દઢ વિશ્વાસથી, પ્રવૃત્તિ કરશો તો પ્રથમ પ્રયાસમા વિઘ્ન પણ જણાશે, પણ અ તે જ્યારે **આ માર્ગને** કદી મૂકવાના નથી એવો દઢ વિશ્વાસ જણાયાથી **તમારો આત્મા પ્રભુરૂપ** છે, તે પોતાના **સામર્થ્યથી સાહાય્ય** કરશે શાતિ કે નાવશે અને તમારો **આત્માજ** શક્તિમાન્ થઇ સર્વ વાછિતોને સિદ્ધ કરશે મોગ મોગ મહાત્માએોને પણ આ માર્ગમા પ્રવર્તતા દુ ખ પડયા છે પણ તે અશાતિના વાદળ અ તે દૂર થયા છે અને તેમના આત્માએ સનાતનકાળની શાતિ વરી છે, માટે તમારા ઉપર પૂર્ણ વૈરભાવ રાખતો હોય તેનુ પણ બુરૂ ધારજશો નહીં તેનાથી સાવચેતીથી ચાલવુ એ તો નીતિનો માર્ગ છે, સર્વનુ હિત ઇચ્છો, સર્વ સુખી થાઓ, એજ ભાવના અ ત કરણમા સ્ફુરા યા કરજો પ્રાણી

માન ઉપ પ્રેમ કરવાથી અને તેમનુ યથાશક્તિ હિત કર વાથી તેમને સદુપદેશજ્ઞાન સમ્યમાર્ગ બતાવવાથી તેમનુ જેટલુ હિત આપણે કરવા તત્પર થઈએ છીએ, તેના કરતા તેમ કરવાથી **અનતગણુ** આપણુ **હિત કરવાનુ** કરીએ છીએ, તે લક્ષમા રાખ તે કારણ કે જે પ્રમાણમા તમે અન્ય પ્રાણીઓનુ હિત કરવા ઇચ્છો છો તેના કરતા **વિશેષપ્રમાણમા નિર્મળ** તમારો **આત્મા પરમાત્મા રૂપ** થરો હોય તોજ તમારી તેવા પ્રકારની પ્રવૃત્તિ થાય તે વિના થઈ શકે નહીં તે ધ્યાનમા રાખજો તેથી સર્વ પ્રાણી માત્ર ઉપર **પ્રેમ, દયા, કરૂણા, સદુપદેશ** કરવાથી પોતે પોતાનો જ મહા સ્વાર્થ સાધીએ છીએ **આત્માનુ જ** ઉત્કૃષ્ટ આપણે મેળવવા સન્મુખ થયા છીએ એમ તમને જરૂર જણાશે આ વચનને અનુભવી જોજો, એટલે ખાતરી થશે **આત્મ ધર્મ**ના સ્વભાવથી વિરૂદ્ધ સ્વભાવને અનુસરવાથી આપણે **આત્મ ધર્મ**થી વધારે દૂર થઇ જઈએ છીએ આમ હોવાથી પ્રાણી માત્ર ઉપર **પ્રેમ** કરવો અને તેમનુ યથાશક્તિ પ્રતિદિન હિત સાધવા પ્રયત્ન કરવો એજ પોતાનો **મહા સ્વાર્થ** છે અને એજ **પરમકલ્યાણ**નો માર્ગ છે બાળક યુવાન અને વૃદ્ધ જોગી, ભોગી, સન્યાસી, સ્ત્રી પુરૂષ, રક

અથવા રાજા, ધનવાન્ વા નિર્ધન, પંડિત અગર મૂર્ખ, મિત્ર વા શત્રુ સગુ વા અસગ, ગુણી વા અનગુણી સર્વ ના ઉપર પ્રેમની અખંડધારા ચલાવો અથાત્ તેઓનું સારૂ ઇચ્છો, તેઓ પ્રતિ **અનિષ્ટ સંકલ્પ** લેશ માત્ર પણ કરશો નહીં વળી સગ્રહનયની સત્તાએ જોતા સિદ્ધના અને સસારીજીવ એ પગુ સરખા છે માટે શક્તિભાવે જેનો આત્મધર્મ, વ્યક્તિભાવે કરવો હોય તો સમભાવથી આત્મ ભાવથી તમારુ વર્તન શુદ્ધ રાખો સર્વ પ્રાણીઓ ઉપર આપણે **સમભાવ** ગણીએ છીએ ત્યારે સર્વ આપણને પોતાના **આત્મારૂપ** ગણે છે, અને ભ્રાતૃભાવથી સર્વની આપણા પ્રતિની વૈરબુદ્ધિ દૂરી જાય છે દેવો અને રાક્ષસો પણ આપણને **સાહાય્ય** કરે છે અને પોતાના આત્મા સમાન લેખે છે

સર્વ પ્રાણીઓના હિતમા પ્રીતિવાળા થવાથી જે જે અગણ્ય લાભો સપ્રાપ્ત થાય છે, તે જો મનુષ્યો યથાર્થ અ વબોધતા હોય, અને અનેક પ્રાણીઓપર વિદ્વેષ નથા તેમને દુખ આપવાથી કેવા કેવા દુખોની પ્રાપ્તિ થાય છે તે તે સની સમજણમા સ્પષ્ટ જણાતુ હોય તો જગતમાથી હિસા **અસત્ય, ચોરી, જારી,** વિશ્વાસઘાત, નિંદા, કનક, દગા-

ફટકા, પ્રપચ, છળ, અન્યાય, વગેરે દુર્ગુણોનો **સત્વર** નાશ થઈ જાય અને આ મૃત્યુલોક સ્વર્ગસમાન થાય

અધ્યાત્મબળને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાઓને પુન. પુન ભલામણ કરવામા આવે છે કે તમે સર્વ પ્રાણી ઉપર **પ્રેમ, દયાને, ભ્રાતૃભાવ** રાખો, જ્યાસુધી આ ત્રણ ગુણોને તમોએ અમલમા મૂક્યા નથી ત્યા સુધી તમો **અધ્યાત્મબળની** પ્રથમ ભૂમિકાના અધિકારી થયા નથી, પ્રાણિમાત્રમા **પ્રેમ દયા ને ભ્રાતૃભાવ** નહિ સાધો, ત્યા સુધી **અધ્યાત્મવિદ્યાનો** એકડો ઘૂંટતા પણ તમને નથી આવડ્યો, એ નક્કી અવધારજો આ ત્રણ વસ્તુઓ સાધવી ઘણી સરળ છે આવા વિશુદ્ધપ્રેમ, દયા ને ભ્રાતૃભાવથી ત્રણ ભુવન પણ આધીન થાય છે જ્યા જાય ત્યા તેના પ્રતિ સર્વે સાનુકૂળપણે વર્તે છે સિંહ પ્રમુખ હિંસક પશુઓ પણ મહાયોગી પુરુષોના નિવાસપ્રદેશમા પોતાનો હિંસક સ્વભાવ છોડી દે છે, એવો લેખ શાસ્ત્રોમા છે, અને તે યોગી મહાત્માઓને જોતા માલુમ પડે છે મન, વચન, અને કાયા એ ત્રિયોગથી ભૂત માત્રનુ હિત ઇચ્છનાર પ્રતિ અને કોઈનુ પણ અહિત ન સાધનાર પ્રતિ પ્રાણી માત્રની વૈર બુદ્ધિ ટળી જાય છે નિર્દોષ શુદ્ધપ્રેમથી વર્તન કરો એવુ જ

વર્તન **અધ્યાત્મબળની** પુષ્ટિ૨૫ છે તમો પ્રેમથી **સતત** શુદ્ધાચરણનુ અવનમન ૨ો શુદ્ધ વિચારને અખડપણે હૃદયમા જાગ્રત રાખો પ્રાણી માત્ર ઉપર **વિશુદ્ધ પ્રેમ** તેમ **પોતાના શરીરમાં** રહેના જ્ઞાનદર્શનચારિત્રના ધારક **આત્મા** પ્રભુ ઉપર **શુદ્ધપ્રેમ** રાખવાનો **અભ્યાસ** ૨ો તો એક પણ દોષ થવાનો સભવ આવશે નહિ —

આત્મપ્રેમી, અસત્ય બોલી કોઇને ઠગતો નથી વળી **આત્મપ્રભુનો** પ્રેમી અન્યથી અપરાધ થતા છતા પણ તેના ઉપર ક્રોધ કરતો નથી તેમ ઉશ્કેરાતો નથી **આત્માનો** પ્રેમી અન્યના દોષો દેખતા તેઓની નિંદા કરવા જરા માત્ર હોઠ હલાવતો નથી તેમ નિંદાના એવાના વિચારને પણ હૃદયમા પ્રવેશના સ્થાન આપતો નથી જો તમારે **આત્મપ્રેમી** બનવુ હોય તો **નિંદાનો** ત્યાગ કરો **ત્યાગ કરો નિંદા એ મહાપાપ છે** જ્યા સુધી ગુણીની વા નિર્ગુણીની સાધુ સતની, શત્રુની, મૂર્ખની પ-ડિતની નિંદા કરવા તમારી જીભ લબકારા મારે છે અને, જીભમા ચળ આવે છે ત્યા સુધી તમો **આત્મ** ના પ્રેમી બનવાના અધિકારી થયા જ નથી અને ત્યા સુધી તમો એક ઢાઢીયાના જેવા છો સ્વપ્નમા પણ અદેખાઇથી કોઇની નિંદા

ન થાય તેટલા સુધી તમારે આગળ વધવાનુ છે નિંદા એ વિષના સમાન છે પ્રભુના પ્રેમી મન પુરૂષો પાપીની પણ નિંદા કરે નહિ આ વાત લક્ષ્યમા રાખજો **સુણી સુણીને ફુટયા કાન, તોયે ન આવ્યુ બ્રહ્મજ્ઞાન,** આત્મપ્રેમીએ કોઇની નિંદા ન કરવી, ન કરવી એમ તમે વારંવાર વાચ્યુ વચનો વાચતા તમારા વીશ પચ્ચીશ ત્રીસ ચાલીશ વર્ષ ચાલ્યા ગયા અને **નિંદા કરવી નહી, કરવી નહી.** એમ સાભળતા સાભળતા તમારી ઉમ્મર પૂરી થવા આવી પણ હજી નિંદારૂપ અગ્નિની જ્વાળાઓ હૃદયમા એવીને એવી બળતી રહી છે તેના સામુ જુઓ સામુ જુઓ ! જો તમો નિંદા કરવી નથી એવી અંતઃકરણથી **નિશ્ચયતા** થતી હોય તો આજથી **નિંદા** કરવાનુ ત્યાગ કરો, ત્યાગ કરો કોઇની પણ **નિંદા** કરવાનો મનમા વિચાર આવે કે તુરત તેને દાબી દો અને તેના પ્રતિ **કલ્યાણનો** વિચાર ચલાવો આ વાત વારવાર યાદ રાખી નિંદાના શબ્દો મુખમાથી કાઢો નહીં સારા અગર ખોટા શબ્દો **સારા** અને ખોટા ફળને આપે છે શુ તમો અન્ય દોષીઓની નિંદા કરવાથી દોષરહિત કદી થવાના છો ? ના પણ ઉલટા દોષના સ્થાનરૂપ બનો છો અન્યના દોષો જોવાથી તમારામા **દોષની**

ભાવનાના સંયોગે ઉત્પન્ન થાય છે જેમ સૂકર પોતાનું મુખ કાદવ, વિષ્ટામાં ગાળે છે, અને ક્વચિત્ ઉંચુ જુએ છે તેમ દુનિયામાં અનેક અજ્ઞાન મનુષ્યોને અન્યોના દોષો દેખવાની તથા અન્યના ખોતરણાં કાઢવાની કુટેવ પડી ગઇ હોય છે તેવા મનુષ્યો નિરંતર કાળી બાજુને જ જુએ છે, પણ ઉજળી બાજુ એટલે ગુણોને કદી દેખતા નથી પરંતુ આમ કરવાથી તેમને પોતાને જ હાનિ થાય છે દોષો અને ખોતરણાં એજ તેમના ચિંતનનો **વિષય** થઈ પડતાં-ધ્યાનનો વિષય થઇ પડતાં **મનુષ્ય જેનું ધ્યાન-ચિંતન** કરે છે **તેવોજ તે થાય છે.** એ નિયમાનુસારે પૂર્વોક્ત દોષો તેઓનામાં જ કેટલાક વખત પછી પ્રગટ થાય છે ગમે તેવો **સદ્ગુણી મનુષ્ય** હોય તો પણ તે **અન્યના દોષોને** દેખે છે અને **નિંદામાં** તત્પર થાય છે તો તેના સદ્ગુણો એક પછી એક એમ સર્વ નષ્ટ થઈ જાય છે તેથી ઉલટું ગમે તેવો દોષવાન્ મનુષ્ય હોય અને અને બીજાના ગુણો તરફ દ્રષ્ટિ દે છે, અને કદી કોઇની નિંદા કરતો નથી અને પરમાણુ જેવડો ગુણ હોય તો પણ પર્વતના સમાન લેખી તેની સ્તુતિ કરે છે તો તેવો પુરૂષ સદ્ગુણી બને છે માટે દોષ દેખી તમે કોઇની જરા પણ નિંદાને ત્રિયોગથી કરશો

નથી. અને એ પ્રમાણે **નિંદાનો** સર્વદા ત્યાગ કરવાથી તમો **અધ્યાત્મજ્ઞાનના** અધિકારી થશો, અને તમે સુખેથી **આત્મસન્મુખગમન** કરશો.

ધનવડેજ બીજાઓનું હિત થાય છે એમ તમે કદી માનશો નહિ. ધનથી ઘણા પ્રસંગે અન્યનું હિત સાધવાને બદલે અહિત સાધવાનો સંભવ રહે છે. તેથી અન્યનાં દુઃખ ટાળવા તમારી પાસે પૂરતું ધન ન હોય અથવા હોય પણ તે ખરચવા દાનાન્તરાયને લીધે તમારો છુટ આશનો ન હોય તો ચિંતા કરશો નહિ. વિચારરૂપ **મહાધન** તમને તમારી જીંદગીમાં **પ્રાપ્ત** છે. તે રાત્રી દીવસ વાપરીએ તો પણ ખૂટે એવું નથી. વળી તે **વિચારરૂપધન** જ્યારે વાપરવાની કળા હસ્તગત થાય છે ત્યારે તે **વિચારધન** એટલું બધું સામર્થ્યવાળુ જણાય છે કે આ **લૌકિકધન** જે સોનું રૂપું હીરા રત્નરૂપ ધનનું બળ તેના આગળ **તુચ્છ** જણાય છે. જ્યારે **લૌકિકધન** ક્ષણિકહિતને સાધે છે. ત્યારે **તમારા**-મા રહેલું **વિચારરૂપધન** તેનું દાન ચિરસ્થાયના હિતને સાધે છે. માટે તમારી પાસે લૌકિકધન ન છતાં પણ પ્રાણી-માત્રના હિતના સંકલ્પો જો તમે **પ્રગટાવશો** તો તમે અન્યોના **પરમ ઉપકારી બનશો.** સુખનો ઉપાય તમારી

પાસે છે, તમારા હૃદયમાં છે, સુખનો ઉપાય હજારો કે લાખો ગાઉ દૂર નથી, સ્વર્ગમાં કે **પાતાળમાં નથી. સૌધર્મ** દેવલોકમાં કે **સ્વાર્થસિદ્ધિવિમાનમાં નથી.** હિમાલય પર્વતની ગુહામાં કે દંડકારણ્યની ઝાડીમાં **સુખનો ઉપાય** નથી. શામાટે અરહાપરહા અથડાઓ છો શામાટે વિચારનાં કોકડાં ગુંથો છો અને શામાટે તમે દુઃખી થાઓ છો ?? શા માટે જીવન નિષ્ફળ વ્યતીત કરો છો ? **અસંખ્યપ્રદેશી જે આત્મા** છે તે શરીર કે જે આ પ્રત્યક્ષ દેખાય છે તેમાં પગથી તે મસ્તક સુધી વ્યાપીને રહ્યો છે, તે **આત્માના** એકેક પ્રદેશે અનંત સુખ **અનાદિઅનંતમે** ભાગે રહ્યું છે તેના પ્રતિ દૃષ્ટિ દેઇ તે આત્માનું ધ્યાન કરો, તે **આત્માની** પ્રાપ્તિ માટે શુદ્ધ વ્યવહારનાં આચરણ સેવો. **આત્માનો** અનુભવ કરો. કૈવલ્યજ્ઞાન સરખો **અનુભવ** તમને **પરમાત્માનાં** દર્શન કરાવશે. **નિશ્ચય** કરાવશે. વળી તમને **અનુભવ મિત્ર, પરમાનંદ**ની વાનગી ચખાડશે માટે આત્માના શુદ્ધ વિચારરૂપ **ધર્મધ્યાન શુકલધ્યાનને** સેવો ખાત્રીથી સમજો કે તમે **અનંત સુખના મહોદધિ**
તમને [illegible] કે જે ધર્મધ્યાન અને
રૂપ છે. તે [illegible] લાગે છે ? અને શુદ્ધ

દુઃખ લાગે છે ? શા માટે ફોકટ બીઓ છો ? જે સરલ માર્ગ છે તો ભ્રાંતિથી કઠિન શા માટે સમજો છો ? આ ત્માનરૂપ સિદ્ધ બનીને અષ્ટકર્મરૂપ સમનાથી બીના તમો શરમ નથી આવતી ?? લજ્જા પામો કેમ છો નિર્મલ મનના બની જાઓ છો સ્થિર થાઓ ધૈર્ય અવલંબો પોતાનું શુદ્ધ સ્વરૂપ વિચારો પોતાના આત્મસ્વરૂપના વિચાર તરફ વળવું એ તો સ્વાભાવિક સરલ માર્ગ છે આત્માના વિના પરભાવ સબંધી અશુદ્ધવિચાર કરવા એ તો અસ્વાભાવિક છે જેમ અગ્નિમા ઉષ્ણતાનો સ્વાભાવિક ગુણ છે જળમા શીતતાનો સ્વાભાવિક ગુણ છે તેમ જ્ઞાન દર્શન ચારિત્ર વીર્યમય પોતાના આત્માના સ્વરૂપનું ધ્યાન કરવું પોતાના આત્માના અસખ્યાત પ્રદેશમા સ્થિર દૃષ્ટિથી તન્મય લીન થવું તે તમારો સ્વાભાવિક શુદ્ધ ધર્મ છે તેના સબધી જે ચિંતવન મનન તે સર્વ શુદ્ધ વિચારોથી તમો આત્માની જે અનંતિઋદ્ધિ જે સામર્થ્ય તિરોભાવે હતી તેને વ્યક્તિ ભાવે કરો છો અને જે શુદ્ધવિચાર સ્વરૂપ આત્મધ્યાનથી અનંત કર્મની વર્ગણાઓ તમારાથી દૂર થાય છે અને તમારી ઋદ્ધિ જે સ્વભાવિક છે તે પ્રગટ થાય છે

આત્મા સમાધમા સ્વ ધ્યાનની ઉત્તમતા વિષે કહ્યું છે કે,

श्लोक —

यत्र गच्छति परं परिपाकं, पाकशासनपदं तृणकल्पम्;
स्वप्रकाशसुखबोधमयं, तद्ध्यानमेव भवनाशि भजध्वम् ॥ १ ॥

આત્માના સ્વરૂપના શુદ્ધ વિચારરૂપ ઉત્કૃષ્ટ ધ્યાન પરિપક્વતાને પામે છે તે મુનિમહારાજ યોગી ઈન્દ્રની પદવીને પણ તૃણ સમાન ગણે છે માટે ભવ્યજીવોએ પોતાના આત્મધર્મનો પ્રકાશ કરે એવું આત્મજ્ઞાનમય જે ધ્યાન કે જે ભવનો નાશ કરે છે તેનું સેવન કરવું વળી ધ્યાનની ઉત્તમતા જણાવતા છતા શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે,

શ્લોક —

यत्र नार्कविधुतारकदीपज्योतिषां प्रसरतामवकाशः,
ध्यानभिन्नतमसामुदितात्मज्योतिषां तदपि भाति रहस्यम् ॥ २ ॥

જે ધ્યાનના પ્રભાવની આગળ-સૂર્ય-ચંદ્રમા અને તારાનું તેજ અને દીવાના તેજનો પ્રકાશ પણ અપ છે, એવું જે આત્મિક શુદ્ધ ધ્યાન કે જેનાથી અજ્ઞાનરૂપ અંધકાર ભેદાયો છે, એની ધ્યાનરૂપ જ્યોતિ જેને પ્રગટ થઈ

તમારી સન્મુખ જગો, અર્થાત્ તન્મયપણે આત્મધ્યાનમાં
પ્રવર્તો તો પરમાત્મસ્વરૂપ બની અનંતસુખના ભોક્તા
બનશો કારણ કે, તમારામાં પરમાત્મસ્વરૂપ બનવાની શક્તિ
રહી છે અને તમારામાંજ પરમાત્મસ્વરૂપ બનવાનો સ્વભાવ
રહ્યો છે—અને તમનેજ પરમાત્મસ્વરૂપ બનવાનું નિશ્ચય-
નયમતિ પ્રાપ્ત થાય છે, અને તમેજ પરમાત્મપણું અ-
નન્તકારણીભૂત એવું યોગ્ય કર્મ સંપ્રાપ્ત કરી શકો છો
અને તમેજ આત્મા પરમાત્મસ્વરૂપ બનવાના યોગ ધર્મ
ધ્યાન શુક્લધ્યાન રૂપ ક્રિયા, પ્રયત્ન, ઉદ્યમ કરી શકો છો,
માટે હવે સુજ્ઞો '' સવા લાખ ટકાની ઘડી જાય છે, એક ઘડી
જેનું મૂલ્ય થાય નહીં, એવી એક ઘડી પણ મનુષ્યભવની
દુર્લભ છે, માટે તે લેખે લગાડો '' ક્યાં બાહ્યમાં તમે સુખની
ભ્રાન્તિથી ભમો છો ? નક્કી જાણો કે સત્યસુખ જડ-બાહ્યપદાર્થોમાં
નથી અને જીવો ભ્રાન્તિથી બાહ્ય વસ્તુમાં સુખની આશાએ
ભૂલા ભરમમાં ભૂલ્યા, અને માનુ ભવ હાર્યા, જેમ ઝાંઝવાના
ના દેખાતા જળથી તૃષા ભાગતી નથી, ખારા જળથી
જેમ તૃષા ભાગતી નથી તેમ બાહ્યવસ્તુઓ કે જે સ્ત્રી પુત્ર
ધન ઘર હાટ હવેલી ગાડીવાડી લાડી તાડી વિગેરે છે તેમાં
સુખની આશાથી જીવ પ્રયત્ન કરે છે, પણ અંતે જ્યારે તે

વસ્તુઓથી સુખ થતું નથી, અને તે વસ્તુઓ પોતાની સાથે પરભવમાં આવતી નથી એમ જાણે છે ત્યારે પોતાની ભૂલ સમજે છે. પ્રિયસાધકો ! સાંસારિક પદાર્થોનો અનુભવ કરતાં હવે તમને ખરી ખાતરી થઈ હશે કે બાહ્ય વસ્તુઓમાં સુખ નથી. સુખ તો આત્મામાં છે. માટે હવે **તમે** સુખ, આત્મામાં શોધો. ધ્યાનદ્વારા આત્મામાં સુખ શોધતાં તમને સત્ય સુખ સંપ્રાપ્ત થશે. આ વચન ધ્રુવના તારાની પેઠે હૃદયમાં સ્થિર કરજો અને આત્માની સન્મુખ વળજો, પ્રિયભાઈ!! તમને આત્માના સ્વરૂપની વાટે વળતાં અને આત્મધ્યાનના રસ્તામાં ચાલતાં મિત્રોની મુલાકાત થશે. શું મિત્રોની; હા મિત્રોની મુલાકાત, ત્યારે તે મિત્રોનાં નામ શાં છે ! સાંભળો. ક્રોધ, માન, માયા, અને લોભ, એ ચારની ચોકડી કહેવાય છે, તે તમારી પાસે આવી તમને રસ્તામાંથી પાછા વાળશે. પણ તમે તેને ખરા મિત્રો ધારશો નહી હો!!! એ ચાર, ચંડાળ ચોકડી જેવા મિત્રો છે–એ ચારમિત્રોએ તમને આડા માર્ગે વાળી ચોરાશી લાખજીવાયોનિમાં અનંતિવાર પરિભ્રમણ કરાવ્યું છે. હજી એ ચંડાળચોકડી તમને છેતરી આડામાર્ગે લેઇ જશે. માટે વારંવાર કહેવામાં આવે છે કે એ ચાર કષાયરૂપ ચંડાળચોકડીના સામું પણ જોશો નહિ.

એમો તો [illegible] ગ્રંથી ભેદ કરો ને તમને અનાદિ
કાળથી મ [illegible] ની સાથે મિત્રાચારી છે, તેથી
તમે નવચમો [illegible] તમારા મિત્ર નથી પણ તે તમારા
શત્રુ છે માટે આ જિનવચન એક દાગ [illegible]
[illegible] ૨૫ [illegible] મોહ [illegible] ના [illegible] આત્મમાર્ગ
નિ ગમન કરતાં [illegible] અ [illegible] આવશે પણ તમે
આત્મસ્વરૂપમાંજ ઉપયોગ રાખજો સ્થિર દૃષ્ટિથી તમારા
આત્માના અમુખ [illegible] તરફ દૃષ્ટિ રાખીને ચાલ્યા કરો
એટલે તે પોતાની મેળે પાછા નાસી જશે [illegible] આત્માના
અપૂર્વ [illegible] તમે કદી પ્રવેશ કર્યો નથી તેથી તમો
પ્રથમનો ઉ [illegible] નથી [illegible] થય એ સ્થાન [illegible]
પણ તમો ધીર નથી સ [illegible] આગળ ચાલજો
રસ્તામાં [illegible] શાન નગરની [illegible] ઉપર [illegible]
અનુભવ મિત્ર તમો દેખાશે તે **અનુભવમિત્ર** તમોને
આત્માના સન્મુખ લઇ જશે એ અનુભવમિત્રનું સામર્થ્ય
ગર્વ [illegible] અનુભવમિત્ર જેને મળે તેનું તો
[illegible] થઇ ગયું તેનું દારિદ્ર દૂર થઇ ગયું સમજવું ને
પરમાત્માસ્વરૂપ થઇ ગયો સમજવો આત્મસ્વરૂપની સન્મુખ
ગમન કરતા એવા મહા યોગીન્દ્ર પુરૂષોને અનુભવમિત્રની

પ્રાપ્તિ થય છે, તે અનભવમિત્રનુ સામર્થ્ય શ્રી આનંદઘન મહારાજ વર્ણન કરતા છતા કહે છે—

स्तवन

वीरजिनेश्वर परमेश्वर जयो जगजीवन जिनभूप;
अनुभवमित्ते चित्ते हितकरी, दाख्यो जास सरूप.
वीरजिनेश्वर० (१)

जेह अगोचर माणस वचनने, जेह अतीन्द्रियरूप;
अनुभवमित्ते विगत शक्तिशुं, भाख्या तास स्वरूप
वीरजिनेश्वर० (२)

नयनिक्षेपे जेह न जाणीए, नवि जिहा प्रसरे प्रमाण
शुद्धस्वरूपे ब्रह्म ते दाखवे, केवल अनुभवभाण
वीरजिनेश्वर० (३)

अलख अगोचर अनुपमअर्थनो, कुण कही जाणेरे भेद
सहज विशुद्धशुं अनुभववयण जे, शास्त्र ते सघळारे खेद.
वीरजिनेश्वर० (४)

दीसो देखाडी शास्त्र सर्व रहे, न लहे अगोचर वात;
कारज साधक बाधक रहितप, अनुभवमित्तविख्यात.
वीरजिनेश्वर० (५)

अहोचतुराइ अनुभवमित्तनी, अहो तस मित्तप्रतीत,

अंतरजामी स्वामी समीप तें, राखो मित्रनुं रीत.
वीरजिनेश्वर० (६)

अनुभवसंग रंग प्रभु मीलया, सफल फल्यां सवी काज.
निजपद संपद जे ते अनुभवें, आनंदघन महाराज.
वीरजिनेश्वर० (७)

ભાવાર્થ—પ્રથમ સ્તવન ધ્યાને શ્રી વીરપ્રભુને ઉદ્દેશીને પ્રથમ પદે સ્તવના કરે છે. ગદ્ય દ્વારહિત નમે હે પ્રભુ ' જગજીવન છો. તમારું સ્વરૂપ હે પ્રભુ મને અનુભવમિત્રે દિન ચાલી કહ્યું છે, તે સ્વરૂપ જુદાજ પ્રકારનું છે, બીજા પરના રાગદ્વેષને જીતનાર હે વીર મહાવીર હે સ્વામી '' તું લોકમાં મોટો ઈશ્વર છે, જ્ઞાનદર્શનચારિત્રરૂપ લક્ષ્મી તારામાં છે માટે તું પરમેશ્વર છે. રાગદ્વેષને જીતવા તું મહાવીર છે એવું તારું અલખસ્વરૂપ મને અનુભવમિત્રે ' હિતથી કહ્યું તે બતાવું છું.

શ્રી વીરપ્રભુ પરમેશ્વર જયવંતા વર્તો ' હે પ્રભુ ' તમે જગતના જીવન છો.

જે માણસના વચનને અગોચર એટલે વચનથી પણ જેનું સ્વરૂપ વર્ણન પૂર્ણપણે કરી શકાતું નથી, એવું જેનું સ્વરૂપ છે, અને જે સ્પર્શેન્દ્રિયથી સ્પર્શી શકાય નહીં, રસ-

ને દ્રિયથી જેનો આનંદરસ ગ્રહણ કરી શકાય નહી, કારણકે રસને દ્રિય, રૂપીપદાર્થમા રહેલા પાચ પ્રકારના રસને જાણી શકે છે, અને આત્માતો અરૂપી છે માટે તે આત્મામા રહેલા અનત આનંદરૂપ રસને જીભ ગ્રહણ કરી શકતી નથી ઘ્રાણે દ્રિયથી જેનુ સ્વરૂપ ગ્રહણ કરી શકતુ નથી ચક્ષુઇંદ્રિયથી જેનુ સ્વરૂપ દેખી શકાતુ નથી ચક્ષુથકી તો રૂપીપદાર્થ અને તેમા રહેલા, નીલ, પીત, શ્વેત, કૃષ્ણ, રક્ત દેખી શકાય છે અને આત્માતો રૂપી નથી રૂપરહિત છે કાળો, નીલો, પીત, શ્વેત, રાતો નથી પુદ્‌ગલના સ્વરૂપથી ન્યારો છે તે આખથી દેખી શકાય નહીં વળી કાનથી પણ જે સાભળી શકાય નહીં કારણકે શ્રોતેંદ્રિયનો વિષય શબ્દ ગ્રહણ કરવાનો છે શબ્દ છે તે પુદ્‌ગલ પરમાણુઓનો બનેલો સ્કધરૂપ પર્યાય છે તે શબ્દ ત્રણ પ્રકારનો છે, સચિત્તશબ્દ, અચિત્તશબ્દ, સચિત્ત અચિત્તમિશ્રશબ્દ, એ શબ્દના બીજા પણ ભેદો થાય છે તે રૂપી શબ્દને શ્રવણે દ્રિય ગ્રહણ કરે છે, અને આત્મા તો પુદ્‌ગલદ્રવ્યથી ન્યારો છે, તેથી કાનથી પણ આત્મા ગ્રાહ્ય થઇ શકે નહીં અને ઇંદ્રિયથી પણ જે ગ્રાહ્ય થાય નહીં એવા અતીંદ્રિયઆત્માને કોણ દેખાડી શકે ?? કોની મદદથી તે દેખાય ? ત્યારે આનદઘનજી મહારાજ કહે છે કે

અનુભવમિત્તે વિગતે શક્તિરશું બાંધ્યો તાગસ્વરૂપ,
મતિજ્ઞાન અને સમ્યક્શ્રુતજ્ઞાન તે થકી અખંડ ઉપયોગપણે કર્યું જે આત્મધ્યાન તે થકી થયો જે આત્માનો નિશ્ચય નિર્ધાર-પ્રતીત તેને અનુભવજ્ઞાન કહે છે તે અનુભવજ્ઞાન રૂપ મિત્ર પરમાત્માની [illegible] તેને પૂર્વોક્ત મતિજ્ઞાન શ્રુતજ્ઞાનના ઉપયોગથી ધ્યાન કરતા આત્મામા મળ્યો તેણે વિગતે કરી એટલે હેતુ સહિત પ્રમાણ ગુણપર્યાયથી જેવું જેવું આત્મસ્વરૂપ હતું તેવું જાણ્યું અને તેથી હું પોતેજ પરમાત્મા છું, મારી અંદર અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતદર્શન, અનંતચારિત્ર અનંતવીર્ય ગુણ, આદિઅનંત ગુણભર્યા છે એવો મને તે અનુભવમિત્રે નિશ્ચય કરાવ્યો તે નિશ્ચય સામાન્ય નહીં પણ ચોળમજીઠના રંગ જેવો કરાવ્યો, સાક્ષાત્ પરમાત્મારૂપ મારા આત્માને મે જાણ્યો, ઓળખ્યો, અહો કેવા આનંદ, મારા સર્વ કાર્ય ફળ્યા, અહો અનુભવમિત્ર તો અપૂર્વ મિત્રતાનો દક્ષ બન્યો તે સર્વથી અલૌકિક છે કેમકે જેના ધર્મમા નયનો પણ પ્રવેશ નથી, એટલે નૈગમ સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ સાતનયથી દરેક વસ્તુનુ યથાર્થ પક્ષપાત રહિત સ્વરૂપ સમજી શકાય છે તેમ એ

જ્ઞાનનયથી આત્માનું અનેકાંતપણે સ્વરૂપ સમજવામાં આવે છે પણ અનુભવજ્ઞાનમાં નય પ્રસરી શકતા નથી, તેમ નિક્ષેપા ચાર છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપા પણ દરેક વસ્તુના જ્ઞાનમાં ઉપયોગી છે, પણ તેમાં પ્રસરતા નથી, એટલે પ્રમાણથી તેના સ્વરૂપનો નિર્ધાર થાય છે, પણ તે આત્મધર્મમાં પ્રમાણ પણ પ્રવેશ કરી શકતું નથી, એટલે પ્રમાણ તે આત્મજ્ઞાન થવામાં પ્રથમ ઉપયોગી છે, પણ અનુભવજ્ઞાનમાં પ્રમાણ પ્રસરતું નથી. પ્રમાણના ભેદ બે છે, એક પ્રત્યક્ષ પ્રમાણ અને બીજું પરોક્ષ પ્રમાણ. આત્મા, પોતે નિરાવરણ શુદ્ધ ક્ષાયિકભાવે થયેલો જે ઉપયોગ, તેથકી સર્વ દ્રવ્યને જાણે છે તે પ્રત્યક્ષ પ્રમાણ જાણવું. જેમ કેવલજ્ઞાની, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, જીવ અને કાળ એ ૭ દ્રવ્યને પ્રત્યક્ષપણે જાણે છે, તથા દેખે છે, તથા અવધિજ્ઞાની પુદ્‌ગલદ્રવ્યને પ્રત્યક્ષ જાણે છે, તથા દર્શનથી દેખે છે, અને મનઃપર્યવજ્ઞાની અન્યજીવોની મનોવર્ગણાને પ્રત્યક્ષ જાણે છે, માટે અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન એ બે જ્ઞાન દેશપ્રત્યક્ષ છે, માટે પ્રમાણમાં પણ તે દેશ પ્રત્યક્ષ પ્રમાણ સમજવાં, અને કેવલજ્ઞાન સર્વપ્રત્યક્ષ પ્રમાણ સમજવું.

પરોક્ષ પ્રમાણના ત્રણ ભેદ છે અનુમાન પ્રમાણ આગમ પ્રમાણ, અને ઉપમાન પ્રમાણ

ઇંદ્રિય દ્વારા કોઇ પણ ચિન્હ, નિશાન દેખીને જ્ઞાન થાય તે અનુમાન જાણવુ જેમ ધુમાડો દેખીને અનુમાન થાય કે અમુક ઘરમા અગ્નિ છે, તથા પેલે નદીના કાંઠે વસે છે પોતાના દેશમા વર્ષા થઇ નથી, અને એવ વા ધમધોકાર નદીમા પાણીનુ પૂર આવ્યુ દેખીને અનુમાન થાય કે અમુક દેશમા મેઘવૃષ્ટિ થઇ છે જો તે દેશમા મેઘ વૃષ્ટિ થઇ ના હોય તો નદીમા પાણીનું પૂર આવે નહી પ્રત્યક્ષ આંખથી પાણીનું પૂર દેખાય છે માટે અવશ્ય તે દેશમા વૃષ્ટિ થઇ છે એવુ જે જ્ઞાન થાય છે, તે અનુમાન પ્રમાણથી સમજવુ તેમ દરેક શરીરમા આત્માઓ રહેના છે, તે અનુમાનથી જણાય છે જેમ ઇંદ્રિયોથી સુખ દુખની ચેષ્ટા કરનાર આત્મા શરીરમા છે જ્યા સુધી આત્મા શરીરમા છે ત્યા સુધી ઇંદ્રિયોદ્વારા સુખ દુખની ચેષ્ટા થાય છે મૃતક શરીરમા ઇંદ્રિયો વા શરીર દ્વારા સુખ દુખની ચેષ્ટા થતી નથી વા મૃતક શરીરમા પ્રત્યેક ઇંદ્રિયો પોતાના કામથી રહિત થાય છે, તેથી તેમા આત્મા નથી જે શરીરમા આત્મા છે, તે ઇંદ્રિયો દ્વારા તથા શરીરદ્વારા

સુખ દુઃખની ચેષ્ટા થાય છે માટે ઇંદ્રિયો તથા શરીરની સુખ દુઃખાદિ ચેષ્ટાથી શરીરમા આત્માની સિદ્ધ કર્યો, માટે તે અનુમાન પ્રમાણ સમજવુ તથા દેવતાએ નરક, નિગોદ વગેરેના વિચારોને સૂત્ર સિદ્ધાતથી જાણીએ છીએ તે આગમ પ્રમાણ જાણવુ તેમ કોઇ વસ્તુની ઉપમા આપીને વસ્તુને ઓળખાવવી તે ઉપમાન પ્રમાણ જાણવુ

એ પૂર્વોક્ત પ્રત્યક્ષ પ્રમાણ અનુમાન પ્રમાણ આગમ પ્રમાણ, ઉપમા પ્રમાણ, એ ચાર પ્રમાણથી આત્માને જાણે એટલે મતિ જ્ઞાની, અને શ્રુત જ્ઞાની એવો ભવ્ય આત્માર્થી જીવ, પોતે આત્માને જાણવાની ઇચ્છાવાળો થયો છતો વિચારે કે હુ શી રીતે આત્માને જાણુ ? તથા તેનો નિર્ધાર કરુ ? પ્રથમ એમ વિચાર તો વિચારે કે શરીરમા રહેલા અરૂપી આત્માને કોઇએ પ્રત્યક્ષપણે દેખ્યો છે ? તો કહે હા, કેવળી ભગવતે પ્રત્યક્ષપણે આત્માને જાણ્યો છે તથા દેખ્યો છે હાલ મને કેવળજ્ઞાન નથી તો પણ કેવળીએ આત્માને પ્રત્યક્ષ જાણ્યો દીઠો માટે આત્માની સિદ્ધિમા પ્રત્યક્ષપ્રમાણ મને પરોક્ષપણે જાણવા તથા શ્રદ્ધા કરવામાટે શરણીભૂત થયુ તેમ મને અનુમાન પ્રમાણ પણ પરોક્ષપણે આત્માની અસ્તિતા સ્વીકારવામા

તથા જાણ્યુ મા દાલીભૂત થયુ તેમ મત સિદ્ધાંતમા પણ આત્માનું વર્ણન કર્યુ છે આત્મા અરૂપી છે જ્ઞાની છે, અનંત સુખ ધારક છે એમ પરોક્ષપણે આત્માની અસ્તિતાની સિદ્ધિ કરી આપનાર તથા તેનું જ્ઞાન કરાવનાર મત આગમપ્રમાણ પણ નિપૂન થયુ તેમ વળી જેમ આકાશ નિરાકાર છે તેમ આત્મા પણ નિરાકાર છે જેમ આકાશ નિરૂપી છે તેમ આત્મા પણ નિરૂપી વસ્તુત તેની સત્તાથી જોતા છે એમ ઉપમાન પ્રમાણથી પણ પરો ક્ષપણે આત્માનું જાણપણું થયુ તેમ શ્રદ્ધા પણ થઇ, એમ સાધક અવસ્થામા વરતતા ઉત્તરો મતિજ્ઞાન અને શ્રુત જ્ઞાના લબ્ધીપણે દુર કર્યા એવા પ્રમાણે પરોક્ષપણે આત્મા ને જણાવે છે તથા તેની શ્રદ્ધા કરાવે છે પ્રત્યક્ષ પ્રમાણ તો જ્ઞાનના વર્તનમા નથી કારણ તથા કેવળ દર્શન પ્રત્યક્ષ પ્રમા જ ગા અવધિના મન પર્યવજ્ઞાન દેશ પ્રત્યક્ષ છે ગાન તો અનુમાન આગમ ઉપમાન એ પ્રમાણ આ ક્ષેત્રમા વરતતા જીવોને વર્તે છે આત્માનું સ્વરૂપ સક્ષાત્ જાણવામા કેવળજ્ઞાન રૂપ પ્રત્યક્ષ પ્રમાણ તો નથી બાકીના ત્રણ પ્રમાણ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના લબ્ધીપણે વર્તે છે અને મતિ અને શ્રુતના તો પરોક્ષ પ્રમાણ છે

માટે તેનાથી આત્માનુ સ્વરૂપ સાક્ષાત્ અનુભવાતુ નથી, પણ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી જન્ય અને કેવળ જ્ઞાનનુ હેતુ એવુ અનુભવજ્ઞાન છે, તેથી શુદ્ધ આત્મસ્વરૂપ ભાસે છે, એવુ અનુભવજ્ઞાન જાણવુ નૈયાયિકોએ ઇન્દ્રિયજન્ય જ્ઞાનને પ્રત્યક્ષ જ્ઞાન કહ્યું છે પણ તે તો પરોક્ષ જ્ઞાન છે ઇંદ્રિય જન્ય જ્ઞાનનો મતિ જ્ઞાનમા તથા શ્રુત જ્ઞાનમા સમાવેશ થાય છે મતિ અને શ્રુતથી આત્માનુ સ્વરૂપ કંઇક જાણી શકાય છે પણ તે પરોક્ષપણે છે આત્માર્થી જીવને સાધક અવસ્થામા પણ પ્રત્યક્ષપણે જ જેમ તેમ આત્મજ્ઞાન કરાવનાર તથા નિશ્ચય કરાવનાર કેવળજ્ઞાનના સન્મુખ અનુભવજ્ઞાન છે એવો અનુભવ જ્ઞાનનો મહા અદ્ભૂત પ્રભાવ છે, તે અનુભવ જ્ઞાન જ્યારે કેવળ જ્ઞાનરૂપી સૂર્ય, હૃદયમા ઉગો હોય એવુ જાણી લેવુ છે

નય તથા નિક્ષેપા પણ આત્માનુ પરોક્ષપણે જ્ઞાન તથા શ્રદ્ધા કરાવી આપનાર છે, માટે તે પ્રત્યક્ષપણે જ જેમ તેમ જ્ઞાન તથા નિર્ધાર કરાવી આપનાર નય, નિક્ષેપા તથા પ્રમાણ નથી માટે આનંદઘનજી મહારાજ કહે છે નય નિક્ષેપા અને પ્રમાણ પણ સાધકપણે આત્મ[illegible] તેની શ્રદ્ધામા પરોક્ષપણે પ્રસરે

પ્રકાશ કરે છે વિભાગ કરે છે આ ખુબી જૈન શાસ છે પણ
નૈયાયિકો અનુવાદમાં પૂર્વોક્ત એ જાણો પ્રકાર નથી
એ જ આ ખુબીના ગથી આત્મસ્વરૂપનું નયગ જાણપણું
મેળવી શકાતું નથી પણ નયગપણે એવા શુદ્ધ અચિ
ન્ત્ય આત્મસ્વરૂપને અનુભવ જ્ઞાન જણાવે છે, દેખાડે
છે એ તેના અપૂર્વ મહિમા શી રીતે વર્ણન કરી શકાય ??
અદ્ભુત અનુભવના ને કેવળ જ્ઞાનનો લાભ છે

વળી તે અનુભવ જ્ઞાનનો મહિમા દર્શાવવા કહે
છે કે અવાચ્ય અગમ્ય એવું સ્વરૂપ વચનમાં આવે નહી એવુ
અને ઇન્દ્રિયોથી અગોચર એવું જે આત્મ તત્વ તેના મર્મ
રહસ્યનો ભેદ કોણ કરી જાણી શકે અર્થાત્ અનુભવ જ્ઞાન
વિના આત્મસ્વરૂપનું યથાર્થ રહસ્ય જાણવાને કોઈ સ
મર્થ નથી અર્થાત્ અનુભવ જ્ઞાન વિના ઉપરથી આત્મ
સ્વરૂપ જાણવું તથા વર્ણન કરવું કાંઈ હિસાબમાં નથી
સ્વભાવે વિશુદ્ધ જે અનુભવના આધારે નય
છે એવા શુદ્ધ અનુભવજ્ઞાનથી આત્માની અત્ય
ન્ત વિશુદ્ધ આત્મસ્વરૂપને યથાર્થ જાણી તથા કરી શકે
છે માટે તે યથાર્થ શુદ્ધ અનુભવજ્ઞાન નયગામી વાચને સુન
રત્નાનું ભંડાર કહ્યું છે તે થકી એટલે શાસ્ત્રથકી શુદ્ધ

અનુભવજ્ઞાન જો ન પ્રગટ થયું તો સઘળાં શાસ્ત્રો ખેદ તુલ્ય સમજવાં. કારણ કે સઘળાં શાસ્ત્રો આત્માનો અનુભવ થવામાં કારણ છે, અને શુદ્ધઅનુભવજ્ઞાન કાર્ય છે, કારણ રૂપ શાસ્ત્રો વાંચ્યાં પણ આત્માનું શુદ્ધ અનુભવજ્ઞાન રૂપ કાર્ય પ્રગટ્યું નહી તો તે ખેદરૂપ જાણવાં. જેમ ગાયને ઘાસ ખવરાવવામાં આવે છે, તે દૂધની આશાએ પણ ઘાસથી દૂધ રૂપ કાર્ય સફળ ન થયું તો ઘાસ ખવરાવવું તે ખેદને પ્રગટાવે છે, તેમ અત્ર સમજવું. માટે અનુભવજ્ઞાન છે, તે ઘૃત સમાન છે. જેને શુદ્ધ અનુભવજ્ઞાન પ્રગટ્યું છે, તે સિદ્ધાત્માની પેઠે પ્રત્યક્ષ સુખ ભોગવે છે—

વળી અનુભવજ્ઞાનની સ્તુતિ કરતા કહે છે કે—

'**દિશિ દેખાડી શાસ્ત્ર સર્વે રહે**' સર્વ શાસ્ત્ર, આત્મરૂપના રસ્તો દેખાડે છે. ભવ્ય પ્રાણીઓ જો તમારે આત્માનો ખપ હોય તો અમુક રસ્તે જાઓ એમ દિગ્દર્શન કરાવી આઘાં રહે છે, પણ તે અગોચર પદને પામી શકતાં નથી. કેવલ સર્વ શાસ્ત્ર પ્રત્યક્ષપણે આત્મસ્વરૂપ જણાવવા તથા દેખાડવા સમર્થ નથી, પણ કાર્યનો એટલે ક્ષાયિકભાવે અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત વીર્યનો ઉત્પાદક અને કોઇ પણ પ્રકારની બાધા રહિત અનુભવજ્ઞાન

રૂપમિત્ર જે તે નત્ય પણે જ જેમ નેમ આત્મસ્વરૂપ જ્ઞા
તા નથી દેખાતા સમય છે, અને જગતમા પ્રસિદ્ધ એવો
અનુભવજ્ઞાન રૂપમિત્ર છે આ તેની કેવી દશના ? અને
અનુભવજ્ઞાન રૂપમિત્રની કેવી ચતુરાઈ ? કેવું ડાપણ ? અને
તેની કેવી નીતિ ? આ મની જે શરીરમા રહ્યા અ
ખ્યપ્રદેશી આત્મા તેની સમીપમા એટલે ક્ષાયિકભાવે તેના
નાભિમા મિત્રતાની ખરી રીત સાચવી એવા અનત મદિ
માને ધારક અનુભવજ્ઞાનરૂપ મિત્રની નગે ક્ષણે ક્ષણે અન
તો ક્ષણ માન પણ સમાગમ અળગો ન મૂક્તા, અને તેમા
એટલ અનુભવ જ્ઞાનમા જ્ઞાન એકનક થઈ ગયા અથ ર
ન મય સ્વરૂપણે સમાગમ રહેતા સાવિભાવે આન દ
નવુ મ પા અસખ્યપ્રદેશથી એકમેક થઇ અને પણે
માત્માને જેવા દર્શન કર્યા ત્યારે મર્ન આ મગુણોના
આવિભવનારૂપ માર્ય સફલપણે થયુ

એવી દશામ પોતાનુ જે પ માત્મપદ તેની અનન
મ પ તેનો અનુભવ રૂ અને આન નો સમૂહ તે
નામી પોત બની ર એમ આન નઘન મહારાજ તેને
કહે છે કે અનુભવ જ્ઞાનયોગે ક્ષાયિક ભાવે ભ પરત્વ આ
ત્મગુણ મ પ પામી પ માત્મા સ્વરૂપ બની અનન આ

નંદનો ભોગના થાય છે તથા વળી ક્ષાયિકભાવે સર્વ આત્મ ગુણ સંપદા પ્રગટ થવાની પૂર્વે પણ અનુભવજ્ઞાન યોગે ધર્મમાં નિજગુણ ભોગના આમાં થઇ ક્ષણે ક્ષણે અનંત સુખનો અનુભવ કરે છે ઇતિ વિશેષ માર્યમ્તુ જ્ઞાનિગમ્ય એવું અનુભવ મિત્રનું મહાત્મ્ય છે જેનું શ્રવણ કરતાં પ્ર અનેક પ્રકારની ઉપાધિયો અને દુઃખો નાશ પામે છે, આ આત્મા શાન્તિ ભોગવે છે શ્રી આનંદઘનજી યોગીંદ્રે સ્તવ્યુ અનુભવ મિત્રનું વર્ણન સાંભળી હે પ્રિયબોધ તું આત્મ સ્વરૂપના માર્ગે ચાલી દુઃખ વેઠીને તત્પ યોની મ ાન કરીને પણ અનુભવ મિત્રને ઓળખજે, અને તેને પ્રેમથી ભેટજે, અને તેને આગળ કરી આત્મસ્વરૂપના માર્ગે ચા લજે; નિર્ભય થઇ આગળ ચાલજે ચાલતાં ચાલતાં નીચે ન ની હિતશિક્ષાનું સ્મરણ કરજે

स्वस्थ चित्ते चालवुं रया, मोह घाटी भेदयी,
घाट अवघट उतरीने, आतमसत्ता वेदयी जीवडा १
चित्तनिज उपयोगमांही, रात्री दिवस चालजे,
पामीप्रेमे देश तारो, निजस्वरूपे म्हालजे जीवडा २

સ્વસ્થચિત્તથી મોહ ઘાટી ભેદવી, તેનાથી ચિ ત્ત પોતાનીજ આત્માના શુદ્ધસ્વરૂપમાં જ નિત્ય

અનમાદદશાએ ઉપરોગ ગણી સ્વસ્વરૂપ મનિ દાસે દા
નાધમ્દશાએ જ્વાનુ છે અને હે જના મા ચ ક્ષના મે
નાળના તરફની અવશ્યધારી બેઠીને જ્વાનુ છે મા
પોતાના સ્વરૂપમા લક્ષ ગણી મન વચન અને કાયાને
ગનો વેપાર રૂધી નિર્વિકલ્પ ધ્યાને મની આવશે, એટલે
મોહધારી બેઠાર જશે, હવે એવા મોહનો અસંગ મારગ ઉત્
તગીન એટલે તેવા પોતપોતાને શુદ્ધ આત્મગતા પોતાની
જ્ઞી છે તેની તાર ચેની, એમ રણી શિખા આપના કહે
પોતાના આત્મના ઉપયોગમા તું ચિત્ત રાખજે,
મન કે ચિત્ત મર્કટ સમાન છે ઘડીમા પાતાળમા તે
ઘડીના આકાશમા એવી તેની અવગ સ્થિતિ છે, અગ્નિ
ના વાયુની તીવ્ર ગતિ છે અને વાયુ કરતા વિજળીની
અતિ વેગવાળી ગતિ છે, અને વીજળી કરતા પણ મનની
અતિ વેગવાળી ગતિ છે ત્યારે એવા મનને શી રીતે વશ
કરવુ શી રીતે યુક્તિ કરવાથી પોતાના વશમા રહે તો તેનો
ઉપાય કહે છે વૈરાગ્ય તથા અભ્યાસથી મન વશ થય
ત્યારે હવે પ્રશ્ન થાય છે કે વૈરાગ્યની શીરીતે પ્રાપ્તિ થય ?
ઉત્તર મા સમજવાનુ કે સદ્ગુરૂ સગતિ અને સતશાસ્ત્રોનુ
હંમેશ પુન વાચન કરવાથી વૈરાગ્ય પ્રગટે છે, અને મનસા

[illegible] ને અનુભવ થતાં વૈરાગ્ય પ્રગટે છે વળી
[illegible] ત્રણ પ્રકાર છે દુઃખગર્ભિત વૈરાગ્ય, મોહગર્ભિત
[illegible] જ્ઞાનગર્ભિત વૈરાગ્ય. પ્રથમ દુઃખગર્ભિત વૈરાગ્ય
[illegible] છે સંસારમાં [illegible] અનેક પ્રકારના દુઃખ
[illegible] છે, [illegible] ને એટલે જે મનન કરે છે તેને
[illegible] અને જે જે દુઃખે પડે છે, તે પૂર્વકર્મના
[illegible] છે [illegible] ધર્મ કરવાથી દુઃખ
[illegible] એવા જે દુઃખથી ઉત્પન્ન થયેલ સામાન્ય
[illegible] દુઃખગર્ભિત [illegible] તેમ વળી [illegible]
[illegible] મોહના [illegible] સંયોગ પણ
[illegible] માલુમ પડે છે આ સંસાર
[illegible] એવા જે વૈરાગ્ય છે તેમાં
[illegible] છે, [illegible] તેવા નથી, તથા તે મોહ
[illegible]
[illegible] તેનું જે આ[illegible] અનાદિ
[illegible] અત્તિથી એટલે આત્મા
[illegible] નથી [illegible] માને [illegible]
[illegible] એમ [illegible] તો
[illegible] છે. [illegible]

કાર્યરૂપ વસ્તુ છે, તે ઘટપટની પેઠે અનિત્ય વસ્તુ સદાકાળ એક સ્વરૂપ હોય નહી આત્માને કાર્યરૂપ માનતા અનિત્ય થાય, નાશવંત થાય અને ત્રિકાળમા એક સ્વરૂપ રહે નહી માટે આત્મા અનાદિ કાળથી છે એમ સ્વીકારતા ક્ર જાનનો દોષ આવતો નથી આત્મા અનંત છે એટલે આત્માનો કદિ અંત નથી નાશ નથી માટે આત્મા અનાદિ અનંત કહેવાય છે આત્મા પોતાના અસંખ્યપ્રદેશીકરી લોકાકાશમા જે સ્વરૂપ છે અનંત કાળ ગયો તો પણ આત્માના અસંખ્યપ્રદેશમાથી એક પ્રદેશ પણ ખર્યા નથી વર્તમાન કાળે ખરતો નથી, અને ભવિષ્યકાળે એક પ્રદેશ પણ ખરશે નહી તેમ આત્માના અનંત ગુણો છે તેમાથી એક ગુણ ભૂતકાળે ખર્યો નથી અને ભવિષ્યકાળે એક ગુણ પણ આત્માનો ખરશે નહી માટે આત્મા અક્ષર કહેવાય છે વળી આત્મામા કોઈપણ જાતનો રૂપી અક્ષર નથી માટે અનક્ષર કહેવાય છે અક્ષરરૂપ જે જ્ઞાન તેથી આત્માની ઓળખાણ થાય છે પણ તે રૂપી અક્ષરો અરૂપી એવા આત્મસ્વરૂપમા પ્રવેશ કરી શકતા નથી માટે કહ્યું છે કે—

पद.

शाब्दिक तार्किकपंडित छाके, ते पण त्यां जइ थाके;
शब्दतीर पण ज्यां नहीं पहोंचे, शब्दवेधीनां ताके.
भयाअनुभय रंग मजीठारे, उसकी वात न वचनेयाती॥

વળી આત્મા, આકાશની પેઠે અસંગી છે. વ્યવહારે જોતાં આત્મા ક્ષીરનીરની પેઠે પુદ્દગલની સાથે પરિણમી રહ્યો છે, તે. પણ નિશ્ચયનયથી જોતાં પોતાના સ્વરૂપે સત્તાથી અસંગી છે. અને સિદ્ધના જીવો તો સદાકાળ પોતાના સ્વરૂપે શક્તિ તથા વ્યક્તિભાવે અસંગી છે, પોતાને સ્વરૂપે આત્મા શુદ્ધ છે. વળી આત્મા અનંત રત્નત્રયીનો ભોક્તા છે માટે ભોગીપણુ સ્વગુણથી જાણવો. ત્રણે કાલમાં આત્માનો વિનાશ નથી માટે તેને અવિનાશી કહે છે. કદાપિ કાળે આત્મા ઉત્પન્ન થયો નથી માટે આત્માને અજર કહે છે. ત્રણે કાલમાં પોતાના સ્વરૂપેકરી એક રૂપ છે માટે આત્માને દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ નિત્ય કહે છે. વળી આત્માનો કદાપિ કાળે ક્ષય થતો નથી માટે તે અક્ષય જાણવો. આત્મા પોતાના સ્વરૂપથી કદાપિ કાળે ચલાયમાન થતો નથી, માટે અચલ જાણવો. આત્માનું સ્વરૂપ કળી શકાતું નથી માટે તેને અકલ કહે છે. આત્મા

પોતાના શુદ્ધસ્વરૂપે નિશ્ચય નયથી જોતા ભવ રહિત છે. માટે તેને અભવ કહે છે વળી આત્મા અગમ્ય છે વળી આત્માનુ નામ નથી માટે તેને અનામી કહે છે વળી આત્મા વર્ણગંધાદિકથી રહિત છે માટે અરૂપી છે, અને પોતાના અસંખ્યપ્રદેશ આદિ સ્વરૂપે રૂપી છે વળી નિશ્ચય નયથી જોતા આત્મા કર્મથી રહિત અકર્મા છે, અબંધક છે, અનુદયિક છે વળી આત્મા પોતે મન વચન અને કાયાના યોગથી ભિન્ન છે માટે તે અયોગી જાણવો, વળી શુભાશુભ વર્ણગંધરસ અને સ્પર્શમય જે પુદ્‌ગળો છે, તેના ભોગને વસ્તુત નિશ્ચય નયથી જોતા આત્મા ભોગવનો નથી, માટે તે અભોગી જાણવો આત્માના ગુણોનો ભેદ થતો નથી એટલે આત્માથી આત્માના ગુણો ભિન્ન કદાપિ કાળે પડતા નથી, માટે આત્માને અભેદી કહે છે પુરૂષ વેદ એટલે સ્ત્રી ભોગવવાની ઇચ્છા જેનાથી થાય તે સ્ત્રી વેદ એટલે પુરૂષ ભોગવવાની ઇચ્છા જેનાથી થાય તે નપુસક વેદ એટલે સ્ત્રીપુરૂષ ઉભય ભોગવવાની ઇચ્છા જેનાથી થાય તે એ ત્રણ પ્રકારના વેદથી પણ રહિત, નિશ્ચયનયથી જોતા આત્મા છે માટે આત્મા અવેદી જાણવો વળી સત્તાથી જોતા અરોગી, અછેદી, અભેદી, અકષાઇ, અસખાઇ, અલેસી, અશરીરી, અણાહારી,

અવ્યાબાધ, અનવગાહી, અગુરૂલઘુપરિણામી, અતીંદ્રિય, અપ્રાણી, અયોનિ, અસંસારી, અમર; અવ્યાપી, અનાશ્રિત, અકંપ, અવિરૂદ્ધ, અનાસ્રવ, ચિદ્ઘન, આનંદઘન, અશોકી, લોકાલોકજ્ઞાયક, સતસ્વરૂપ, એવો આત્મા જાણવો. પણ પણ સંસાર અવસ્થામાં કર્મના યોગે સર્વ ઋદ્ધિ નિરોભાવે રહી છે. તેથી આવિર્ભાવે પોતાની શકિતનો ઉપયોગ કરી શકતો નથી. વળી જેમ તલમાં તેલ વ્યાપીને રહ્યું છે. ફુલમાં સુગંધ જેમ વ્યાપીને રહી છે. શેલડીમાં જેમ રસ વ્યાપીને રહ્યો છે. તેમ આત્મા આ દેખાતી કાયામાં અસંખ્યપ્રદેશરૂપવ્યક્તિથી વ્યાપી રહ્યો છે. વળી તે આત્માને ચાર પ્રમાણથી તથા દ્રવ્ય ક્ષેત્ર કાળભાવથી જાણે એવી રીતે ષટ્ દ્રવ્યમાંથી પોતાના આત્માને ઉપાદેય જાણે, અનાદિકાળથી પુદ્‌ગળ દ્રવ્યના પર્યાયરૂપ અષ્ટકર્મ આત્માને લાગ્યાં છે, અને તેથી પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે, અને તેથી આત્મા રાગ દ્વેષના યોગે પરભાવ રંગી તથા પરભાવ સંગી થયો છે, તેથી પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે. પણ કાળલબ્ધિયોગે સદ્‌ગુરૂ દ્વારા જ્યારે જ્ઞાન થયું ત્યારે જાણ્યું કે હું આત્મા એક છું, અને સર્વ સંસારભાવથી ન્યારો છું. હું આજ સુધી અજ્ઞાનથી પરવસ્તુમાં રાચ્યો માચ્યો થકો

રહેલા હવે છે દુ:ખના કારણોને પોતાના માની રાગ દ્વેષમાં ભરાય કેમ સંસારમાં બંધાઈ માન આત્માના સ્વરૂપમાં રમતું યોગ્ય છે, એમ બે દશાથી સ્વસ્વરૂપને વિવેકથી જુદા પાડનાર આત્મા જીવાદિ નવતત્ત્વની શ્રદ્ધા કરે, અને સંસારથી ત્યાગી અંતરથી રહે તેવો જે વૈરાગ્ય તે જ્ઞાન-ગર્ભિત વૈરાગ્ય કહે છે

એવા જ્ઞાનગર્ભિતવૈરાગ્યથી આત્મા, અલ્પકાળમાં સઘળા કર્મનો ક્ષય કરે છે, અને પૂર્વોક્તકથિત જ્ઞાન અને વૈરાગ્યથી ઔદયિકભાવે પૂર્વકર્મને ભોગવતો પણ આત્મા કર્મને બાંધી શકતો નથી

ज्ञानस्यैवहि सामर्थ्यं, वैराग्यस्यैव वा किल ।
यत्कोऽपि कर्मभि कर्म, भुञ्जानोपि न बध्यते ॥१॥

ભાવાર્થ ઉપર કહેવાયો છે સાધકજીવે વૈરાગ્ય અને અભ્યાસથી મનને વશ કરવું એવું પ્રધાનપણે વૈરાગ્ય પણ પ્રસંગે આવ્યા તેથી તેનું વર્ણન કર્યું હવે એ મનને એકદમ વશ કરવાનું સાહસ કરીએ તો કદી તે પોતાના વશમાં આવે નહિ, પણ જેમ વઢકણાથી તથા અશ્વને ધીમે ધીમે યુક્તિકળાથી વશ કરી શકાય છે, તેમ મનરૂપી હાથીને પણ હળવે હળવે કળાયુક્તિ ઉપાયથી વશ કરી શકાય છે

સદ્ગુરૂ સંગતિ તથા સતશાસ્ત્ર શ્રવણ મનન, વાચન, એ મનને વશ કરવાનો રાજમાર્ગ છે પણ તે બાહ્ય ઉપાય છે આત્માના સ્વરૂપમાં મનને પ્રવર્તાવવું, તે મનને વશ કરવાનો અંતર ઉપાય છે હવે તે એકજ આત્મસ્વરૂપમાં સ્થાપન કરેલું મન કેવું થાય છે તે જણાવે છે

आलम्ब्यैकपदार्थं यदा न किंचिद्विचिंतयेदन्यम् ।
अनुपनतेंधनवन्हिवदुपशांत स्यात्तदाचेतः ॥ १ ॥
शोकमदमदनमत्सरकलहकदाग्रहविषादवैराणि ।
क्षीयंते शांतहृदामनुभव एवात्र साक्षात्तः ॥ २ ॥

ભાવાર્થઃ—આત્માના ગુણ પર્યાયનું અવલંબન કરીને આત્મા રૂપ એક પદાર્થમાં સ્થિર થએલું મન જ્યારે અન્ય પદાર્થોનું ચિંતવન નથી કરતું, ત્યારે તે પોતાની મેળે શાંત થઇ જાય છે જેમ કાષ્ટ વિનાની અગ્નિ પોતાની મેળેજ ઓલવાઈ જાય છે તેમ અત્ર સમજવું

વળી એની રીતે શાંત મન થતાં શોક, અહંકાર, કામ, મત્સર, કલેશ, કદાગ્રહ, વિષાદ અને વૈર તે પોતાની મેળે ક્ષય પામે છે જે મહાત્માઓએ આત્મામાંજ મનને લગાવી ઘણી મહેનતે મનને શાંત કર્યું છે, તેમને સાક્ષાત્ તેનો અનુભવ વર્તે છે, એમ નક્કી જાણવું વળી તે મન શાંત થઇ જતાં આત્માની કેવી સ્થિતિ થાય છે તે બતાવે છે.

श्लोक:—
शान्ते मनसि ज्योति प्रकाशते शांतमात्मन सहजम् ।
भस्मीभवत्यविद्या, मोहध्वात विलयमेति ॥ १ ॥

એવી રીતે મન શાંત થયે છતે આત્માની અનંત આનંદ સુખ દાયક જ્ઞાન જ્યોતિ સહેજે પ્રકાશે છે, અને અવિદ્યા બળીને ભસ્મીભૂત થાય છે અને મોહરૂપ અંધકાર નાશ પામે છે અને અંતરમાં જ્ઞાનરૂપસૂર્ય ઝગમગે છે સંતોષની નાપ્તિ થાય છે અનેક પ્રકારની ચિંતાનો તો સમૂળગો નાશ થાય છે માયા અને મમતારૂપ દોષ તો સનાગળ દૂર રહે છે એવી રીતે મનને વશ કરી પોતાના આત્માના સ્વરૂપમા સુરતા રાખી હે સુખસાધક ભવ્યાત્મા તું રાત્રી દિવસ તારા દેશ ભણી ચાલજે અને એમ અસખ્યપ્રદેશમય તારો જે ખરો દેશ છે તો પામીને પોતાના પરમાત્મસ્વરૂપે સ કાળ મહાનંદે સમયે સમયે સ્વસ્વરૂપી થઇને અનંતિ ઋદ્ધિ ભોગવજો

ભ ય સત સુખસાધકો તે માર્ગની નાપ્તિ વિના એકી નયને પણ નહી વજ્ર તેખની પેઠે ધારી રાખજો કે ભનાત નથી જેમ પાણીમા નાખેલો સાકરનો ક્કડો જનમા ઓગળી જાય છે તેમ તમે આ માર્ગમા જોડાશો તો તમા અંતગાત્મસ્વરૂપ પરમાત્મસ્વરૂપમા ભળી જવાનું,

આત્મતત્ત્વની પ્રાપ્તિથી ત્રણ ભુવનનું રાજ્ય પામ્યાના કરતા તમો અલૌકિક રાજ્ય પામ્યા એમ તમે જાણશો

તમારા મનુષ્ય અવતારને ધન્ય છે કે તમો આ પ્રમાણે સમજવાને શક્તિમાન્ થયા છો તમારૂં શરીર, મન, વચન એ ત્રણ, આ સંસારરૂપસમુદ્રને તરવા વહાણ સમાન છે માટે વહાણને સારા માર્ગે દોરો, સદ્‌ગુરૂ રૂપ ખલાસી તમને સંસાર સમુદ્રની પેલી પાર પોંચાડશે અને સામું મુક્તિ નગર દેખાડશે

ઉપર લખેલુ વાંચ્યુ, સાંભળ્યુ, ધાર્યું તેટલાથીજ હવે અમે તત્ત્વ પામ્યા, એમ સમજી સદ્‌ગુરૂનુ શરણુ અને સદ્‌ગુરૂની સંગતિ છોડી દેશો નહીં, અને સ્વેચ્છાચારી થશો નહીં મોક્ષ માર્ગની ખરી કુંચીઓ તો ગુરૂની પાસે રહે છે આથી હવે તે વધારે શુ ? જાણતા હશે, એમ નિશ્ચય કરી બેસશો નહી જેમ વૈદ્ય રોગીને રોગની પરીક્ષા કરી ઔષધ આપે છે, દરદીના રોગોની પરીક્ષા કરી જુદી જુદી દવા આપે છે, તેમ સદ્‌ગુરૂ તે વૈદ્ય સમાન છે તે તમારી અંતરની નાડી તપાસીને તમને આપવા લાયક ઉપદેશ રૂપ ઔષધ આપને તમારા સારાને માટે આપશે માટે તમો તેમની વિશેષ વિશેષ ભક્તિ કરજો, અને તેમની સેવામાં રહેશો, આત્મા [illegible] પવજો વૈદ્યનું નામ ધરાવી જેમ,

વૈદ્ય ઉટ વૈદુ કરી લોકોને ઠગે છે તેમ તમે પણ તે બા-
બતની સાવચેતી રાખજો માથે એક જ્ઞાની સદ્દગુરૂની આજ્ઞા
ધારજો તમને જેમ જેમ યોગ્યતા પ્રાપ્ત થશે તેમ તેમ તમને
અધ્યાત્મમાર્ગની ઉંચીઓ અર્પ્યા કરશે યોગ્યતાની ઘણી
જરૂર છે તમો સદ્દગુરૂને દેખી તુરત બેઠા હોતો ઉભા થઈ
વંદન કરજો ખાતા પણ જો સદ્દગુરૂ મહારાજ પધારે તો
ઉભા થઇ હાથ જોડી યથાયોગ્ય વિનય સાચવજો, પો-
તાનાજ ગામમાજ સદ્દગુરૂ પધાર્યા હોય તો તેમના દર્શન
કરી, તેમને શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે ત્રણ પ્રદક્ષણા દેઇ ખ
માસમણા તથા અનુદ્ધિઓ અભિનય પૂર્વક વદન કરજો
જ્યારે ગુરૂ મહારાજ પાસે જાઓ ત્યારે વદનની વિધિ
સાચવ તે (ધર્મસ્ય મૂલ વિનય) ધર્મનું મૂળ વિનય છે,
જેમ તમાગમા વિશેષ વિનય તેમ તમો યોગ્યતાના વિશેષ
અધિકારી થશો, તમો સદ્દગુરૂ મહારાજ પાસે આવી અક્કડને
અક્કડ રહી ઉભા ઉભા બે હાથ જોડી પરાણે લટક સલામ
મીયા જેવુ વદન કરો છો, તે શુ ગુરૂમહારાજ નથી
સમજી શકતા ? તમારી યોગ્યતાનો શુ તે વિચાર નથી
જાણતા ? તમો ગુરૂને વદન કરવામા જેટલુ મનમા ઓછુ
લાવો છો તેટલુજ તમારૂ કમનસીબપણુ સમજવુ જેની
દેહમા બુદ્ધિ છે તેની બુદ્ધિ તમોએ સદ્દગુરૂમા સ્થાપન નથી

ઞી ત્યા સુધી તમો ખરૂ રહસ્ય પામનાના નથી, અને તમારો આત્મા ઉન્નતિનુ શિખર પ્રાપ્ત કરી શકવાનો નથી ચુ તમે દેવના કરતા ગુરૂને ઓછા માનો છો? શા માટે ઓછા માનો છો? ઓછાપણું માનવુ તે તમારૂં અજ્ઞાન છે, પ્રત્યક્ષ ઉપકારી તો તમને સદ્ગુરૂ મહારાજ છે સદ્ ગુરૂજ, દેવ ધર્મને ઓળખાવનાર છે દેવ જેવી બુદ્ધિ તમો ગુરૂમા ધારશો તો તમારૂ કલ્યાણ થશે, અને તે સબંધમા એક દુહ કહેલુ છે કે—

देवगुरू दोनुं खडे, किसकु लागुं पाय।
बलिहारी गुरूराजकी, जेणे दिया देव बताय॥१॥

ધર્મના દાતા, ધર્મના બોધક, સદ્ગુરૂજ શરણ્ય નરણ્ય નેય છે, તેમની શ્રદ્ધા તેમની ભક્તિજ પરમ કલ્યાણ કરક છે

તમો સસારની બાબતમા તમારો અર્થ સાધવાને હજારો મનુષ્યોની ખુશામત કરો છો હજારોની આગળ દીનતા કરો છો તમારા મુરબ્બી શેઠ તથા અમુક ગજા વા પેલા સાહેબની આગળ તમે તેના પગે પડી ગરીબ ગાય જેવુ મુખ કરી તમારા તુચ્છ સ્વાર્થનેમાટે કરગરો છો તેના મુખ સામુ હાજી હાજી કરીને વા હે સાહેબ!! હે સાહેબ!! કરીને ટગર ટગર જોયા કરો છો, અને તેની મરજી સાચવના રહો છો અને કહો છો કે, શેઠ સાહેબ!! અમારા

ઉપર મહેરબાની રાખતા રહેજો અમો તમારાથીજ જીવનારા છીએ નોકરી જે તમો કરતા હો છો તો તમારો ઉપરી તમારા ઉપર પ્રસન્ન રહે, તે માટે તમે કેટલુ બધુ લક્ષ રાખો છો? વળી તમારો સાહેબ અભનો બારદાન છતા ગમાર અને ટોલામારૂ જેવો મનમા જાણતા છતા તેને નમી નમીને સલામ કરો છો, આપ સાહેબ મુરબ્બી સાહેબ નેકનામદાર વિગેરે શબ્દો વદી તેને સંબોધો છો નમગ આવતા પગાર વધારવા તેને પગે લાગીને વિનવો છો, તમો પેલો લાટ સાહેબ આવનાર હોય છે તો હે હે લાટ સાહેબ આવવાના છે એમ જાણી તેને જોવા કેવા દોડો છો, અને તમારી સલામ તે લે અગર ના લે તોપણ તમે કેવા સલામો કરવા ઝુકી પડો છો આવા સામાન્ય પુરૂષોની આવી ગુલામી કરતા તમો અચકાતા નથી, અને જે જ્ઞાનના મહોદધિ છે, સર્વ પ્રકારની યોગ્યતાવાળા છે, અને જે આપણા અપરાધો છતા નિરંતર ક્ષમાદૃષ્ટિથી જુએ છે, અને જે સંસાર સમુદ્રના તારક છે, અને જે આપણા માતાપિતા કરતા પણ અનવધિ ઉપકારના કર્તા છે, અને જે ભાવધર્મના દાતાર છે તેવા ગુરૂ મહારાજની ધર્મના માટે આજીજી કરતા શરમ આવે, તેવા સદ્ગુરૂ મહારાજને પગે લાગી વિનવતા શરમ આવે આ શુ તમે

ઓછુ કરો છો ? તુ તમને આવી રીતે વર્તતા આત્મકલ્યાણુની પ્રાપ્તિ થઇ નથી વાર ! કદી થશે નહીં, એમ નક્કી સમજને લોર્ડના લોર્ડ, રાજાના રાજા, સાહેબના સાહેબ, તમે ગુરૂ મહારાજને માનજો અને તેમની ભક્તિ કરજો તેમની કૃપા મેળવજો તેમની અંતરની આશિષથી તમો અનવધિ સુખના ભોક્તા બનશો તમો સર્વ પ્રાપ્ત કરી શકવાને સમર્થ છો માટે ગુરૂઆજ્ઞાએ વર્તી આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જોજો શ્રી સદ્ગુરૂનો તમો વિનય કરશો, તથા તેમની ભક્તિ કરશો તેમા તમારો સ્વાર્થ સમાયો છે, ગુરૂમહારાજ તો પરમાર્થ કાર્યમાજ સદાકાળ પરાયણ રહેનારા હોય છે તમારા કરતા એમ સમજજો કે તેઓ મહાજ્ઞાની છે તમારા કલ્યાણુને માટે જે આજ્ઞા, આચાર, ફરમાવે તે તદત્તિ કરી અગીકાર કરજો, તેવા સદ્ગુરૂ પામી દીન થાઓ તેમની ખરા અ ત કરણુની ચાકરી ઉઠાવો, તમને તેથી વ્યવહારમા પણુ સુખના સાધનો સાનુકુળ થવાના તેમને છો, પૂજ્ય, એવા શબ્દોથી સમ્યક્ પ્રકારે સબોધો તેમની આજ્ઞારૂપ ભનામણુથી તમો અનંતિ ઋદ્ધિ પામવાનાજ તમો તીર્થની યાત્રા કરવા જાઓછો, તો હજારો સંકટો વેઠો છો તેવા સ્થાવર તીર્થ કરતા સદ્ગુરૂરૂપ તીર્થ ઓછુ સમજશો નહીં કારણુ ક तीर्थं फलति

कालेन सद्य साधुसमागम' અર્થાત્ તીર્થ તો કાળાંતરે ફળે છે એટલે તેમનું પૂજન ભક્તિ અન્ય ભવમાં સુખનું આપનાર થાય છે, અને સદ્ગુરુ રૂપ તીર્થ તો તુરત તેમના દર્શન કરતાં જ ફળ આપે છે તેમનો સંગમ થતાં અનેક પ્રકારની શંકાઓનું નિરાકરણ થાય છે અજ્ઞાન ટળે છે સમ્યજ્ઞાન મળે છે કર્મ અને આત્માનું સ્વરૂપ સમજાય છે વળી કહ્યું છે કે **ગુરુદીવો ગુરુદેવતા ગુરુવિણ ઘોર અંધાર.** શ્રી સદ્ગુરુ અંતરમાં અનાદિ કાળથી વ્યાપી રહેલ અજ્ઞાનરૂપ અંધકાર ટાળવાને માટે દીપક સરખા છે અને સદ્ગુરુ તે જ દેવ છે તમોને સદ્ગુરુ દેવ વિના આકાશમાંથી ઉતરીને કયો દેવ આ સમ્યજ્ઞાન અર્પવા આવશે શું ગુરુનું શરીર પણ તમારા જેવું ઔદારિક દેખી તેમાં દેવબુદ્ધિ નથી સ્થપાતી ? એ ગુરુબુદ્ધિ નથી તથાપિ તેમાં તમારો જ દોષ છે સમજો કે દેવના કરતાં પણ ગુરુ ઉપદેશ દાનમાં મોટા છે તેમાં ગુરુમહારાજે સમકિત ન આપ્યું તેથી તે મોટામાં મોટા છે વળી તીર્થંકર દેવને ગુરુની બાબતમાં પણ તમને આગળ જણાવ્યું છે સમકિત દાયક ગુરુ તેજ દેવ સમજવા તેમનો ઉપકાર કદી વાળી શકાતો નથી કહ્યું છે કે—

समक्तिदायकगुरू तणो, पच्चुवयार न थाय;
भयकोडाकोडी करे, करता कोटि उपाय.

આમ શ્રી યશોવિજયજી ઉપાધ્યાય જણાવે છે પુન પુન તે વાકયનુ મનન કરો સત્ય માર્ગને જે બતાવી મોક્ષપુરીમા પહોચાડે એવા ગુરૂનો ઉપકાર કોઇ જીવ કોઈ પણ ઉપાયે વાળી શકનાર નથી શ્રી મદ્દગુરૂ મહારાજ પાર્શ્વમણિ સમાન છે મારગની સૂર્યની, ચદ્રની, કલ્પવૃક્ષની ઉપમા શ્રી સદ્દગુરૂ મહારાજને આપી છે માટે સદ્દગુરૂની શ્રદ્ધાનડે તમે તમારા આત્મિક કાર્યમા પ્રવૃત્તિ કરજો શાત ચિત્તથી પ્રવર્તજો અપૂર્વ મહોદયનુ કારણ આ કાર્ય છે, એમ સમજી તમો પ્રવર્તજો તમારા આત્મોન્નતિના કાર્યમા શનૈ શનૈ ક્રમવાર પ્રવૃત્તિ કરજો તમને પ્રથમ તો આ કાર્યમા પ્રવર્તવુ અઘરુ લાગશે, પણ દરરોજ પ્રયત્નમા જેતા તમારા કાર્યમા તમને પ્રેમ થશે, અને જેમ જેમ તમને આત્મસ્વરુપમા પ્રેમ વધે તેમ તેમ તમે જાણજો કે હવે સસારથી દૂર થતો જાઉ છુ, અને આત્મસ્વરૂપ તરફ દોરાતો જાઉ છુ તમને આત્માની પૂર્ણપણે પ્રતીતિ થતા અનેક પ્રકારના બાહ્ય સકટો પ્રાપ્ત થતા તેનાથી તમો પોતાના સ્વભાવે અચલ રહી શકશો

તમો જેમ બને તેમ સત્પુરૂષોનો સગ કરશો સત્પુરૂષોની સગતિથી તમો આત્મોદય ઉન્નતિમા વિશેષ ચઢી શકશો, તમારૂ કાર્ય તમો સાવધાનતાથી સાધશો, તમારુ—

ાયમા દૈવયોગથી વિક્ષેપ નડે તોપણ તમો સામાપુરે ચાલજો આ કાર્યમા પ્રવર્તતા અસત્ પુરુષો તમારી હામી ગમે વા કહેશે કે તેને તો એક જાતની ભ્રમણા થઇ છે એમ કહેશે તો પણ તમો શરમશીલ થશો નહીં તમારૂ આત્મસ્વરૂપ ધ્રુવના તારાની પેઠે અચળ છે, સત્ય છે એક સ્વરૂપ છે એમ શ્રદ્ધા કરજો અનત તીર્થંકર જે થયા થાય છે અને થશે તે પણ આત્મસ્વરૂપના ધ્યાનથીજ પરમાત્મ-પ પામ્યા-પામે છે અને પામશે માટે એનુ પુનઃપુન ેમથી ધ્યાન કરજો

શાત સાનકુળ સમયમા રાત્રીએ તથા પ્રભાતે ઉપર ણા પ્રમાણે આત્મતત્ત્વનું ધ્યાન કરજો પદ્માસન વા સિદ્ધા સન વાળીને કોઇનો શબ્દ આવે નહીં એવી જગ્યામા બેસજો અને આત્મદ્રવ્યના ગુણ પર્યાયનું સ્મરણ કરજો સ્મરણ કરતા તુરત એક દિવસ વા બે દિવસમા તમને આત્માનુભવ ન થાય તો નિરાશ થશો નહીં તેમ ઉદ્યોગ ત્યાગશો નહિ, જીનો ગોટલો જમીનમા વાવ્યો કે તુરત કઇ કેરી આવ તી નથી તેમ મહેલમાટે પાયો ખોદ્યો કે તુરત કઇ મહેલ બની જતો નથી શાળામા નિશાળગરણું કરી અભ્યાસ કરવા બેઠા કે તુરત તમે એમ એ ની પરીક્ષા પસાર કરવાના નથી બી વાવ્યુ કે તુરત કઇ અકુરા ઉગી

નીકળતા નથી, હળવે હળવે પ્રયત્ન કરતા અનુક્રમે કાર્યની સિદ્ધિ થાય છે આત્મવિદ્યાના નિયમને નિરંતર યાદ કરો કે આત્મસ્વરૂપનો વિચાર કરતા તેનુ યથાર્થ સ્વરૂપ તમારા લક્ષ્યમા ન આવે, તો પણ તેનોજ વિચાર કરવાથી આત્મ સ્વરૂપ સમજવાનું બળ અંતઃકરણમા પ્રગટે છે, અને એને એ પ્રમાણે ધ્યાનનો પ્રયત્ન ચાલુ રહેતા જે અગમ્ય હોય છે, તેનુ કંઇક સ્વરૂપ ગમ્ય થાય છે, અને અંતે પ્રયત્ન સફળતાનેજ પામે છે, અને અંતઃકરણથી દૃઢપ્રત્યયપૂર્વક ભાવના કરજો કે આ દેખાતો દેશ તે મારો નથી જે આ દેશ બાહ્યચક્ષુથી દેખાય છે તેથી આત્માનો દેશ ન્યારો છે આત્માનો દેશ તો લક્ષ્યમા આવે એવો નથી, એટલે તે અલખ છે અનુભવજ્ઞાનથી તે અસખ્યપ્રદેશરૂપ વ્યક્તિવાળો આત્મ તત્ત્વ દેશ છે તેનો પ્રત્યય ઉપજે છે તમારા દેશમા સાત ભયમાનો કોઇ પણ ભય નથી માટે તે દેશનુ પુનઃ પુનઃ સ્મરણ કરજો તે સબધી નીચેનુ પદ સ્મરી જજો

पद

(अजपाजाप सुरता चाली-ए राग.)

अलखदेशमे वास हमारा, मायासे हम है न्यारा
निर्मलज्योति निराकार हम, हरदम हम ध्रुवका तारा॥१॥
सुरतासंगे क्षण क्षण रहेना, दुनियादारी दूरकरणी

सोऽहंजापका ध्यान लगाना, मोक्षमहेलकी निस्सरणी
पढना गणना सबहि जूठा, जब नहि आतम पीछाना
घर बिना क्या ज्ञान तमासा, लूणबिन भोजनकु खाना
आतमज्ञान बिना जग जाणो, मायामोहका अंधियारा,
सद्गुरुसंगे आतमध्याने, घटाभंतरमे उजियारा
सबसे न्यारा सब हममांहि, ज्ञाता ज्ञेयपणा धारे;
बुद्धिसागर धन धन जगमें, आप तरे परकु तारे

એમ અધ્યાત્મસ્વરૂપની ભાવનામાં લીન થવાથી તમને અત્યાનંદ નામ થશે અધ્યાત્મજ્ઞાન અને તેની રમણતાથી અતીન્દ્રિસુખની પ્રાપ્તિ થાય છે અધ્યાત્મવાસના મન નથી તેના સ્મરણથી અને તેના અનુભવથી જે સુખ થાય છે તે સુખની બરોબર દુનિયાનું કોઇ પણ સુખ નથી અને અધ્યાત્મજ્ઞાનીઓ જ તે શાશ્વત સુખ ભોગવે છે કહ્યું છે કે

श्लोक

अध्यात्मशास्त्रसंभूत,-सन्तोषसुखशालिन
गणयन्ति न राजान, न श्रीद नाऽपि वासवम् ॥१॥

ભાવાર્થઃ—અધ્યાત્મ શાસ્ત્રથી ઉત્પન્ન થયેલો જે સંતોષ સુખ તેને ભોગવનારા મહાત્માઓ રાજાઓ ધનને અને ઇન્દ્રને પણ હીસાબમા ગણતા નથી

વૈગી અધ્યાત્મજ્ઞાનભાવના તથા અધ્યાત્મશાસ્ત્રનુ સેવો

દૃષ્ટપણું બતાવવા શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કેઃ—

श्लोक.

वेदान्यशास्त्रवित् क्लेशं, रसमध्यात्मशास्त्रवित्;
भाग्यभृद् भोगमाप्नोति, वहते चन्दनं खरः ॥१॥

વેદ શાસ્ત્ર, વ્યાકરણ, ન્યાય વગેરે શાસ્ત્રના જાણનારા પંડિતો સામાસામી શાસ્ત્રાર્થ કરી અરસ્પરસ અહંતા અને મમતાના યોગે એક બીજાનું ખંડન કરતા તથા આત્મસ્વરૂપના અજ્ઞાન એવા ક્લેશને પામે છે, અને અધ્યાત્મજ્ઞાન થકી ઉત્પન્ન થયેલા વિવેકવડે; જેણે સ્વપરની વ્હેંચણ કરી આત્મસ્વરૂપનું જ્ઞાન મેળવ્યું છે, અર્થાત્ યથાર્થપણે અધ્યાત્મ શાસ્ત્રનું અનુભવપૂર્વકજ્ઞાન પ્રાપ્ત કર્યું છે, એવા અધ્યાત્મ શાસ્ત્રવેત્તા, ખરેખર સત્સુખના ભોક્તા બને છે. જેમ ચંદનના ભારને રાસભ ઉપાડી ક્લેશ પામે છે પણ ચંદનનો ભોગ તો ભાગ્યવંત પામે છે, એમ અધ્યાત્મશાસ્ત્રની તથા અધ્યાત્મ જ્ઞાનની શ્રેષ્ટતા બતાવી; વળી શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી અધ્યાત્મશાસ્ત્રનો વિશેષ મહિમા સ્તવતા કહે છે કેઃ—

श्लोक.

धनिनां पुत्रदारादि, यथा संसारवृद्धये;
तथा पांडित्यदृप्तानां, शास्त्रमध्यात्मवर्जितम्. ॥ १ ॥
अध्येतव्यं ... भाव्यं पुनः पुनः
अनुष्ठेय ... यो योग्यस्य कस्यचित्. ॥२॥

ભાવાર્થ:—ધનરત ગૃહસ્થોને જેમ પુત્ર સ્ત્રી પરિવારાદિક સંસારની વૃદ્ધિમાટે થાય છે તેમ અધ્યાત્મજ્ઞાન વર્જીત અભિમાની પંડિતોનો વ્યાકરણ, ન્યાયાદિક શાસ્ત્રાભ્યાસ પણ સંસારની વૃદ્ધિ અર્થે છે તે માટે તમારે અધ્યાત્મશાસ્ત્રનો અભ્યાસ કરવો, વારંવાર અધ્યાત્મ શાસ્ત્રોના રહસ્યની હૃદયમાં ભાવના કરવી અધ્યાત્મશાસ્ત્રના અર્થનું તમારે વારંવાર ચિંતવન કરવું અને અધ્યાત્મજ્ઞાન યોગ્ય જે પુરૂષ હોય, તેને જ્ઞાનીઓએ આત્મજ્ઞાન આપવું, જે કોઇ યોગ્ય સદ્ગુણી ઉત્તમ જીવ હોય, તેને અધ્યાત્મ શાસ્ત્રનો અર્થ દેવો, શિખવવો, અયોગ્યને અધ્યાત્મશાસ્ત્ર શિખવવું નહિ, અને અયોગ્યને આત્મજ્ઞાનની કુંચીઓ આપવી નહીં શ્રી મહાનિશીથસૂત્રમાં અયોગ્યને ઉપદેશ ન આપવો તે માટે કહ્યું છે કે યથા **महानिशीथे:**

गाथा.

आमे घडे निहित्तं, जहा जलं त घडं विणासेइ;
एवं सिद्धंतरहस्सं, अप्पाहार विणासेइ. ॥ १ ॥

કાચા ઘડામાં નાખેલું પાણી જેમ ઘડાનો નાશ કરે છે એમ અધ્યાત્મ તત્ત્વસિદ્ધાંતરહસ્ય પણ અયોગ્ય જીવને દેતાં આત્માનો નાશ કરે છે. “**જ અજોગસ્સ સુતત્થ**” અયોગ્યને સૂત્ર અને સૂત્રાર્થ જ્ઞાન ન આપવું કાર-

થકે તે જીવની યોગ્યતા વિના તે ઉંધો અર્થ ગ્રહે છે, પરપે છે, અને ઉલટું વર્તન કરી દુર્ગતિ જાય છે, માટે આત્માર્થી પુરૂષને અધ્યાત્મશાસ્ત્રનું જ્ઞાન દેવું, તેના રહસ્યનો ઉપદેશ આપવો, આત્મપદના અર્થી ભવ્ય પુરૂષે, તદ્દેતુ અને અમૃત-ક્રિયાનું સેવન કરવું, તદ્દેતુ અને અમૃતક્રિયાથી આત્મ-સ્વભાવ શુદ્ધ નિર્મળ પ્રકાશે છે.

ક્ષુદ્રતા, લોભ, રતિ, દીનતા, મત્સરીપણું, ભય, શઠતા, અજ્ઞાનતા, એ દોષોના સંગથકી જે ક્રિયા કરવામાં આવે છે, તે ક્રિયાનો આરંભ નિષ્ફળ જાય છે. એ દોષોથી આત્મગુણની વૃદ્ધિ થતી નથી, પણ ઉપરના દોષોનો પરિહાર કરી જે ક્રિયા કરવામાં આવે છે તે ક્રિયા સફળ થાય છે, આત્મસ્વરૂપની પ્રાપ્તિ જેનાથી થાય તેજ ક્રિયા આદેય જાણવી. મોક્ષમાર્ગને અનુસરનારી ક્રિયાનો ઉચ્છેદ કરવો નહીં. જેમ તેમ ધમાધમમાં પ્રવર્તવું નહીં. આત્મધર્મસાધ્ય જાણી પુદ્ગળમમતાને પરિહરવી, આત્મધર્મમાં રૂચિ થયા વિના પુદ્ગળ ઉપર થતી મમતા ત્યાગી શકાતી નથી. તમે શુદ્ધબુદ્ધિથી વિચારશો તો માલુમ પડશે કે જે વસ્તુ પ્રિય લાગે છે, તેની રાગ થાય છે. આત્મજ્ઞાન થવાથી આત્માજ પ્રિય લાગે છે, અને તેનું જ્યાં સુધી જ્ઞાન થયું નથી ત્યાં સુધી જડવસ્તુ પ્રિય લાગે છે. સર્વ જડવસ્તુઓ ક્ષણિક છે, એમ જ્યારે ખરેખર

ભાવાર્થ—ધનવંત ગૃહસ્થોને જેમ કે
વાગાદિક સસારની વૃદ્ધિમાટે થાય છે તેમ
જ્ઞાન વર્જીત અભિમાની પંડિતોનો આગ્રહ
શાસ્ત્રાભ્યાસ પણ સસારની વૃદ્ધિ અર્થ છે તે
અધ્યાત્મશાસ્ત્રનો અભ્યાસ કરવો વારવાર
શાસ્ત્રોના રહસ્યની હૃદયમા ભાવના કરી અધ્યાત્મ
અર્થ તમારે વારવાર ચિંતવન કરવુ અને અધ્ય
યોગ્ય જે પુરૂષ હોય તેને જ્ઞાનીઓએ આત્મજ્ઞાન આ
કોઇ યોગ્ય સદ્‌ગુરૂની ઉત્તમ જન હોય તેને અ
શાસ્ત્રનો અર્થ દેવો, શિખવવો અયોગ્યને અધ્યાત્મ
શિખવવું નહિ અને અયોગ્યને આત્મજ્ઞાનની કુચીઓ આ
નહીં શ્રી મહાનિશીથસૂત્રમા અયોગ્યને ઉપદેશ ન આપ
ત માટે કહ્યુ છે કે યથા **महानिशीथे**

गाथा.

आमे घडे निहित्त, जहा जलं त घड
पय सिद्धतरहस्स, अप्पाहार विणासेइ

કાચા ઘડામા નાખેલ પાણી જેમ ઘડ
એમ અધ્યાત્મ તત્ત્વસિદ્ધાતરહસ્ય પણ અ
તેના આત્માનો નાશ કરે છે "જ
नहायव ' અયોગ્ય ...

જો તે જીવની યોગ્યતા વિના તે ઉંધો અર્થ ગ્રહે છે, પ્રરૂપે છે, અને ઉંધુ વર્તન કરી દુર્ગતિ જાય છે, માટે આત્માર્થી પુરૂષે અધ્યાત્મશાસ્ત્રનું જ્ઞાન દેવું, તેના રહસ્યનો ઉપદેશ આપવો, આત્મધર્મના અર્થી ભવ્ય પુરૂષે, તદ્ધેતુ અને અમૃત ક્રિયાનું સેવન કરવું, તદ્ધેતુ અને અમૃતક્રિયાથી આત્મસ્વરૂપ શુદ્ધ નિર્મળ પ્રકાશે છે

ક્રોધતા, લોભ, રતિ, દીનતા, મત્સરીપણું, ભય, શઠતા, અજ્ઞાનતા, એ દોષોના મધ્યથકી જે ક્રિયા કરવામાં આવે છે, તે ક્રિયાનો આરંભ નિષ્ફળ જાય છે એ દોષોથી આત્માગુણની વૃદ્ધિ થતી નથી, પણ ઉપરના દોષોનો પરિહાર કરી જે ક્રિયા કરવામાં આવે છે તે ક્રિયા સફળ થાય છે, આત્મસ્વરૂપની પ્રાપ્તિ જેનાથી થાય તેજ ક્રિયા આદેય જાણવી. મોક્ષમાર્ગને અનુસરનારી ક્રિયાનો ઉચ્છેદ કરવો નહીં જેમ તેમ ધર્માધર્મમાં પ્રવર્તવું નહીં આત્મધર્મસાધ્ય જાણી પુદ્ગલમમતાને પરિહરવી, આત્મધર્મમાં રૂચિ થયા વિના પુદ્ગલ ઉપર થતી મમતા ત્યાગી જાતી નથી તેમ શુદ્ધબુદ્ધિયા વિચારશો તો માલુમ પડશે કે જે વસ્તુ પ્રિય લાગે છે, તેની રૂચિ થાય છે આત્મજ્ઞાન થવાથી આત્માજ પ્રિય લાગે છે, અને તેનું જ્યાં સુધી જ્ઞાન થયું નથી ત્યાં સુધી જડવસ્તુ પ્રિય લાગે છે સર્વ જડવસ્તુઓ ક્ષણિક છે, એમ જ્યારે ખરેખર

અંતઃકરણમાં શ્રદ્ધા થાય છે, ત્યારે તે વસ્તુઓના તરફ થતી પ્રવૃત્તિ દૂર થાય છે, અને આત્મધર્મ પ્રગટ કરવા પ્રવૃત્તિ થાય છે, અને પોતાના શુદ્ધ આત્મધર્મમાં પ્રવૃત્તિ થવાથી સમતાભાવ પ્રગટે છે, અને અનુક્રમે આત્મા પરમાત્મપદ પ્રાપ્ય કરે છે શરીરમનવાણીથી ભિન્નપણે વર્તતો આત્મા, ક્ષણે ક્ષણે અનંતસુખ ભોગવે છે, અને સર્વ પ્રકારના કર્મથી રહિત થઈ મોક્ષપદ પ્રાપ્ત કરે છે, હે ભવ્યઆત્મન્ '' મનુષ્યજન્મનો અમૂલ્ય એક સમય પણ માયામાં ફસી ફોગટ ગુમાવીશ નહિ

આત્મશક્તિ પ્રકાશ ગ્રંથ અંત્ય મંગલમ્—

श्लोक

पेथापुरे शुभे ग्रामे, विहित मासकल्पकम् ।
आत्मशक्तिप्रकाशस्य,-समारम्भः कृत शुभः ॥१॥
नेत्ररसनवेलाब्दे, वैशाखे शुक्लपक्षके
तृतीयायां समाप्तोऽयं, बुद्ध्यब्धिमुनिना कृतः ॥२॥

आत्मशक्तिप्रकाशग्रन्थः समाप्तः

॥ शुभंभूयात् ॥

રચના વિ સં ૧૯૬૨ વૈશાખ સુદિ ત્રીજ પેથાપુર.